ભજનઝરણાં

: પ્રકાશક :

વિ. સં. ૨૦૩૨ [વસંતપંચમી]
પ્રથમાવૃત્તિ ૧૯૭૬

કિંમત પાંચ રૂપિઆ

-: પ્રાપ્તિસ્થાન :-

શ્રી વિજયમહિમાપ્રભસૂરિ જ્ઞાનમંદિર.
નારાયણનગર રોડ, શાંતિવન બસ સ્ટોપ પાસે
પાલડી, અમદાવાદ-૭.



-: પ્રકાશક :-

શ્રી જૈન પ્રકાશક મંદિર
જશવંતલાલ ગીરધરલાલ શાહ.
૩૦૯/૪ દોશીવાડાની પોળ. અમદાવાદ.

મુદ્રક –
મંગલ મુદ્રણાલય
ફતેહભાઈની હવેલી,
રતનપોળ, અમદાવાદ

પ્રકાશકીય

દરેક વસ્તુના બે પાસા હોય છે. તેમ જીવનના પણ બે પાસા છે. એક અનુકૂલતા અને બીજી પ્રતિકૂલતા. જેને માનવ સુખ અને દુઃખના નામે ઓળખાવે છે.

માનવ સુખને ઈચ્છે છે, પણ સુખના સાધનોને ઈચ્છતો નથી. માનવ દુઃખને ઈચ્છતો નથી, પણ દુઃખના સાધનોને છોડતો નથી.

આ બંનેના ગજગ્રાહમાં સપડાયેલ દુનિયાને આપણા જ્ઞાની મહર્ષિઓએ બોધ અને ઉપદેશ દ્વારા અમીઝરણાં વર્ષાવ્યા છે. જેનાથી મુરઝાયેલ જીવન નવપલ્લવિત બને. માણસે શુ વિચારવું, શું ન વિચારવું. શું કરવું, શું ન કરવું. જીવન કેવી રીતે જીવવું, કેવી રીતે ન જીવવું. આમ માનવ પ્રભાતમાં જાગે ત્યાંથી રાત્રિએ સુવે ત્યાં સુધીની હરકોઈ બાબતનો આપણને માર્ગ બતાવ્યો છે.

માનવને રૂચિકર હોય કે અરૂચિકર હોય. અનુકૂલ હોય કે પ્રતિકૂલ હોય. છતા આપણા તારક મહાપુરૂષોએ ચિંતન મનન અને અનુભવથી લાગેલો સાચો રાહ જીવનભર ખરા દીલથી ચીંધવાનું કાર્ય કર્યું છે છતાં જગત એનું એ જ રહ્યુ છે. અલબત્ત વ્યક્તિગત રીતે વિચારતાં

આ પુસ્તક છે. રોજિંદા જીવનનો ઘરેડિયા રીતે સ્વીકાર નહિ, પણ 'દિવ્ય જીવન' અનુભવવા માટે આ જીવનનો હેતુ સ્વીકારી આ જીવનઝરણાંને અવિરત નિર્મળ રાખીને વહાવ્યા કરવાનું બોધન આ પુસ્તકનાં પાને પાને વહ્યું છે.

આરંભના ત્રણ લેખો–'આત્મદર્શન,' 'આત્મપ્રકાશ' અને 'આત્મરમણતા' જીવનના પારલૌકિક કે પારમાર્થિક ધ્યેયને સ્પષ્ટ કરનારા છે. પણ આ પરમ તત્ત્વ જે હૃદય–ગુહામાં નિહિત રહેલું છે. એને આ માનવદેહમાં અને આ જીવન દ્વારા જ પામવાનું છે, એ વાસ્તવિકતા એ લેખોમાં રચુકયા કરે છે. આ ત્રણ લેખો તત્ત્વ-બોધની સ્પષ્ટ ભૂમિકા પૂરી પાડે છે. એ પછીના લેખોમાં આચાર્યશ્રીનો ઉપદેશ વૈયક્તિક જીવનસાધનાનું માર્ગદર્શન આપવાનો છે. વૈયક્તિક સાધનામાં આચાર્યશ્રી સાધનની શુદ્ધિનો મહિમા દર્શાવે છે. પણ એ સાથે સાધ્ય પ્રત્યેની સભાનતા રાખવાનું સવિશેષ કહે છે મનુષ્યે પ્રાકૃતિક ગુણ–ધર્મોનું રૂપાંતર કરવાનું છે. માત્ર સાધનમય રહેતા લોકો માટેનું ભયસ્થાન દર્શાવતાં તેઓશ્રી કહે છે'

"ખૂબીની વાત તો એ છે કે લોકો પ્રભુનું નામ સ્મરે છે, માળા ફેરવે છે, અમૃત–અનુષ્ઠાનો આચરે છે, પરંતુ અંતરનું જોઈતુ પરિવર્તન થવું જોઈએ કે સ્વભા-વનો જે પલટો થવો જોઈએ તે નથી દેખાતો....ઘડીકમા ક્રોધ, તો ઘડીકમાં લોભ. આમ ક્ષણે ક્ષણેમાનવ અવનવા

[illegible]

[illegible]

[illegible]

[illegible]

સ્વાંગના રંગ સજે છે. જે રંગમાંથી નીકળી નિરંજન થવાનું છે એ વાત ભૂલી જવાય છે.' (પૃ૧૫૬)

આમ ધ્યેય પ્રત્યે સજાગ કરીને આચાર્યશ્રી ધર્મના હાર્દનું પ્રબોધન કરે છે. એમના એ પ્રબોધનમાં ગુણ અને ભાવનું મહત્ત્વ સ્વીકારાયું છે. એ આધુનિક યુગમા આધ્યાત્મિક સાધના માટે અનિવાર્ય અંગ છે.

અત્યારે આપણો સમાજ ધર્મ-વિધિના બાહ્યાચરણમાં અટવાઈ ગયો છે. એમાં સમાજ ગૂંગળામણ અનુભવતો નથી. અને ઊલટો નિરાંત અનુભવે છે. એ સ્થિતિ ઘણી જ ગંભીર છે. ધર્મનું લક્ષણ પ્રજા જીવનમાં-સમાજ જીવનમાં સાત્ત્વિક ગુણોરૂપે પ્રગટ થવું જોઈએ. સ્વાર્થ મોળો પાડીને પરમાર્થને મોખરે રાખવો, સાહસ, હિમ્મત, પરાક્રમ, ઉદ્યમ, ઉદારતા, શાંતિ, સહિષ્ણુતા જેવા ગુણો પ્રગટાવવા અને એ ગુણો ઉચ્ચ ભાવથી પોષણ પામે એવુ જીવવું, એ જ ધર્મ છે એ વાત આજે સમાજ વિસરી ગયો છે. કેળવણી પામેલા જુવાન વર્ગ પાસેથી પણ ધર્મની આ વિભાવના સરી ગઈ છે અને માત્ર દેખીતી વિડંબના દ્વારા ઉપહાસ અને ઉપેક્ષા થઈ રહ્યાં છે.

આપણા દેશના સાધુ સમાજે ધર્મના હાર્દ પરત્વે આપણા સમાજને અભિમુખ કરવામાં ઉપેક્ષા સેવી છે. અને માત્ર પરંપરામાં જ લોકોને ડૂબતા રાચવાનું રખાવીને

આ પુસ્તક છે. રોજિંદા જીવનનો ઘરેડિયા રીતે સ્વીકાર નહિ, પણ 'દિવ્ય જીવન' અનુભવવા માટે આ જીવનનો હેતુ સ્વીકારી આ જીવનઝરણાંને અવિરત નિર્મળ રાખીને વહાવ્યા કરવાનું બોધન આ પુસ્તકનાં પાને પાને વહ્યું છે.

આરંભના ત્રણ લેખો—'આત્મદર્શન,' 'આત્મપ્રકાશ' અને 'આત્મરમણતા' જીવનના પારલૌકિક કે પારમાર્થિક ધ્યેયને સ્પષ્ટ કરનારા છે. પણ આ પરમ તત્ત્વ જે હૃદય-ગુહામાં નિહિત રહેલું છે. એને આ માનવદેહમાં અને આ જીવન દ્વારા જ પામવાનું છે; એ વાસ્તવિકતા એ લેખોમાં રચુક્યા કરે છે. આ ત્રણ લેખો તત્ત્વ-બોધની સ્પષ્ટ ભૂમિકા પૂરી પાડે છે. એ પછીના લેખોમાં આચાર્યશ્રીનો ઉપદેશ વૈયક્તિક જીવનસાધનાનું માર્ગદર્શન આપવાનો છે. વૈયક્તિક સાધનામાં આચાર્યશ્રી સાધનની શુદ્ધિનો મહિમા દર્શાવે છે. પણ એ સાથે સાધ્ય પ્રત્યેની સભાનતા રાખવાનું સવિશેષ કહે છે. મનુષ્યે પ્રાકૃતિક ગુણ-ધર્મોનું રૂપાંતર કરવાનું છે. માત્ર સાધનમય રહેતા લોકો માટેનું ભયસ્થાન દર્શાવતાં તેઓશ્રી કહે છેઃ

"ખૂબીની વાત તો એ છે કે લોકો પ્રભુનું નામ સ્મરે છે, માળા ફેરવે છે, અમૃત-અનુષ્ઠાનો આચરે છે, પરંતુ અંતરનું જોઈતુ પરિવર્તન થવું જોઈએ કે સ્વભા-વનો જે પલટો થવો જોઈએ તે નથી દેખાતો....ઘડીકમાં ક્રોધ, તો ઘડીકમાં લોભ. આમ ક્ષણે ક્ષણે માનવ અવનવા

આ પુસ્તક છે. રોજિંદા જીવનનો ઘરેડિયા રીતે સ્વીકાર નહિ, પણ 'દિવ્ય જીવન' અનુભવવા માટે આ જીવનનો હેતુ સ્વીકારી આ જીવનઝરણાંને અવિરત નિર્મળ રાખીને વહાવ્યા કરવાનું બોધન આ પુસ્તકનાં પાને પાને વહ્યું છે.

આરંભના ત્રણ લેખો–'આત્મદર્શન,' 'આત્મપ્રકાશ' અને 'આત્મરમણતા' જીવનના પારલૌકિક કે પારમાર્થિક ધ્યેયને સ્પષ્ટ કરનારા છે. પણ આ પરમ તત્ત્વ જે હૃદય-ગુહામાં નિહિત રહેલું છે. એને આ માનવદેહમા અને આ જીવન દ્વારા જ પામવાનું છે, એ વાસ્તવિકતા એ લેખોમાં રજુક્યા કરે છે. આ ત્રણ લેખો તત્ત્વ-બોધની સ્પષ્ટ ભૂમિકા પૂરી પાડે છે. એ પછીના લેખોમાં આચાર્યશ્રીનો ઉપદેશ વૈયક્તિક જીવનસાધનાનું માર્ગદર્શન આપવાનો છે. વૈયક્તિક સાધનામાં આચાર્યશ્રી સાધનની શુદ્ધિનો મહિમા દર્શાવે છે. પણ એ સાથે સાધ્ય પ્રત્યેની સભાનતા રાખવાનું સવિશેષ કહે છે. મનુષ્યે પ્રાકૃતિક ગુણ–ધર્મોનું રૂપાંતર કરવાનું છે. માત્ર સાધનમય રહેતા લોકો માટેનું ભયસ્થાન દર્શાવતાં તેઓશ્રી કહે છે.

"ખૂબીની વાત તો એ છે કે લોકો પ્રભુનું નામ સ્મરે છે, માળા ફેરવે છે, અમુક–અનુષ્ઠાનો આચરે છે, પરંતુ અંતરનું જોઈતુ પરિવર્તન થવું જોઈએ કે સ્વભાવનો જે પલટો થવો જોઈએ તે નથી દેખાતો....ઘડીકમાં ક્રોધ, તો ઘડીકમાં લોભ. આમ ક્ષણે ક્ષણે માનવ અવનવા

સ્વાંગના રંગ સર્જે છે. જે રંગમાંથી નીકળી નિરંજન થવાનું છે એ વાત ભૂલી જવાય છે.'' (પૃ ૧૫૬)

આમ ધ્યેય પ્રત્યે સજાગ કરીને આચાર્યશ્રી ધર્મના હાર્દનું પ્રબોધન કરે છે. એમના એ પ્રબોધનમાં ગુણ અને ભાવનું મહત્ત્વ સ્વીકારાયું છે. એ આધુનિક યુગમા આધ્યાત્મિક સાધના માટે અનિવાર્ય અંગ છે.

અત્યારે આપણો સમાજ ધર્મ–વિધિના બાહ્યાચરણમાં અટવાઈ ગયો છે એમાં સમાજ મૂંઝવણ અનુભવતો નથી, અને ઊલટો નિરાંત અનુભવે છે. એ સ્થિતિ ઘણી જ ગંભીર છે. ધર્મનું લક્ષણ પ્રજા જીવનમાં–સમાજ જીવનમાં સાત્ત્વિક ગુણોરૂપે પ્રગટ થવું જોઈએ. સ્વાર્થ મોળો પાડીને પરમાર્થને મોખરે રાખવો, સાહસ, હિમ્મત, પરાક્રમ, ઉદ્યમ, ઉદારતા, શાંતિ, સહિષ્ણુતા જેવા ગુણો પ્રગટાવવા અને એ ગુણો ઉચ્ચ ભાવથી પોષણ પામે એવું જીવવું, એ જ ધર્મ છે એ વાત આજે સમાજ વિસરી ગયો છે. કેળવણી પામેલા જુવાન વર્ગ પાસેથી પણ ધર્મની આ વિભાવના સરી ગઈ છે અને માત્ર દેખીતી વિડંબના દ્વારા ઉપહાસ અને ઉપેક્ષા થઈ રહ્યાં છે.

આપણા દેશના સાધુ સમાજે ધર્મના હાર્દ પરત્વે આપણા સમાજને અભિમુખ કરવામાં ઉપેક્ષા સેવી છે. અને માત્ર પરંપરામાં જ લોકોને ડૂબતા રાચતાનું રખાવીને

"તમને પુણ્યે મળેલા પૈસા તમારા મોજશોખમાં વાપરશો તો તમને કોઇ ના પાડનાર નથી; પરંતુ દિવસે-દિવસે સમાજમાંથી ભ્રાતૃભાવ વિદાય થતો જાય છે અને એનું પરિણામ પણ વિષમ આવતું જાય છે. આજે મૂડીવાદ સામે સામ્યવાદ આવી રહ્યો છે. તે શું એની મેળે આવ્યો છે? ના. તમારી સ્વાર્થવૃત્તિના જ લીધે. જે સમાજની વચ્ચે જીવન જીવ્યા, સુખી થયા અને શ્રીમંત બન્યા. એ સમાજને ભૂલી જઇએ તો પરિણામ શું આવે?"
(પૃ. ૨૦૧)

આચાર્યશ્રીએ ધર્મના હાર્દને પકડયું છે. અને ધર્મજિજ્ઞાસુઓને તેઓશ્રીએ એ હાર્દ પ્રત્યે જ દોરવાનું કામ કર્યું છે. એટલે તેઓશ્રી સ્પષ્ટ કહે છે કેઃ

"કર્મબંધન વસ્તુમાં નથી પણ આસક્તિમાં છે."
(પૃ. ૨૭૫)

ઉચ્ચ જીવનનાં આવાં ઝરણાંનો પ્રસાદ જે શ્રોતાઓ પામ્યા હશે. એમનાં હૃદયે એ ક્ષણે તો મધુરતા અનુભવી જ હશે. હવે જ્યારે એ વાણી અક્ષરદેહ પ્રાપ્ત કરે છે, ત્યારે એ ઝરણાંનું વારંવાર આચમન કરવાનો લ્હાવો સુલભ બની રહે છે. આમ છતા ફરી જ ઘરેડમાં ન પડાય એની તકેદારી રાખવાનું સૂચવતું આ 'જીવનઝરણાં'નું એક આચમન કરવા જેવું છે

'કેવલ પુસ્તકો વાંચવાથી નહિ, કેવલ શાસ્ત્રો સાંભળવાથી નહિ, પણ એનો જીવનમાં અનુભવ કરવાથી જ આનંદ સાંપડશે ...આત્માનો અનુભવ કોઇને કહી શકાતો જ નથી. એ તો ભીતરમાં જ સમજવાની અને ભીતરમાં આનંદવાની બાબત છે." (પૃ. ૨૮૦)

આવા ભીતરના આનંદનાં જે ઝરણાં આ પાનાંઓ પર અક્ષરરૂપ પામ્યાં છે એમાં બીજી રીતે પણ રસાદ્રતા અનુભવાય છે વસ્તુતત્ત્વને સમજાવવા માટે આવતાં દૃષ્ટાન્તો, એને વધુ અસરકારક બનાવવા માટે કહેવાયેલી કથાઓ, અને એનાં તાત્પર્યદૃષ્ટાંતો આ ઝરણાંઓનાં ખળખળ વહનને એક પ્રસન્નકર સંગીત અર્પે છે.


આ ઉપદેશવાણી ક્યાંય પણ ભારે બની નથી. એ એના વક્તાના સરળ હૃદયનો પ્રભાવ છે. એ વાણી ક્યાંય પણ માત્ર સાંપ્રદાયિક બની નથી, પણ વિશાળ માનવજીવનના મૂળતત્ત્વને સ્પર્શનારી બની છે. એ જ એનું સાર્વત્રિક-મૂલ્ય છે. અને એ વાણી વ્યવહારુ છતાં અનિવાર્ય જીવન-સાધનાને પ્રેરનારી બની છે; એ જ એની ઉપકારતા છે.

એક વાચક તરીકે મારા આંતરપ્રતિભાવોને આ નિમિત્ત વ્યક્ત થવાની તક મળી છે, એથી હું કૃતાર્થ

લાગણી અનુભવું છું, પણ સાચું તો એમ અનુભવાયું છે કે સાધુહૃદયનાં વાગ્ઝરણાંની વચ્ચે સાંસારિક મનોદશા જેવા કંકરરૂપ આ શબ્દોથી મેં એક અવરોધ ઊભો કર્યો છે. એ માટે હું અંતરથી ક્ષમા ચાહું છું.

૩૨, પંચવટી, મણિનગર
અમદાવાદ–૮
તા. ૧૫-૧-૧૯૭૬

–રમેશ મ. ભટ્ટ
(ગુજરાતીના અધ્યાપક)
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
અમદાવાદ–૯



જીવનઝરણાં

[પ્રવચન સંગ્રહ]



પ્રવચનકાર

"શ્રીવિજયમહિમાપ્રભસૂરિ"

અનુક્રમ



આત્મદર્શન

માનવજીવન દુર્લભ છે. એમ દરેક શાસ્ત્રકારો જણાવે છે. જે સત્ય અને યથાર્થ છે, છતાં આપણો અનુભવ કહે છે, કે માનવ જેવું સસ્તુ પ્રાણી કોઈ નથી. કોઈક કારણ-સર આપણને એક માણસની જરૂરીયાત ઉભી થાય, તો ત્યાં સેંકડો માણસ હાજર થશે. એક ઓફિસમાં પચીશ માણસોની જરૂર હતી. આ માટે પેપરમાં જાહેર ખબર આપી, તો ત્યાં એક હજાર ઉપરાંત અરજીઓ પડી આ શું બતાવે છે?

એક દિવસ માટે તમારે સાયકલની જરૂર ઉભી થતાં, તે ચાર–પાંચ રૂપીયાથી ભાડે મળી જશે. જ્યારે એક માણસ જોઈતો હશે, તો બે અઢી રૂપીયામાં ભાડે મળી જશે. આનો અર્થ એજ થયો ને! કે એક મનુષ્યની અપેક્ષાએ સાયકલની કિંમત વધુ છે.

કલ્પના કરો? કે એક માણસ મહિને સવાસો રૂપીયા કમાય છે, તેની વર્ષની કમાણી પંદરસોની થઈ. ને સો વર્ષની કુલ કમાણી દોઢલાખની થઇ. આમ એક માનવીની કિંમત દોઢલાખની થઈ જ્યારે બીજી બાજુ એક હીરાની કિંમત બે–ચાર લાખ સુધીની હોઈ શકે છે. હવે તમે જ વિચારો! કે માનવની કિંમત વધી કે જડ હીરાની?

પરંતુ આ પ્રશ્નની બીજી બાજી પણ વિચારીયે. માનો કે હીરાની કિંમત બે લાખને બદલે બારલાખ પણ હોઈ શકે; પરંતુ હીરાને પરખનાર અને ખરીદનાર તો અંતે માનવ જ છે ને ? એટલે એ ન ભુલવું જોઇયે કે હીરા કરતાં હીરાને પરખનાર મોટો હોય છે. જો માનવને વસ્તુનું મૂલ્ય પરખવાની દૃષ્ટિ આવી જાય, તો હીરાના તેજને ઝાંખું પાડી શકે છે. તો આવા મૂલ્યવંતા માનવ-જીવનનો વિચાર કરવો જોઈ યે.

આપણને જે માનવજીવન મળ્યું છે. એના મૂલ્ય અંગે કદી વિચાર કર્યો છે? એક તત્વચિંતકે કહ્યુ, કે "ઇશ્વર પછી સ્થાન કોનું ? તો માનવનું. બીજુ સ્થાન ન તો દેવોને મળી શકે કે ન તો બીચારાં પશુઓને, તો પછી નારકીઓની તો વાત જ શી કરવી !

ઇશ્વર એટલા માટે મહાન્ છે કે માનવ જેવું પ્રાણી તેની ઉપાસના કરે છે. અને માનવ મહાન્ એટલા માટે છે, કે એ ઇશ્વર બનવા શક્તિમાન છે. માટે ઇશ્વર પછીનું બીજું સ્થાન માનવ જ પ્રાપ્ત કરી શકે છે.

કોઇ પણ વસ્તુનું મૂલ્યાંકન એના ભૌતિકસ્તર કે બાહ્યસ્તર પરથી નહિ, પરંતુ એના ગુણોના સ્તર પરથી જ કરાય છે તેના આધારે જ વસ્તુની ખરીદી-વેચાણ અને પાલન-પોષણ થાય છે.

જૈનદર્શનની દૃષ્ટિએ દેવભૂમિ કરતાં માનવભૂમિનું મૂલ્ય અધિક છે જો કે વૈભવ અને શક્તિની અપેક્ષાએ

માનવ-કરતાં દેવનું મહત્વ અનેકઘણું છે. તેમ છતા દેવ કરતાં માનવ મહાન્ છે. એના પાછળનું રહસ્ય જાણો છો?

તેમે જે ટાઈલ્સની જમીન પર બેઠા છો, એ સુંવાળી ધરતી તમને જરૂર પ્રિય છે. ખેતરની કાળી જમીન પસંદ નથી, કારણ ત્યાં તમારા કપડાં મેલા થાય; પરંતુ એ ન ભુલતાં કે સુંવાળી ધરતી પર ધાન્ય વાવશો, તો કઈપણ નહિ મળે. અને વાવેલુ બીજ પણ નિષ્ફળ જશે.

જ્યારે મેલી લાગતી કાળી ભૂમિમાં ધાન્ય વાવશો, તો ચાર મહિને એક દાણાના હજારો દાણા મેળવી શકશો. બસ આજ રહસ્ય દેવભૂમિ અને માનવભૂમિમા છે. દેવ ભૂમિ સુંવાળી ને સુંદર જરૂર છે, પણ પેદાશવિનાની છે. માનવભૂમિ કાળીમાટીની છે પણ પેદાશવાળી છે.

એમા આત્મસિદ્ધિના બીજ વાવશો, તો તેની પેદાશ થશે. સારૂં નરસું બીજ તમે આ જ ધરતીમાં વાવી શકશો. માનવ જો આત્મવિશુદ્ધિ તરફ વળે, તો પરપરિણતી દૂર કરી, સ્વપરિણતીમાં આવતો જાય છે. અને અંતે ઊર્ધ્વ-ગામી બને છે. જીવનની ઊર્ધ્વગમનની ઉત્કૃષ્ટ સાધના આ માનવજીવનમાં જ શક્ય બને છે.

નરકના જીવો વેદનાના સાગરમાં ડુબેલા રહે છે, જેથી ધર્મના તત્વને સમજવાની તક જ સાંપડતી નથી. તિર્યંચમાં અજ્ઞાનતાના આવરણને લીધે ધર્મના ઉદાત્તતત્વોથી દૂર રહે છે. તથા પરાધીનતાને લઈ કષ્ટમય જીવન જીવતાં ધાર્મિક અનુષ્ઠાનોથી વંચીત રહે છે. દેવસૃષ્ટિ તો પુણ્યના

ફળરૂપી ભોગોમાં રાચે છે. વૈભવ વિલાસની રંગભરી મસ્તીમાં દેવોને 'આધ્યાત્મિક જીવન તરફ જવાની ફુરસદ જ ક્યાં છે! એકમાત્ર મનુષ્ય જીવન જ એવું છે, કે જે ધર્મના ઉદાત્તતત્ત્વોને સમજવાની અને જીવનમાં ઉતારવાની શક્તિ ધરાવે છે.

હવે તમને માનવજીવનનું મૂલ્ય સમજાયું હશે! જે જીવન મળ્યું છે. એનાથી જો લેતાં આવડે તો મોક્ષ જેવી આત્માની પરમોત્તમ ચીજ મેળવી શકાય છે. આપણને જે ચીજ મળી છે, તેને કોઈ ભૌતિકસુખ પાછળ વટાવી ખાવાની નાચીજ ન સમજતાં. આ જીવન મેળવવા તો દેવો પણ પળે પળે ઝંખે છે.

"तओ ठाणाइ देवा पहेज्जा। माणुस्सभवं,आरियखेतं,सुकुलजम्मं

સ્વર્ગીય સુંવાળા સુખમાં રાચતાં દેવો, પણ આ ત્રણ વસ્તુ મેળવવા આતૂર હોય છે. પેલી મનુષ્યજન્મ બીજી આર્યક્ષેત્ર, અને ત્રીજી સુકુલમાં જન્મ, કેવી સુંદર વાત કહી? કે દેવ પણ માનવ બનવા ઝંખે છે ત્યારે માનવ?

માનવ એના તપ સંયમની સાધનાનું ધ્યેયબિંદુ અધિકતર દેવસુખો પ્રાપ્ત કરવામાં છે. તમારી આજની થતી ધર્મભાવના દેવ–દેવીની પ્રસન્નતા મેળવવામા થતી નથી ને? અર્થાત્ જે દૈવિકસુખો મળ્યા છતાં દેવ માનવ બનવા ચાહે છે. તો તમે માનવ બન્યા છતાં દેવના ભોગો મળે, એ માટે દેવ–દેવી પાછળ દોડતા તો નથી ને! જો દેવ

બનવા કે દેવના જેવા ભોગસુખો મેળવવા ચાહતાં હો, તો જાણી લો! કે-

"देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥"

દેવો પણ માણસને નમસ્કાર કરે છે, પરંતુ દેવો શું માનવની ચામડીના ચળકાટને નમે છે? નહિ. શારીરિક સૌન્દર્ય તો માનવની અપેક્ષાએ દેવોમાં અનેક ઘણું છે. ત્યારે શું વૈભવથી? એ પણ નહિ, વૈભવમાં માનવ દેવ કરતાં લાખો ઘણો પાછળ છે, શકિતની અપેક્ષાયે દેવ માનવ કરતાં હજારો ઘણો વિશેષ છે; પરંતુ દેવો નમે છે; કેવલ માનવમાં રહેલ અહિંસા-સંયમ અને તપરૂપી ત્યાગ ધર્મને જ.

સૌન્દર્ય-સંપત્તિ અને શકિતની અપેક્ષાએ માનવ દેવ આગળ વામણો ગણાય છે, છતાં માનવ જો પોતાની શકિતઓને મોક્ષત્વ પ્રત્યે કેન્દ્રિત કરે, તો આત્મ પુરુષાર્થના બળે અંતર્મુહૂર્તમાં કેવલજ્ઞાન-દિવ્યજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. મુક્તદશા મેળવી શકે છે. જ્યારે દેવ પાસે બધુય હોવા છતાં આવું મોક્ષત્વ મેળવવા આ જ માનવ જીવનમાં આવવું પડે છે.

આમ ચક્રવર્તિના સુખો ભોગવવા માટે બીજો ભવ પણ મળી જાય ખરો. તિર્યંચયોનિમાંથી પણ દેવલોકમાં જવાય છે, પણ મુક્તિ પામવા તો સાધન-સામગ્રી પૂર્ણ આ જ માનવજીવન ઉત્તમ છે. બીજું એવું એક પણ સાધન નથી કે જ્યાંથી મોક્ષે જવાતું હોય, અનુત્તર વિમાનમાં

બર્મામાં રાજ્યક્રાંતિ થઈ. ત્યાંના સરકારે લોકોની માલમત્તા પડાવી લીધી. ત્યાંના લોકો અહિં આવ્યા. તેમાંથી કોઇ લક્ષાધિપતિ હતા. કોઈક તો કરોડપતિ પણ હતાં, પરંતુ મેળવ્યું હતું, તે બધુય સરકારે લઈ લીધું હતું; અહિં આવ્યા બાદ તેમને ખાવાના પણ ફાંફાં હતા. જેઓ ઘણાને દેતાં હતાં, તેમને જ માંગવાના દિવસો આવ્યા. તો એવા કરોડપતિ થયા શા કામના ! ગમે તેટલું કમાયા, પણ સાથે લાવી ન શકાય કે સાથે લઈ જઈ પણ ન શકાય, તો તે કમાયા ન કમાય બરાબર છે.

અહિં આવીને ખુબ ભેગું કર્યું, પણ એ જ ચીજ અહિંથી જતી વખતે સાથે લઈ જઈ ન શકીએ, તો તે ભેગું કર્યું, તે ન ભેગું કર્યું બરાબર છે.

મહાપુરૂષો કહે છે, કે ભેગું જરૂર કરો ! પણ એવું ભેગું કરો કે વિદાય વેળાએ સાથે લઈ જઇ શકીયે. જ્ઞાનીઓ એમ નથી કહેતા, કે ભેગું ન કરો. ધર્મ એમ નથી કહેતો કે છોડી દો. જ્ઞાનીઓ તો એમ જ કહે છે, કે ભરાય એટલું ભરી લો ! ધર્મ એમ કહે છે, કે લેવાય એટલું લઇ લો ! આવો અવસર જીવનમાં ફરીવાર નહિ આવે, પણ ભેગું એવું કરો કે બધીય ચીજ છૂટી જાય, પણ મેળવેલું ન છૂટે. ધર્મમાં લેવાની જ વાત છે. છોડવાની નહિ. મેળ-વવાની જ વાત છે. મુકવાની નહિ.

આપણને સારૂં ગમતું હશે, તો નકારૂં છોડવું પડશે. કુંડીમાં ચણા ભર્યા હોય અને મોતી લેવા હોય; તો ચણા

છોડવા પડશે. કિંમતી ચીજ જોઈતી હોય, તો હલકી ચીજ છોડતાં શીખો! ચણા છોડયા સિવાય મોતી ક્યાંથી મળે? તેમ આનંદ મેળવવા માટે કષાય છોડયા વિના કેમ ચાલે? અશુદ્ધ ત્યાગ્યા સિવાય શુદ્ધ ક્યાંથી થવાય! અશુદ્ધ કે શુદ્ધ સાધનો જ અસિદ્ધિ કે સિદ્ધિનો નિર્ણય કરે છે. શુદ્ધ સાધનો દ્વારા ચિત્ત-શુદ્ધિ થાય. અને ચિત્તશુદ્ધિથી જ સિદ્ધિ મળે.

સાબુથી વસ્ત્ર ધોવો તો સ્વચ્છ થાય છે. પણ અંધારામાં સાબુ જેવા દેખાતાં કોલસાથી કપડું ઘસ્યા કરો, તો ઉજળું થાય કે કાળું? કપડું કેટલું ઘસ્યું એ કોઈ પૂછવાનું નથી. પણ સાધન કેવું વાપર્યું. એ જ પૂછાય છે. મહેનત કેટલી કરી એ મહત્વનું નથી, પરંતુ સાધન કેવું વાપર્યું એ જ મહત્ત્વનું છે.

સાધન હલકાં તો મહેનત નકામી. સાધન મેલા તો કાર્ય શુદ્ધિ ન થાય. શુદ્ધિ અને સિદ્ધિનો આધાર સાધનો પર છે. સાધનો પણ અસંખ્ય છે. આપણે પસંદ કરેલા ત્રણ સાધનોનો વિચાર કરીયે, કે જે સાધનો દ્વારા શુદ્ધિ થાય. શુદ્ધિ એટલે સિદ્ધિ.

માનવ એ સાધક છે. મોક્ષ એ આપણું સાધ્ય છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ આપણા સાધનો છે. સાધ્યરૂપ મોક્ષને સાધવા આ ત્રણેય સાધનો અનિવાર્ય છે. ત્રણમાંથી એકને પણ છોડી દેવામાં આવે, તો મુક્તિનો માર્ગ અસંભવ છે.

તિપાઇને તમે જાણો છો ને? જેના પર પાણીનું માટલું મૂકી રખાય છે. આ તિપાઈને એક પાયો નીકળી જાય તો શું હાલત થાય? માટલાના ટુકડે ટુકડા થઈ જાય. અને પાણી પણ ઢોળાઈ જાય. તેમ આધ્યાત્મની માટલી મૂકવા રત્નત્રયીની તિપાઇની જરૂર છે. તેનો એક પાયો તૂટ્યો તો "दुघाणं दाविग्राणं" ડુબે અને ડુબાડે

અંજન-મંજન અને રંજન આ ત્રણને જાણો છો ને? આંખે અંજાય તે અંજન. જેનાથી આંખનો પ્રકાશ વધે. દાંત મંજાય તે મંજન. જેનાથી દાંતની ચમક વધે. અને રંજન એટલે મનનો આનંદ. જ્ઞાન એ આત્માનું અંજન છે. જેનાથી આત્માનો પ્રકાશ વધે છે. દર્શન એ આત્માનું મંજન છે. જેનાથી આત્માનું તેજ વધે છે. સંશયાદિ દોષો દૂર કરી, દૃષ્ટિને શુદ્ધ કરે છે. અને ચારિત્ર એ આત્માને રંજન-નિજગુણોની રમણતાનો અર્થાત્ આત્માનંદનો અનુભવ કરાવે છે.

અગ્નિમાં ત્રણ ગુણો છે. પ્રકાશત્વ, દાહકત્વ અને પાચકત્વ. તેમ આત્માના ત્રણ ગુણો છે જ્ઞાનગુણ એ પ્રકાશત્વ છે જેથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર થતાં જ્ઞાનગુણથી આત્મા પ્રકાશિત બને છે. દર્શનગુણ એ દાહકત્વ છે જેથી અસત્ય ધારણાઓ અને સંશયાદિ દોષો બળી જતા, આત્મા શુદ્ધ થાય છે ચારિત્રગુણ એ પાચકત્વ છે જ્યાં લગી ચારિત્ર આવતું નથી, ત્યાં સુધી જ્ઞાનાદિગુણનું પાચન થતું નથી પાચન વિનાના જ્ઞાનાદિગુણ આત્માને હાનિકર્તા બને છે

સુવર્ણભસ્મ કે સાલમપાક ખાવામાં આવે, પણ પાચનશક્તિ વિના દેહને નુકશાન કરનાર નિવડે છે. વગર પચેલું અન્ન શરીરને ઝેર સમું છે. તેમ પચ્યા વિનાનું જ્ઞાન આત્માને ઝેરનું કામ કરે છે. માટે ચારિત્રદ્વારા જ્ઞાનાદિગુણનું પાચન જરૂરી છે

પ્રયાણમાં ત્રણની જરૂરત રહે છે. પાથેય-પૈસા અને પથરણું. આ ત્રણમાંથી એકની ખામી તો પ્રયાણ સુખરૂપ ન બને. તેવી જ રીતે માનવજીવન એ પરમ વિશ્રામધામનો યાત્રી છે, માનવજીવનનું પરમધ્યેય પરમપદનું છે. આ પરમપદનું ધ્યેય પાર કરવા રત્નત્રયીની અપેક્ષા રહે છે. સાધનાના પથ પર રત્નત્રયીનું મહત્ત્વ એક સરખું છે, અર્થાત્ આપણું સાધ્ય મોક્ષ છે. એ સાધ્યને સિદ્ધ કરવા સમ્યગદર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયી એ સાધન છે. પૂ. ઉમાસ્વાતી મહારાજ જણાવે છે કે-

"सम्यगदर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः"

પૂર્ણ વીતરાગદશાનો જેમને અનુભવ કર્યો છે. એવા પ્રભુ મહાવીરે કહ્યું છે, કે રત્નત્રયીની પ્રાપ્તિ એ મુક્તિની પ્રાપ્તિ માટે ઉંચામાં ઉંચો માર્ગ રત્નત્રયીની સાધના બતાવી છે.

સમ્યગ્દર્શન શી ચીજ છે! એક પ્રકારની આત્માની સુરંગી આપણે કોઈ ચીજ જોઈ અને ગમી ગઈ. જોયા પછી મેળવવાની ઝંખના જાગે છે. આ ચીજ કેવી રીતે મેળવી શકું, કેવા પ્રયત્નથી પ્રાપ્ત કરું. આવી રી

તરીકે જરૂર કામનું છે. આ શરીરની મહત્તા એટલા પૂરતી જ છે, કે આત્માને મોક્ષપુરી સુધી પહોંચાડે છે, જેમ કવર પેલા ચેકને એક ગામથી બીજા ગામે પહોંચાડવાનું કામ કરે છે. તેમ આ દેહ આત્માને મોક્ષપુરી પહોંચાડવાનું કામ કરે છે.

કવરને તમે ખુબ સારી રીતે સાચવજો. કારણ એમાં તમારો ચેક રહેલો છે પણ જ્યારે એવો સમય આવે કે બેમાંથી કોઈ ફાટી જાય, તો તે સમયે એવો નિર્ણય કરજો ? કે કવર ભલે ફાટી જાય પણ મારો ચેક ફાટવો ન જોઈયે.

દેહ અને આત્મા એકાંતમાં બેઠા હોય અને તમને એમ થાય કે આમાં મારા આત્માનો હ્રાસ થાય છે. તો તમે ગમે તેવા લાભને જતો કરશો. આત્માને બચાવવાની દષ્ટિ આવી ગયા પછી તમે ગમે તેવા પ્રલોભનો વચ્ચે હશો કે ગમે તેવી પ્રવૃત્તિમાં હશો, છતાં પ્રલોભનો કે પ્રવૃત્તિ સામે તમો અડગ અને અડોલ રહી શકશો.

વિશાલપુરી નગરી. ચંદ્રાવતંસ રાજા રાજા ધર્મપરાયણ હતા. એક દિવસ રાજા રાત્રિએ કાઉસ્સગ્ગમા આત્મચિંતન માટે ઉભા રહ્યા હતા. મનમા એક પ્રકારનો અભિગ્રહ-નિશ્ચય કર્યો જ્યાં સુધી દીવો બળે, ત્યાં સુધી કાઉસ્સગ્ગ પારવો નહિ. ધ્યાન પૂર્ણ કરવુ નહિ

એક પ્રહર પૂરો થયો દીવાનું તેલ ખુટવા આવ્યું. દીવો બુઝવાની અણી પર હતો. રાજા કાઉસ્સગ્ગ પાર-

વાની તૈયારીમાં હતા. એવામાં દાસી ત્યાં આવી ચડી. દીવાને બુઝાતો જોયો. જલદી જઈને તેલ લઈ આવી. દીવામાં તેલ પૂરી, વાટ સરખી કરી.

બીજો પહોર પૂરો થયો. ફરી દીવો બુઝાવવા આવ્યો. દાસી ત્યાં જ હતી. ફરજ પર હતી. રાજાજી ધ્યાનસ્થ હોય અને દીવો બુઝાઈ જાય તે ઉચિત નહિ. એમ સમજી દાસી પોતાની ફરજ યાદ કરી, ફરી તેલ પૂર્યું. દીવો ઝબકવા લાગ્યો.

એમ ત્રીજા પહોરે ફરી તેલ પૂરાયું. અને રાજાની વૃદ્ધ કાયા થાકથી કંપવા લાગી. પણ રાજાએ વિચાર્યું, કે રણમાં પીઠ બતાવે તે વીર નહિ, લીધી પ્રતિજ્ઞા મૂકે તે શૂર નહિ. મારો અભિગ્રહ-નિશ્ચય નહિ છોડું.

દાસી ખબરદાર હતી. ચોથે પહોરે સરલભાવે તેલ પૂર્યું. સવાર થઈ. દીપ બુઝાવા લાગ્યો. આ બાજુ રાજાનો શ્રમથી જીવનદીપ પણ બુઝાવા લાગ્યો. અનિદ્રાથી કાયા કાબુમાં ન રહી. રાજા ઢળી પડયા. પરંતુ રાજાનું પ્રાણ પંખેરું ઉડી ગયું. સાથે જીવન પણ ધન્ય ધન્ય બની ગયું. અને મૃત્યુ પણ ધન્ય બની ગયું.

જીવન અને મરણ વચ્ચે રાજા શાંત અને સ્વસ્થ રહ્યા. દેહ જાય તો ભલે જાય, પણ આત્માનો લાભ જતો નહિ કરું. આવી કસર-કેરના નાજુક સમયે દેહ-આત્માને સતત શાંત અને સ્વસ્થ રાખનાર તત્ત્વ કયું? આ જ આત્મદર્શન.

આ દૃષ્ટિ દ્વારા મૃત્યુ નજીક છતાં રાજાને જાણપણું હતું, કે મરણ એ બીજું કંઇ નથી, પણ ચીર આરામ છે. થાક લાગવા છતાં ઉંઘ ન આવે, તો ઉંઘ લાવવા માટે ગોળીઓ લેવી પડે છે. જો જીવન છે તો મૃત્યુ ન આવે, તો થાય શું ? મૃત્યુ એ પણ લાંબી ઉંઘ જ છે ને? ઉંઘ પછી ઉઠવાનું. મૃત્યુ પછી જન્મવાનું ઉંઘ ખરાબ નથી, તો મૃત્યુ પણ ખરાબ નથી. પણ એ બે વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. આ ભેદ જ્ઞાનની દૃષ્ટિથી જ સમજાય છે

તમે માત્ર આ દેહને-કવરને જ ઓળખો છો ને ? તે પણ આત્માને ચેકને ભુલીને ? આત્માની ઓળખાણ ન થાય, ત્યાં સુધી કશુંય નથી. જે પોતાને જ નથી પીછાનતો તે બીજાને કયાથી ઓળખી શકે ? હું આત્મા છું. હું પૂર્ણ જ્યોતિર્મય છું. હું ત્રણ કાળમા મરવાનો નથી. એવું પોતે પોતાને ન જાણે. તે બીજાના ચૈતન્યને શી રીતે જાણી શકે. જે પોતાને જ જડરૂપે જુએ અને માને કે પોતે પચભૂતનુ પૂતળું છે. તે પોતાના સ્વજનોને પણ પંચભૂતનું પૂતળું જ સમજે ને ? જે પોતાના ચૈતન્યને ઓળખે તે જ આત્મ-આત્મની સમજણ દ્વારા બીજાના ચૈતન્યના ચમત્કારને જુવે. અને એને થાય કે આ બધાયમા મારા જેવો જ આત્મા પડ્યો છે

જેને આવી સમજણ આવી જાય, તેને દુઃખનો કોઈ કારણ જ રહ્યો નથી, કર્મયોગે દેહના દુઃખો આવે ખરાં

એમ માનતા છતા આત્માને દુઃખ સ્પર્શી શકતું નથી. કારણ આવી સમજણવાળા માણસો માત્ર આત્માને જ જુવે છે.

માના ખોળામા ચાણક્ય રમતો હતો. એવામાં સાધુ મહારાજ આવ્યા. વહોરવા પધારેલ સાધુને જોઇ ચાણકયની માતા ઉભી થઈ, બાળકની ઉપર સાધુની દૃષ્ટિ પડી. બાળની દંતપંક્તિ જોઇ મહારાજ હસ્યા. મહારાજને હસવાનું કારણ ચાણકયની માએ પૃછ્યું સાધુએ દાંતને જોઈ જણાવ્યું કે બાળક મહાન સમ્રાટ્ થશે. એવા લક્ષણો દેખાય છે, મા આત્મલક્ષી હતી. માના મનમાં થયું, કે સમ્રાટ્ થવું એ એક ભવની વાત છે, પણ સમ્રાટ્ થયા બાદ સંહાર કરી દુર્ગતિ જવું એ ભવોભવની વાત છે. એના કરતાં સમ્રાટ્ જ ન થાય તો શું ખોટું છે. ? માએ કાનસ વડે બાળકના દાંત ઘસી નાંખ્યા. બાળકને દુઃખ થયું. મા બાળક માટે આ ભવનું નહિ પણ ભવોભવનુ હિત ચાહે છે. બાળકના આત્માના હિત માટે માએ કાળજું કઠણ કર્યું. ચાણક્ય સમ્રાટ્ ન થયો, પણ સમ્રાટ્નો સર્જક થયો.

બાળકનું જો શ્રેય ઇચ્છતા હો, તો એની પાસે મહાપુરૂષોના જીવનમાંથી તારવીને સુંદર આદર્શો મૂકો ? આ આદર્શ માટે એના મનમાં સુંદર વિચારો ઉભા કરો ? એની પાસે સારી વાતો, સારા વિચારો ને સારા આદર્શો નહિ મૂકો, તો એનું મન બીજા સ્થાને દોડશે. હલકા

વિચારો કરશે. સીનેમા-નાટકની નકલ કરશે. ખરાબ શીખશે. ને ખરાબ બનશે.

એક સંતનું રોજ પ્રવચન ચાલતું. એમા એક વૃદ્ધ બહેરો માણસ રોજ સૌથી પ્રથમ આવીને સંતની સામે જ બેસતો. એ વૃદ્ધ ભાંગ્યું તૂટ્યું સાંભળતો પ્રસન્ન થતો. અને પ્રવચન પુરૂં થતા સંતને વંદન કરી ઘરે જતો.

થોડા દિવસ તો કોઇ કંઈ ન બોલ્યું, પણ છેવટે એક નવયુવાનથી ન રહેવાયું. સમય મળતાં વૃદ્ધ નજીક જઈ યુવકે વિવેકથી પૂછ્યું. "દાદા? હું જાણું છું કે તમે કાને બરાબર સાંભળતા નથી. તો પછી તમે પ્રવચનમાં હાજરી આપો કે ન આપો બંને સરખું જ છે આ કરતા વધારે સુંદર તો એ જ છે, કે આપ ઘરે બેસી સુંદર ઉપદેશના કે મહાપુરૂષોના જીવન ચરિત્રોનું વાંચન કરો તો શું ખોટું છે?"

વૃદ્ધ શાંતિથી કહ્યું ભાઈ? એવુ વાંચન તો હું રોજ કરૂ છુ. અહિ સતની નજીક બેસવાથી થોડું ઘણું સાંભળવા પણ મળે છે પણ અહિં આવવાનો મારો ઉદ્દેશ જુદો છે

હું ઘરનો વડિલ છુ સામાન્ય રીતે વડીલના વર્તનની છાયા ઘરના સ્વજનો પર પડે છે વડીલના આચાર-વિચારને તેઓ વિશેષતયા અનુસરતા હોય છે તેથી આ રીતે અહિંઆ આવવાનો મારો હેતુ મારા સ્વજનો સત્સમાગમનો લાભ લે પ્રવચન દ્વારા સુંદર વર્તો,

સુંદર વિચારો, સુંદર આદર્શો ગ્રહણ કરે. અને મનને સુંદર રીતે કેળવી જાણે આવી પ્રેરણા આપવાનો છે.

આપણા સ્વજનો ઉપર સુવિચારો અને સુસંસ્કારોનું સિંચન કરવા કુટુંબના વડિલોએ ઉત્તમ પ્રકારના આચાર–વિચારોથી મન કેળવવું જોઇયે.

આજે ભેગા થયેલા તમારા સ્વજનો ગયા જન્મમાં સાથે હતાં, આવતે જન્મે પણ કોઈ સંબંધે સાથે મળવાના. આ જન્મમા સ્વજનનું સારૂં કરીયે તો આવતા જન્મમા તેઓ ઉંચા આવે. માટે આપણા બાળકોના મનમાં સુંદર આદર્શોનું બીજ વાવવાથી તેમની મનોવૃત્તિ–મનોભૂમિ પર તે વૃક્ષ બનીને આવે છે. વિચારોનું બીજ કડવું તો ફળ પણ કડવુ, વિચારોનુ બીજ મધુર તો ફળ પણ મીઠાં. માટે બાળકને સુવિચારો સુંદરવાતો અને સારા આદર્શો આપીને તેમનું મન તૈયાર કરવાનું છે. પહેલાં સુંદર મન પછી જ ધન. પણ આજે મન ઓછું છે ધન વધારે છે.

માનવ પાસે પૈસો વધે, સત્તા વધે, પ્રતિષ્ઠા વધે કે ડીગ્રીઓ વધે, એથી કલ્યાણ થાય છે, એમ જો કોઈ માનતું હોય. તો તે મોટી ભુલ થાય છે. આ બધુંય મળવું એ તો માત્ર પુણ્યના એક નિમિત્તરૂપ જ છે એને જો સાધ્ય-રૂપે ગણી નાંખો તો જીવનમાં આ એક અજ્ઞાનતા–ભ્રમણા જ છે. આત્મદર્શનવાળો તો એમ જ સમજે કે મળેલ પૈસા–સત્તા–પદવી કે પ્રતિષ્ઠા એ બધાય ભૌતિક સાધનો છે. બહારનું છે અને એ બધુંય જતાં સારા

આત્માનુ અંશમાત્ર ઓછું થતું નથી.

દુન્યવી સાધન છોડતાં પ્રભુ મહાવીરને નંદીવર્ધને કહ્યું, કે આવા સુંદર રાજ્યાદિ સુખના સાધનો છોડી જંગલમાં કેમ ચાલ્યા? આવો વૈભવ ત્યાગી તમે વનમાં શા માટે જાઓ છો? પ્રભુ મહાવીરે કહ્યું. કે જે દુનીયાનું રાજ્ય ચલાવવા બેસી જાય છે. તે આત્માનું રાજ્ય કરી કરી શકતા નથી. હું આત્માનું રાજ્ય મેળવવા આવ્યો છું, નહિ કે દુનીયાનું રાજ્ય ચલાવવા આ રાજ્ય સામે પીઠ ફેરવીશ તો જ આત્માનું રાજ્ય? મળશે. આ રાજ્ય અને તે રાજ્ય. બંને સાથે રાખી કોઈ મોક્ષ મેળવી શકતું નથી.

સૂર્યનું દર્શન કરવું હોય તો પડછાયાને પાછળ રાખવો પડે છે. પડછાયાને પકડવા જતાં નથી પડછાયો પકડાતો કે નથી સૂર્યદર્શન થતું. તેમ ભૌતિક સાધન રૂપ પડછાયાને પાછળ રાખે, તો જ સુર્યદર્શન થાય. બાકી ભૌતિક પદાર્થને વળગવા જતાં નથી ભૌતિક સાધનો પકડાતાં કે નથી આત્મનું દર્શન થતું.

જ્યા સુધી આત્મદર્શન નથી, ત્યાં સુધી માનવ પરને જ જુએ છે. આત્મદર્શન થાય એટલે સ્વને જ જુએ છે સમ્યગદર્શનથી આવું દર્શન ખીલે છે પછી માનવી પરને ભુલી, સ્વને જોતા શીખે છે. દેહને નહિ આત્માને જુએ છે. આત્મા એ સ્વામી છે દેહ એ દાસ છે આત્માએ આ શરીર ધારણ કર્યું છે.

દેહ ધારણ કરનાર આત્મા ધારે ત્યારે દેહને ફગાવી શકે છે, આત્માં દેહને ફગાવવા સ્વતંત્ર છે. જેમ સર્પે ધારણ કરેલ કાંચળી પળવારમાં ફગાવવા સ્વતંત્ર છે તેમ સર્પ કહે છે કે આ કાંચળી મારી છે. તેમ આત્મા કહે કે આ દેહ મારો છે. મારૂં એટલે આત્માથી ભિન્ન. મારાપણાની એકતા હોય તો તે સંબંધની છે. સંબંધ તૂટતાં આ આત્મા જુદો અને આ દેહ જુદો. સંબંધ પૂર્ણ થયો એટલે અંહભાવનું દુઃખ પણ ગયું. ઘણાય એવા સુંવાળા શરીરવાળા માણસો છે, કે જેનાથી અંશમાત્ર તાપ સહન ન થાય, પણ દેહનો સંબંધ તૂટતાં આત્મા આગળ વધે છે. અને દેહ અહીં પાછળ પડયો રહે છે. જેને સળગાવવામાં આવે છે, છતાં તે વખતે એ ફરિયાદ કરે છે? કે મારાથી આ તાપ સહન નહિ થાય?

આ વાત વિવેક દૃષ્ટિથી વિચારવા યોગ્ય છે જીવતાં સમજવાની છે. નહિ કે મૃત્યુ બાદ. દૃષ્ટા બનીને આ વસ્તુ જોવાની છે દૃષ્ટાને દૃષ્ટિ મળી જતા, આજે જે પોતાનું માને છે, તે પરાયું દેખાશે વસ્તુમાથી મારાપણું નીકળી જતા, નિર્મમત્વની શાંતિ મળશે. પછી દેહ પર થતું દુખ દેખાશે, પણ દુઃખનો સ્પર્શ નહિ થાય. દૃષ્ટા બની દેખનારને દુઃખ આવી પડે ખરૂં. પણ દુઃખ સ્પર્શે નહિ.

તે જાણે છે કે જે આવ્યું તે મારૂં ન હતું. એટલે એનો હર્ષ શો? તેમ જે ગયું તે પણ મારું ન હતું,

તો એનો ખેદ પણ શો? એ મારું હતું જ કયારે. દુનીયાના સાધનો તેના દીલ પર હર્ષ કે ખેદની અસર કરતાં નથી. કારણ એ દુનીયાને રંગમંચ માને છે.

નાટકના રંગમંચ પર જય અને પરાજય બને મળે છે, પણ નાટકના પાત્રોને એનો હર્ષ કે શોક હોતો નથી, રાવણનો પાઠ લેનારના હાથમાંથી સંપૂર્ણ લંકાનું સામ્રાજ્ય ચાલ્યું જાય છે, છતાં તેને લેશ માત્ર શોક થતો નથી. પરંતુ રસ્તે જતાં પાકીટમાંથી દશની નોટ પડી જાય તો ચિંતાતૂર બની જશે. અને એકાદ ટંકનું ભોજન પણ નહિ ભાવે કારણ ત્યાં મારાપણુ છે.

સામ્રાજ્ય જતી વખતે શોક નહિ કરનાર દશ રૂપીયા માટે કેમ રડે છે? કારણ તે સમજે છે કે નાટકનુ રાજ્ય તે સાચુ રાજ્ય ન હતું. તેનો મુગુટ બે કલાક બાદ ઉતરી જવાનો જ હતો. ત્યાં નિર્મમત્વ હતું. જ્યારે દશની નોટ સાચી હતી. પોતાની માની હતી. ત્યા મમત્વ હતુ તેથી તેનું થયેલું નુકશાન પોતાનું માનતો હતો. પોતાપણું ત્યા જ દુ.ખ છે. પરાયાપણું ત્યા દુઃખ નથી.

તેમ આત્મદૃષ્ટિવાળો આ સંસારને રંગશાળા સમજે છે. તે કેવળ દૃષ્ટા–પ્રેક્ષક રહે છે જેથી સંસારિક પ્રલોભનો તેને ચલિત નથી કરી શકતા. નાટકના પાત્રે રાજ્યને ખોટુ–પરાયું માન્યું. જેથી તેને રાજ્ય જતા દુઃખ ના થયું. જ્યારે પોતાના માનેલા દશ રૂપીયા જતાં દુઃખ થયું. સુખ-દુઃખ સાધનમા નથી, પણ સાધન પ્રત્યેનું મમત્વ છે.

નાટકનું રાજ્ય પોતાનુ નથીં, તો સંસારનું રાજ્ય પોતાનું કયાંથી ? આ સંસાર પણ પાંચ-વીશ-પચાશ કે સો વર્ષ પૂરતો જ છે ને? અંતે આ સંસાર પરાયો અને જવાનો-મૂકવાનો જ છે ને ? તો પછી સંસારનું ચલિત સુખ મળતાં હર્ષ શા માટે ? અને તે સુખ જતાં દુઃખ શા માટે ?

આત્માને ચલિત સુખની સત્ય પીછાન થઇ જતાં, તેને સુખ કે દુઃખ જેવી કોઈ વસ્તુ જ રહેતી નથી. તત્ત્વનો યથાર્થ પરિચય સંસારના સાચા સ્વરૂપની પીછાન, એ જ સમ્યગદર્શન. આવું દર્શન થતાં દુન્યવી મહેલ પણ જેલ જેવો લાગશે. ભલા ? તમે કહેશો ખરાં ! કે આ સંસારને મહેલ સમજો છો કે જેલ !

જેલને જેલસ્વરૂપે સમજનાર કેદી પણ એક દિવસ જેલથી છૂટી શકશે. જેમ એક અપરાધીને દશ વર્ષની જેલ થઈ હોય, જેમ જેમ દિવસ જતાં જશે, તેમ તેમ મૂક્તિનો દિવસ નજીક આવતો જશે. અને મનની પ્રસન્નતા વધતી જશે પણ જે જેલને મહેલ જ માનીને વર્તતા શીખે તેનો છૂટકારો થાય ખરો !

દર્શન એક એવી ચીજ છે કે જેથી માનવ સમભાવી બને છે, તે સંપત્તિની જેમ વિપત્તિને સ્વીકારે છે સમુદ્રમાં તરંગો ગમે તેટલા આવે, છતાં નૌકા તરવા તૈયાર રહે છે, તેમ જીવનમાં સંપત્તિની ભરતી કે વિપત્તિની ઓટ આવે, છતાં અમારી જીવનનૌકા તો તરવાની જ.

'આટલા માટે સમ્યગ્દર્શન પછી સમ્યક્જ્ઞાનની જરૂર છે. આત્મા શું છે? ક્યાં જવાનો છે? કેવી રીતે કર્મબંધન થાય છે? કેમ એ બંધનથી મૂક્ત થાઉં. મારૂં સાચું સ્થાન ક્યાં છે? તે જાણવાનુ છે. જ્ઞાન વિના વસ્તુના સ્વરૂપની જાણ ન થાય.

થોડા દિવસ પહેલાની વાત છે. એક વ્યક્તિને ત્યાથી મને તેડું આવ્યું. પરિચીત હોવાથી હું ત્યાં ગયો. એ ભાઈ મરણપથારીએ પડયા હતા. માંગલિક સંભળાવ્યું. મેં કહ્યુ ભાઈ? તમે હવે આ બધાય સાધન ઉપરથી મમત્વ ઉઠાવી લો? કઈક દાન કરવું હોય તો કરી લો? જે કંઈ સુજે તે ધર્મ સાધના [illegible] વાનનું સ્મરણ કરો? અને અંત સમયની થો [illegible] જેથી વિદાય સમયે [illegible] પો ન રહે.

[illegible] ત કહેતાં [illegible] આપ
એ [illegible] કે હું
આ [illegible] ા છે
મા [illegible] ો હું
જી [illegible] ધવું
હોય [illegible] રા

આર
કરો
વાણી

મેં કહ્યુ ભાઈ ! હજુ સો વર્ષ જીવો ! એવા સશક્ત છો, પણ જાગૃત રહો ! એટલું જ મારું સૂચન છે. મરવાના નથી, પણ મરવાનું આવે તો આત્માનું ન કર્યાનો પસ્તાવો ન રહે. ચાલો ! ત્યારે એમ કહી ધર્મની વાતો સંભળાવી, હું મારા સ્થાને આવ્યો. બે દિવસ પછી ખબર પડ્યા કે એ ભાઈ હૃદય બેસી જવાથી ઉપડી ગયા. બે દિવસ પછી ઉભા થવાની વાત કરનાર બે દિવસ પછી પાછા થયા. મૃત્યુ પામ્યા.

જેને મરતા આવડે તે જ જીવ્યો કહેવાય. એક તત્ત્વચિંતકે કહ્યું છે, કે અકસ્માતને બાદ કરતાં મને કોઈ પૂછે કે આ કેમ મરી ગયો ? તો હું કહીશ કે એ કેમ કરતા મરી ગયો એ કરતા એ કેવી રીતે જીવી ગયો ? મરણ એ તો જીવનનો છેડો છે. જીંદગીનું સરવૈયું છે. અકસ્માત મૃત્યુ એ તો પૂર્વજન્મનું કર્મ છે. એમાં માનવનું કશુય જોર ચાલતું નથી, પરતુ સામાન્ય રીતે તો જીવન જેવું જીવાય તેવું જ મૃત્યુ થાય વિવેકી માનવ જીવનનો અત સુંદર કેમ થાય, તેનો જ વિચાર કરે છે.

સૌ પ્રથમ એ જ નિર્ણય હોવો જોઈયે કે જીવન પરમશાતિનું ધામ છે. એ મેળવવા માટે આ જીવન એક યાત્રા છે. સમાધિપૂર્વકનું મૃત્યુ મેળવવા જીવન સમાધિમય જીવવું જોઈયે. એ માટેની તૈયારી જોઈયે. આ આત્મ-સમાધિ લાવવા પ્રથમ એ જ વિચાર કરવાનો કે હું આત્મા છું. મારા આત્માનો પરમવિકાસ સાધવા આ

ઉપાશ્રયમાં સુવું છું ત્યાં જ રહું છું. દેરાસરમા કલાકો કાઢું છું. એ ઉપરથી એમ ન માનતા કે એથી હું બહુ કમાણીવાળો છુ. હા! બેઠો બેઠો બીજુ જ કંઇ કરતો હોય છે કોણ શું કરે છે. એ જ જોતો હોય છે. એમ તો પૂજારી પણ ભગવાન પાસે જ રહે છે ને! તો શું એ તરી જવાનો.

પોતાને સમજયા વિના. પોતાની સ્વસ્થતા વિના. જે કંઈ કરીયે તે 'પર' છે. આપણાથી 'પર' છે, તે બધાયના સ્વભાવની ખબર છે. જેમ અગ્નિનો સ્વભાવ તો! ગરમ પાણીનો! તો ઠંડો. લીબુનો! ખાટો મરચાનો! તો તીખો. પણ એક આપણા આત્માનો કોઈ પૂછે તો કહે કે ખબર નથી. મારૂ સ્વરૂપ શું? મારમાં કઇ શકિત પડી છે? આવું જે ભાન તેનુ નામ જ સમ્યક્‌જ્ઞાન

જ્ઞાની અને અજ્ઞાનીનો આટલો જ ભેદ છે, કે જેટલો સળગતી અને બુઝાયેલી મીણબત્તી વચ્ચે છે. સળગતી મીણબત્તી પોતાને પ્રકાશિત કરે છે અને નજીક રહેલા પદાર્થોને પણ પ્રકાશિત કરે છે જ્યારે બુઝાયેલ મીણબત્તી નથી પોતાને પ્રકાશિત કરતી કે નથી પદાર્થોને

જ્ઞાની 'સ્વ' અને 'પર' બંનેને જાણે છે હું કોણ! મારો સ્વભાવ શો! મારા નિજગુણ ક્યા! જડનો સ્વભાવ શો! જડના ગુણ ક્યા! એનું ભેદજ્ઞાન સમજી શકે છે. જ્યારે અજ્ઞાની આત્મામને પોતાના સ્વરૂપને સમજી શકતો નથી, તે કેવલ જડની પાછળ જ દોડે છે [illegible]. જ્ઞાનની વ્યાખ્યા કરતા જણાવે છે કે—

"स्व-पर व्यवसायी ज्ञानं प्रमाणम् ॥"

સ્વ' અને 'પર'નુ નિશ્ચયાત્મક જ્ઞાન જ પ્રમાણ છે. આ પરિભાષા એ જ બતાવે છે કે આપણે 'સ્વ' અને 'પર'ના ભેદને જાણુતા શીખીયે. બુઝાઈ ગયેલા હજારો દીવડા કરતા સળગતો એક દીવડો સારો. બહારના માગેલા હજારો દીવડા કરતાં આત્માનું એક પ્રકાશ કિરણ મેળવવુ એ જ શ્રેષ્ઠ છે કે જે પ્રકાશ કિરણ વડે જીવન અને મરણ વચ્ચેના ભેદને સમજી દેહબંધનથી મુકત બની શકીયે અને દેહ-દ્વારા થતાં કર્મથી નિર્ભય બની શકીયે

એક વિદ્યાર્થી તક્ષશિલા ભણવા જતો હતો વિદાય આપતાં માનુ હૈયું ભરાઈ ગયું પણ મંગલ પ્રયાણ સમયે આંસુ ન પડે તેની ખુબ સાવચેતી રાખીને કહ્યુ, બેટા ? વિદાય આપતાં મારૂં હૈયું હાથ નથી રહેતું, પરંતુ માતા જો પુત્રને મમતાથી બાંધીને ભણવા ન દે તો એ મા વૈરી કે શત્રુ બની જાય છે "મારો દીકરો" કરીને બાળકનું તથા પોતાનું જીવન બરબાદ કરવું ન જોઈયે એટલે આત્મવિકાસ માટે જવાની રજા આપું છું, પરંતુ અંતે તો હું પણ મા છુ માટે દીકરા ! મારી એક વાત માનીશ ?

વિદ્યાર્થીએ કહ્યુ હા મા જરૂર માનીશ.

દીકરાના જવાબથી રાજી થતાં માએ કહ્યું. દીકરા ? બે વાતનુ ધ્યાન રાખજે ? પેલી વાત એ કે કદી જુઠું ન બોલીશ. અને બીજી એ કે પાપ સિવાય કોઈથી ડરીશ નહિ લોકો ભૂત-પ્રેતની નિર્બળ વાતો કરે છતાં તારૂં મન નિર્બળ બના-

વીશ નહિ. માનવ કરતાં આ જગતમાં કોઈ મોટું છે નહિ. માનવી આગળ દેવો પણ વામણા છે. માનવીના તપ આગળ ઇંદ્રાસનો પણ ધ્રુજે છે. દેવો પણ કંપી ઉઠે છે અને નાશ-ભાગ કરે છે. આવી ઉગ્રતપની શક્તિ દીકરા! માનવમાં જ પડેલી છે માનવ પોતાની શક્તિ ખીલવવા બેસે છે, ત્યારે વિશ્વ આખું થરથરી ઉઠે છે.

મહાન્ બનાવ સર્જાયેલો આવો માનવ કોઈથી ડરતો ફરે, એ કેમ સહેવાય! બેટા? તું પણ માનવ છે એટલે આ દુનિયામાં પાપ સિવાય કોઈથી ડરીશ નહિ અને સદા સાચું બોલજે? માના વચનો હૈયાના સિંહાસને સ્થાપી, માના ચરણમાં વંદન કરી દીકરો ચાલી નીકળ્યો

વિદ્યાર્થી નદી–નાળા, ગીરી–કંદરા, ગામને શહેર વટાવતો આગળ ને આગળ ચાલ્યો જાય છે હજી તો વનની વાટે હતો. ત્યાં માર્ગમાં સાત ચોરોનું જુથ મળ્યું. વિદ્યાર્થીને પકડયો, નજરે ચડ્યુ તે લઈ લીધુ, પછી પૂછ્યું અલ્યા? હવે કંઈ બાકી છે! પેલા બાળકે કહુ, ના ચોર લોકો આપ્યું તે લઈને ચાલતા થયા.

ચોરો થોડેક દૂર ગયા. ત્યા પેલા વિદ્યાર્થીને યાદ આવ્યું. અરે! હું તો જુઠું બોલ્યો! મેં કહ્યું કે મારી પાસે કંઈ નથી, પણ ખરી રીતે ઘણું છે. મારી માએ વિદાય વખતે ઉનના ડગલામા સીવી આપેલ ચાલીશ સોનામહોરો છે અને મેં તો એમને ના પાડી હવે શું થાય! માનું વચન હજી તો ભુલાયું નથી હજી તાજું છે.

ત્યાં તો હું મોટું જુઠાણું ચલાવું છું. મારાથી આ નહિ બને. અને માની આજ્ઞા પર પગ નહિ મુકાય. ચાલ ? તેમની પાસે જાઉ અને માફી માંગું. સત્ય વાત જણાવી દઉ. હજી તો તે નજીક જ હશે.

તરત વિદ્યાર્થી દોડયો. અરે! ભાઇઓ ઉભા રહો! ઉભા રહો ! એમ બુમ પાડવા લાગ્યો ચોર થ ભ્યા. આ ભાઈ! કહેનાર આપણુને કોણ મળ્યો. જયા ગાળ દે, ભાડે, ત્યાં વળી ભાઈ શબ્દ કેવો । માટે જરૂર છોકરાએ પકડાવવાનો પેંતરો રચ્યો જણાય છે. આમ સમજી ચોરો તો મુઠ્ઠીવાળીને નાઠા. આગળ ચોર પાછળ વિદ્યાર્થી. એ બુમો પાડતો જાય છે. અરે ભાઇઓ ? ઉભા રહો ! મારે તમને કઇક આપવું છે.

આમ ઘણે દૂર ગયા પછી ચોરોએ પાછળ જોયું. એકલા બાળકને જોતાં ઉભા રહ્યા અને પૂછ્યુ કેમ શું છે ? વિદ્યાર્થીએ કહ્યું. કે તમે મને પૂછયું હતું કે હવે તારી પાસે કંઈ છે ? મેં એ વખતે ના કહી, એ મારી ભુલ હતી. હજી મારી પાસે આ ચાલીશ સુવર્ણ મુદ્રાઓ છે. મારી માએ ઉનના ડગલામાં સીવીને આપેલી છે એ આ રહી લઈ લો ?

ચોરો તો આશ્ચર્યથી થીજી જ ગયા. હે ? એલા તુ ચાલીશ સુવર્ણમુદ્રાઓ, આપવા આવ્યો છે. અને તે પણ સામે ચાલીને ! તું પણ ખરો છે ! વિદ્યાર્થીએ કહ્યુ હું જયારે ઘેરથી ભણવા નીકળ્યો ત્યારે મારી માએ કહેલ કે તું જુઠું બોલીશ નહિ. તો શું મારી માના વચન કરતાં

આ સોનામહોર વધારે છે ! આ સોનામહોર આપતાં પણ મારી માનું વચન પાળી શકાય તો પણ મારે મન ઘણું છે.

પેલા ચોરો તો આભા જ બની ગયા. જેને માટે દુનીયા વલખા મારે છે. જેના ચળકાટ પાછળ માનવ તરફડે છે. જેને લેવા અંધારી રીતે આવા નિર્દોષને લુંટવા નીકળીયે છીયે. એવી સોનામહોરો માતાના વચન ખાતર. આ છોકરો લુંટાવી દે છે.

ચોરે બાળકને પૂછ્યું એલ્યા ? તને અમારી બીક નથી લાગતી ? અમારાથી તું ડરતો નથી ? વિદ્યાર્થીએ કહ્યુ. મારી માએ એક બીજી વાત પણ કરી છે. કે પાપ સિવાય બીજા કશાયથી તુ ડરીશ નહિ. એટલે હુ પાપ સિવાય કશાયથી ડરતો નથી. તમેય માણસ છો. તમને ય હાથ-પગ છે તમે ઠરી કરીને શું કરવાના ? કદાચ મારી નાંખો પણ એથી મારા આત્માને શું નુકશાન થવાનું ? પણ જો મારામાં પાપ આવે તો મને મોટું નુકશાન થાય.

આ સાભળીને ચોર લોકોના દીલ પીગળી ગયા. પત્થર મટી મીણ થઇ ગયા. એમને થયું કે આપણી ચોમેર ધાક છતા આ નાનકડો છોકરો જરાય બીક રાખ્યા સિવાય કેવું મીઠુ બોલે છે આ છોકરો કેવો નીડર છે. એ ભય એકલા પાપમા જ જુએ છે તો પછી આપણે શા માટે પાપ કરવા ? એટલે ચોરોએ છોકરાને કહ્યું. તારી ચાલીશ સોનામહોર તારી પાસે રહેવા દે ! અને કહે કે તું કયા જાય છે ભાઈ !

વિદ્યાર્થીએ કહ્યુ. તક્ષશિલા ભણવા. ચોરોએ કહ્યું ચાલ ! અમે તને મૂકવા આવીએ છીએ ચોરો મૂકવા ગયા. તક્ષશિલા પહોંચ્યા સાતેય જણાએ આચાર્યના ચરણમા વદન કર્યા. ને આંખમા આંસુ લાવીને કહ્યુ. તમારી વિદ્યાપીઠમાં ભણવા આવનાર આ વિદ્યાર્થીએ અમારા દીલ જીતી લીધા છે. અમારી આખ એણે ઉઘાડી નાખી છે આપ અમને જ્ઞાન આપો ? અમને સાચા માનવ બનાવો ? અમે તો અજ્ઞાન-દશામાં ઢોર જેવા બની ગયા છીએ. આપના વિદ્યાર્થીએ માનવતાનો પ્રથમ પાઠ તો અમને ભણાવ્યો છે આગળના પાઠ આપ ભણાવો ? અને આ સાતેય ચોરે અંતે તક્ષશિલાના રખેવાળ બની ગયા આ ચોરને માનવતાનો પાઠ ભણાવનાર વિદ્યાથીનું નામ હતુ અભયકુમાર.

ભૌતિક જ્ઞાન પદાર્થોને પોતાના માને છે. આત્મજ્ઞાન પદાર્થને પરાયા માને છે. ભૌતિક જ્ઞાનથી પ્રાપ્ત થયેલ સાધનો બંધનભૂત બને છે. જ્યારે આત્મજ્ઞાનથી પ્રાપ્ત થયેલ સાધનો બંધનમાંથી મુક્ત બનાવે છે આવુ જ્ઞાન એ જ સમ્યક્જ્ઞાન આ જ જ્ઞાન માનવને નિર્ભય અને નિર્મળ બનાવે છે.

જ્ઞાનના બે પ્રકારો છે. એક વિષય પ્રતિભાસ એટલે પદાર્થોને સ્પર્શતું જ્ઞાન. બીજુ આત્માને સ્પર્શતું જ્ઞાન. પહેલું વિષયોને સ્પર્શતું જ્ઞાન તો ભાડે પણ મળે સ્કૂલ-કોલેજમાં પણ મળે. પણ આત્મસ્પર્શી જ્ઞાન ભાડે નથી મળતું. એ માટે અંદર ડુબકી મારવી પડે છે. પોતાને જાણવો પડે છે.

'તું કોણ છે? તો કહે હું ચોરની પલ્લીનો સ્વામી છું 'તારા પિતા કયાં છે?' તો ચોરે કહ્યુ. એ બીમાર છે અને અત્યારે પલ્લીમાં છે. રાજાએ કહ્યું, મને પલ્લીમાં લઈ જા? ચોરનો રાજા એને પલ્લીમાં લઇ ગયો. રાજાએ પલ્લીપતિને પૂછ્યું. 'આ છોકરો કોનો છે?' પલ્લીપતિએ કહ્યું. 'એ મારો પુત્ર છે' રાજાએ કહ્યું, એ 'તમારો પુત્ર છે, પણ મને અનુભવ એવો થાય છે કે જાણે એ 'મારો જ પુત્ર' ન હોય.

પલ્લીપતિએ પૂછ્યું. 'તમે કોણ છો?' રાજાએ કહ્યું. 'હું વૈશાલીનો રાજા છું' પલ્લીપતિની આંખો ભીની થઇ એણે કહ્યું, વાત સાચી છે. આજથી પંદરવર્ષ ઉપર જ્યારે હું તમારી નગરીમાં લુંટ ચલાવવા આવ્યો હતો, ત્યારે એ લુંટમા આ સુંદર રાજકુમારને પણ ઉઠાવી લાવ્યો હતો. કારણ મને સંતાન ન હતું. મેં એને મારા પુત્રની ભાવનાથી કેળવ્યો. એ મારે મન પુત્ર છે. એને મન હું પિતા છું; પરંતુ આજે સાચા પુત્ર અને સાચા પિતાનું મીલન થયું.

રાજાએ નમ્રતાથી કહ્યુ. મારી રાજગાદી ખાલી છે. અને મારે પણ આ જ એકનો એક પુત્ર છે. એને હવે હું [illegible] પેલા પલ્લીપતિએ હર્ષથી કહ્યુ ઘણી સારી વાત છે કારણ મારો પુત્ર અને તમારો પુત્ર એક જ છે અને હવે એ ચોરને બદલે રાજા થાય છે એ જ ઠીક છે. રાજા એને લઈ ગયા. ધામધૂમથી નગર પ્રવેશ કરાવ્યો. સારા

દિવસે રાજ્યાભિષેક કર્યો. એ દિવસથી એ રાજા ગયો.

અહિં રાજકુમાર થવું નથી પડયું. રાજકુમાર તો હતો જ. એને જાણુ ન હતી. હવે જાણુ થઈ કે હું રાજકુમાર છું. આજ સુધી એ ભ્રમણુમા હતો હવે જાણુ થતાં લોકોના ઘરમાં ઘુસી લુંટતો નથી. એ હવે કહે છે, કે આ આખું રાજ્ય મારૂં છે. આનો સ્વામી હું જ છું. કારણુ એને જાણુપણું થયુંએ. ને અવબોધ થયો. એને જ્ઞાન થયું. અર્થાત્ એમ જ કહોને કે એને એના સાચા સ્વરૂપનું ભાન થયું. જે સમયે એને ભાન થયું એ જ સમયે એ સ્વામિત્વ ભોગવે છે. રાજ્યના લોકોને આજ્ઞા કરી કરી શકે છે કે હવે હું રાધિજારાજનું ગૌરવ અનુભવી શકું છું. જે અંધારામાં ચોરે વૃત્તિથી આવતો જતો હતો, તે હવે સ્વામી થઈ હુકુમ કરી શકે છે.

આપણે પણુ એટલું જ જાણી લેવાનુ છે કે હું આત્માની અનંત સમૃદ્ધિનો સ્વામી છું. હુ પરમાત્મ સ્વરૂપ છું. પછી આપણે વિષયોના અંધારામાં અટવાવું નહિ પડે. આપણે જો પોતે જ પોતાને પાપી.માન્યા કરવાના. તો પાપીની જેમ જ જીવવાના ને? જે પોતાને ચોર માને એ ચોરી જ કરે ને? બીજું શું કરે?

આપણુને આપણા સ્વરૂપનું વિસ્મરણુ થયું છે, આ વિસ્મરણે જ માણુસને ઘણો નીચે ઉતારી દીધો છે. કે ચોરની જેમ આજે વર્તન કરે છે. જે ખરી રીતે સમ્રાટ્ છે. એ વાત જ વિસરાઈ ગઈ છે. જેથી બહારના સાધનમાં

ગુંગળાઈ રહ્યો છે. દાસત્વ અનુભવી રહ્યો છે. બહારની માંગી લીધેલી ભાડુતી ચીજને પોતાની માની બેઠો છે. જે અંદરની નિર્બળતા છે.

માગીને લાવ્યો હોય એ માણસ હૃદયથી મનથી વ્યકિતત્વથી અને વચનથી દીન બની જાય છે. વળી જે ઉછીના દાગીના પોતાના નથી તે સાચવવા માટે માણસ લાચાર બને છે, કારણ કે જેના એ અંલકાર છે, એનો એના ઉપર ઉપકાર છે.

આવા દાગીનાથી કદાચ દેહ દીપશે, પણ અંદર દીનતા વધશે લોકો બહારથી કદાચ વાહ વાહ કહેશે, પણ અંદર પરવશ બનતો જાય છે. અને અંદરનું તેજ ધીમે ધીમે નષ્ટ થતું જાય છે. અને પર તત્વ નીચે દબાતો જાય છે.

જ્યા સુધી આત્મદશા નથી ત્યા સુધી તમે ગમે તે પ્રવૃત્તિ કરો, ગમે તેટલું આચારણ કરો, છતા તે બધુય બાહ્ય છે. ઉપર ઉપરનું છે. પરોપાધિરૂપ છે. માંગી લીધેલા દાગીના છે. એક જાતનો સોજો છે. અને સોજો એ તંદુરસ્તીની નિશાની નથી. જે બહારના સોજાથી માંદગી વધારવી, એ કરતાં પાતળા બની મશકત બનવું શું ખોટું છે !

પરોપાધિનું-બાહ્ય સંપદનું દુઃખ એ જ છે, કે જે બહારથી દેખાય સારો પણ અંદર નબળો બનતો જાય છે આથી એની સરખામણી સોજા સાથે કરવામા આવે છે. એમ ર માનવીને સોજા આવ્યા હોય તો ગરમ અને જાડો દેખાય, આપણને એમ જ લાગે કે આ દેહ તંદુરસ્ત બની

ગયો છે! મસ્ત બન્યો છે! પણ એ તો સોજો છે. ક્ષમતાકાતની નિશાની છે. અવસ્થતાનું લક્ષણ છે. સોજાવાળો સરસ દેખાય છે, પણ સ્વસ્થ તો નહિ જ. સરસ અને સ્થસ્થતામા આટલો ફેર છે, પરોપાધિ સરસ છે, પણ સ્વસ્થ નથી. જ્ઞાનીઓ કહે છે કે તું સરસ દેખાવા કરતાં સ્વસ્થ બની જા! તું જો સ્વસ્થ હઈશ તો સરસપણું આવી જશે, સ્વસ્થતા વિનાનો માનવી સુંદર વસ્ત્ર પહેરે, સુંદર અલંકારો ધારણ કરે, સુગંધિત દ્રવ્યોનો ઉપયોગ કરે, પણ જ્યા અંદર જ બીમાર છે. ત્યાં સુધી મુખ ઉપર તાજગી, મનમા ઉલ્લાસ અને અંગે અગમા ઉત્સાહ પ્રગટવો જોઈયે, તે નહિ પ્રગટે

તો જે વસ્તુથી આપણા આત્માને લાચારી ભોગવવી પડે, આત્મશક્તિનો હ્રાસ થતો જાય, તથા વસ્તુ મળવાથી આત્મા સમૃદ્ધ થવાને બદલે આત્મા નિર્બળ બનતો જાય, એ બધીય વસ્તુ 'પરોપાધિ' છે. માંગી લીધેલી ચિંતા છે. આ વાત જો બરાબર સમજાઈ જાય, તો સત્તા માટેનું, સંપત્તિ માટેનું અને સાધન માટેનું જે પ્રલોભન છે. તથા પદવી અને સ્થાન માટેનું જે આકર્ષણ છે, તે જરૂર નીકળી જાય. અને જીવન આરિસા જેવું સ્વચ્છ બની જાય.

તમે જાણો છો! આરિસા સામે રહેલ વસ્તુનું કાચ સ્વાગત કરે છે, પણ સ્વીકાર નથી કરતો. સામે ઉભેલ વસ્તુનું નિર્મત્વભાવે પ્રતિબિંબ ઝીલે છે. તેમ આરિસો આપણને જીવનનું દષ્ટિબિંદુ આપે છે તમે મારા જેવા આદર્શરૂપ બની જાવ! જે માણસ સ્વાગત નથી કરતો અને સ્વીકાર કરે છે, તે મુક્ત થવાને બદલે બધાઈ જાય છે.

સ્વીકાર કોઈનો ય ન કરો? સ્વાગત સૌ કોઈનું કરો? સંપત્તિ આવે તો આવવા દો? સત્તા આવે તો આવવા દો? માન કે અપમાન આવે તો આવવા દો? ગમે તે આવે તો ભલે આવે. આવે છે તો સ્વાગત છે. ચાલી જાય તો સ્વસ્થતા છે.

નદીનો સ્વભાવ વહેવાનો છે, તેને વહેવા દો! પણ એમાં તણાઇ ન જવાય, ડુબી ન જવાય, એ જ જોવાનું છે. એમ જીવનનો સ્વભાવ વહેવાનો છે, એને વહેવા દો! પણ પુણ્ય-પાપથી આવતા સાધનોમાં તણાઈ જવાય કે ડુબી ન જવાય એ જ વિચારવાનુ છે. જેથી પરોપાધિથી બચી જીવન સ્વચ્છ અને સ્વસ્થ રહી શકે.

આપણે જન્મથી જ સ્વચ્છ અને સ્વસ્થ છીયે. પરમાત્મા સ્વરૂપ જ છીયે. સામાન્ય લોકોક્તિ પણ છે, કે જે ઘણીવાર આપણે બોલતા હોઇયે છીયે. 'જીવ તે શીવ' 'આત્મા તે પરમાત્મા' અને 'ખુદ તે ખુદા' આ લોક કહેવતો આપણી શક્તિનું દર્શન કરાવે છે. આવું સ્વશક્તિનું દર્શન થઈ જાય, તો તમે જ રાજકુમાર છો. માત્ર તમે જાણી લો! જે ઘડીયે તમે જાણી લીધું તે જ ઘડીયે તમે હુકમ કરવા મંડી જશો પછી તમારી ચોરવૃત્તિઓરૂપ પરોપાધિનો સ્વીકાર નીકળી જશે આ શક્તિનું દર્શન એ જ સમ્યક્ જ્ઞાન અને એ આવું સમ્યક્જ્ઞાનરૂપ આત્મજ્ઞાનની પ્રાપ્તિ એ જ જીવનનો હેતૂ છે.

ક્ષમાના અર્થે, સ્વમાં ખોવાઇ જાય, વિશ્વને ભુલી જાય, તે જ આ મહાપૂર્ણતાનો કેવળજ્ઞાનનો પાયો છે જેમાં પુણ્ય પાપ

કર્યા હોય, કષાયોથી ભરપૂર હોય, છતાંય આત્મ સમજણના બળે કેવલજ્ઞાન પામ્યા છે. આવું દષ્ટાંત દઢપ્રહારીનું છે. જેણે બ્રહ્મહત્યા–સ્ત્રીહત્યા–બાલહત્યા અને ગૌહત્યા એકી સાથે કરેલ, આ ચારે જણને મારીને નરકનો અધિકારી બન્યો હતો. છતાં તે આત્મજાગૃતિના બળે, આત્મજ્ઞાન પામી મુકિતને પામનારો બન્યો છે.

આ દઢપ્રહારી એક બ્રાહ્મણનો પુત્ર હતો. નાનપણથી જ તોફાની અને ઉપદ્રવી હતો. જેથી માબાપે કટાળીને કાઢી મૂકયો હતો. શરીરથી સશકત, મજબુત બાધાવાળો, ઉંચો અને મજબુત એવો દઢપ્રહારી ફરતો ફરતો જંગલમાં ચાલ્યો જાય છે. ત્યા ચોરનો સરદાર એવા પલ્લીપતિએ જોયો. પલ્લીપતિએ પૃછયું, તું કયાં જાય છે? તારે શું જોઈયે છીયે? દઢપ્રહારીએ કહ્યુ, મારે આશ્રય જોઈયે છીયે. માત્ર એક આધાર શોધું છું. આધાર અને આશ્રય મળશે ત્યાં જઈશ.

પલ્લીપતિએ એના દેહનો બાધો, ખમીરવંતી કાયા જોઇ પોતાને ત્યાં સાથે રાખી લીધો. એને પોતાના ધધામાં આવા નીડર અને સશકત માણુસની જરૂર હતી, લુટફાટ મારામારી ને ચોરી એ જ જેનો ધધો હતો. એને તો આવો માણુસ ખુબ જ કામમા આવે. જેને જેવો જોઇતો હતો, તેવો તેને મળી ગયો. સૌને સૌના અનુકૂલ મળી રહે છે. અફીણીયાના ચોરે અફીણીયાઓ મળી રહે. દારૂડીયાના પીઠામાં દારૂડીયા મળી રહે. જ્ઞાનીઓના દરબારમાં જ્ઞાનીઓ મળી

જાય છે. અને ભકતોને પોતાના જેવા ભકતો જડી જાય છે.

તો પલ્લીપતિને જરૂર હતી, એવો માણસ દઢપ્રહારી મળી ગયો. પ્રકૃતિ પ્રમાણે માણસને માણસ મળી જાય, એમનો મેળ પણ બેસી જાય, એવા સંજોગો ઉભા થાય છે. પ્રકૃતિ સંજોગો ઉભા કરે છે. જ્ઞાનીઓ કહે છે, કે પ્રકૃતિ બદલો? સંજોગો આપોઆપ બદલાઇ જશે. પ્રકૃતિ વિકૃત હશે તો સંજોગો પણ એવા જ ઉભા થશે તાણાવાણા બદલો તો કપડું સારૂ બનશે, પરંતુ મૂળમાં જ ખામીઓ હશે, તો એમાથી ઉત્પન્નથનારી વસ્તુઓ પણ ખામીવાળી ઉત્પન્ન થશે. મૂળમા જો ખામી નહિ હોય, તો વસ્તુઓ પણ ખામી રાહત ઉત્પન્ન થશે,

દઢપ્રહારી પલ્લીપનિ સાથે રહે છે. ચોરી કરવી, લુંટફાટ ચલાવવી, મારામારી કરવી, એ જ એનો ધંધો થઇ પડયો પ્રચંડ મજબુત બાંધો, જબરી તાકાત, સામનો કરે કે પ્રહાર કરે, તેનો ભુકકો બોલાવી દે. એનો ઘા કદીય નિષ્ફળ ન જ જાય, એટલે લોકો એને દઢપ્રહારી કહેતા

દિવસો જતાં પલ્લીપતિ મૃત્યુ પામ્યો આખી ટોળીનો સરદાર દ્રઢપ્રહારી બન્યો

એકવખત એક ગામમાં એ ટોળીસાથે ચોરી કરવા ગયો. કશું ય મળ્યું નહિ મહેનત કરીને બધાય થાકયા હતા, એટલે ભૂખ પણ ખૂબ લાગી હતી દઢપ્રહારીએ એના માણસોને ખાવાનું શોધી લાવવા કહ્યું

આ ગામમા એક બ્રાહ્મણ રહે એને પાંચસાત બાળકો હતા ઘરમ કંઈપણ સાધન નહિ અનાજ પણ મળે નહિ. જેમ

તેમ દિવસો વિતાવે. માંગી લાવીને પૂરું કરે. તેને જુદા જુદા ઘરેથી દુધ–સાકર ને ચોખા લાવી ખીર બનાવેલ.

આ બાજુ બાળકો રાહ જોયા કરે, ક્યારે તૈયાર થાય અને ખાવા મંડીયે. તૈયાર થતી ખીર ખાવા બાળકો કુંડાળુ વળી ખીર ખાવાની રાહ જોતા બેઠાં છે. બ્રાહ્મણે ખીર તૈયાર કરી, બાળકોને કહ્યું, કે હું નદીએ નાહી આવું પછી તમને ખીર ખાવા આપું. એમ કહી બ્રાહ્મણ નાહવા ગયો.

બીજુ બાજુ એના માણસો સાથે દ્રઢપ્રહારી ઘરમાં દાખલ થયો. એ ભુખ્યો હતો. ખીરનું વાસણ ઉપાડી લીધું. આ જોઇ બાળકો રાડારોડ કરવા લાગ્યાં, અને બહાર જઈ એમના બાપને કહ્યું, બ્રાહ્મણ દરવાજા પરનો લોખંડનો ભુંગળ લઇને અંદર આવ્યો. દ્રઢપ્રહારીએ બ્રાહ્મણને આવતા જોયો. મારો વિરોધ કરનાર આ મગતરું કોણ ! એમ ક્રોધમાં તલવારનો એક ઝાટકો બ્રાહ્મણને માર્યો, અને બ્રાહ્મણ ત્યાં જ ખલાસ થઈ ગયો.

આ ધમાલમાં બ્રાહ્મણની સગર્ભા પત્ની ઘરમાંથી આવી વચ્ચે પડી, તેને પણ પ્રહાર કર્યો. બાઈ મૃત્યુ પામી. અને ગર્ભનું બાળક પણ તરફડી મૃત્યુ પામ્યું. ક્રોધના આવેશમાં દ્રઢપ્રહારી બહાર નીકળ્યો આંગણુમાં ગાય ઊભી હતી ગાયને સંજ્ઞા આવી કે આ માલીકનો દુશ્મન છે. તે શીંગડા ઉછાળી દ્રઢપ્રહારીને મારવા દોડી. દ્રઢપ્રહારીએ તેને પણ તરવારથી મારી નાંખી. આમ ક્રોધના આવેશમાં તેને ચાર હત્યાઓ કરી.

ક્રોધ આવે છે, ત્યારે ભાનસાન રહેતું નથી. બુદ્ધિ બહેર મારી જાય છે. ન કરવાના કામો થાય છે. જ્ઞાનીઓ કહે છે, કે તું ક્રોધ કર? પણ કોના પર? ક્રોધ ઉપર ક્રોધ કર? એને હટાવ? એને જીત!

આ હત્યાકાંડથી બાળકો કરૂણ આક્રંદ કરવા લાગ્યા. મા મા કહીને રડારોડ કરવા લાગ્યા. ચાર ચાર મૃતદેહ, તરફડતો ગર્ભ અને બાળકનું આક્રંદ ભર્યું રૂદન આ દૃશ્ય જોઈને દૃઢપ્રહારીના હાથમાંથી તલવાર પડી ગઈ. ખુબ પશ્ચાતાપ થવા લાગ્યો. જીવ બળવા માંડયો. હાય! હાય! મારાથી આ શું થઈ ગયું! મન તરફડવા લાગ્યું. સમગ્ર દેહમાં અજંપો વ્યાપી રહ્યો.

બળું બળું કરતો દૃઢપ્રહારી ગામ બહાર દોડયો. એક વૃક્ષ નીચે તેણે એક મુનિને જોયા. મુનિની પાસે ગયો. આંસુ વહાવતો એના ચરણમાં ઢળી પડયો. કહેવા લાગ્યો, પ્રભુ મને બચાવો! આ પાપીને ઉગારો! મેં મહાપાપ આચર્યું છે. અને અનુતાપથી સળગી રહ્યો છું. રોમે રોમે બળી રહ્યો છુ. મને કૃપા કરીને તારો! કોઇ ઉદ્ધારનો રસ્તો બતાવો! આમ બોલતો મુનિના ચરણમાં પડી તરફડવા લાગ્યો.

મુનિએ જોયું કે પશ્ચાતાપનો અગ્નિ એને બાળી રહ્યો છે એના પાપનો એને સાચો પશ્ચાતાપ થાય છે. એને આશ્વાસન આપ્યું ને કહ્યું, કે તું પંચમહાવ્રત ધારણ

કર? પ્રાયશ્ચિત કર? તારૂં પાપ દૂર થશે. કાળજે ઠંડક વળશે.

દૃઢપ્રહારી સંયમનો સ્વીકાર કરે છે ને પ્રતિજ્ઞા લે છે. જ્યાં સુધી મને મારી હત્યા યાદ રહે, ત્યાં સુધી આહાર પાણી ન કરવા. ગામ બહાર આત્મ ચિંતનમાં ધ્યાનમગ્ન બને છે. ગામલોકો આ ખૂની છે એમ કહેતાં ગાળો દે છે. કોઈક પથ્થર મારે છે. કોઇક લાકડી મારે છે આ બધુય સહન કરે છે. એનામાં ઘા મારવાની તાકાત છે, છતાં આત્મમંથન કરે છે. તેં ઘા માર્યા તો તું ઘા સહી લે? તે બીજાને ઘા મારતા નથી, પણ મન પર ઘા કરે છે. તું એને જ લાયક છે. ઠીક થયું, ભલે પથ્થરા વાગ્યા. આમ મનને મારી રહ્યો છે. આત્માનું દમન કરી રહ્યો છે. એનો આત્મા અંતરદશામાં રમવા લાગ્યો. બાહિરદશા ભુલાઈ ગઇ. ઘા ખાય છે પણ અંતર મસ્ત છે. આત્મપ્રતિતિનો આનંદ થયો. આનંદનો યોગ સાધ્યો, ને કેવળજ્ઞાનનો પ્રકાશ છવાઈ ગયો.

જીવનના સ્વભાવનું આવું જ્ઞાન આવી જાય, પછી ગમે ત્યા રહો. ગમે ત્યાં બેસો. ગમે ત્યાં અનુભવ કરો. પણ તેમને એમ જ થાય કે મારામાં એક આત્મા બેઠો છે. જે બાહ્ય સાધનથી પર છે. જેને સાધન સાથે લેવા દેવા નથી. તે આ સંસારની રંગશાળાનો એક પ્રેક્ષક જ છે. એ અનંતકાળથી આવ્યો છે અને જેનો પ્રવાસ અંતે મોક્ષમાં જ પૂરો થવાનો છે

જયાં સુધી આ આત્મા જીવન મુક્ત ન બને, ત્યાં સુધી જન્મ લેવો પડે છે. દેહ ધારણ કરવો પડે છે. આ બધુય કર્મસત્તાને લીધે જ થયા કરે છે, એમ સમજે છે. આવી જે સાચી આત્માની જાગૃતિ જેમ જેમ આવતી જાય, તેમ તેમ આત્માનો આનંદ, આત્માનું સુખ વધતું જ જાય છે. આત્મા શાંતિથી સમૃદ્ધ બનતો જાય છે. પછી એને સંસારના દુઃખો આવે છતાં નડતાં નથી. પાણીમાં જેમ પત્થર પડે, ખાડો પડે અને થોડી ક્ષણમાં મટી જાય. એવી જ એની અવસ્થા છે. એ સમજે છે કે દેહે જે કર્મબંધન બાંધ્યા છે, તે પૂર્વજન્મના હોય કે આ જન્મના હોય, એ કર્મને આધીન આ બધાય બનાવો બને છે,

આપણે પણ જો આવો સ્વભાવ–આત્મદશાનો આત્મશ્રીનો અનુભવ કરી શકીએ, તો આ સંસારના બનતાં બધાય બનાવોમાં જેમ પાણીમાં પત્થર પડે, ખાડો પડે અને તરત પૂરાય જાય છે, તેમ સહજ અવસ્થાનો અનુભવ માણી ભવસાગર પાર કરી, આત્મ પૂર્ણતાને પથે પહોંચી જાય છે.

અંતે એટલું જ જણાવવાનું, કે દઢપ્રહારી જેવા નરકના અધિકારી યોગ્ય મહાપાપના આચરણો કરવા છતાં, આત્માની સમજણ મળતાં, શુભ ભાવનાથી કેવું પરિવર્તન થઈ ગયું અને જીવન પૂર્ણમુક્ત બની ગયું

જેમ દઢપ્રહારી 'હું કોણ' એ વિચારણાથી ભાવનાનું રૂપાન્તર કર્યું, પૂર્ણમુક્ત બની ગયા તેમ આપણે પણ આત્મસ્વરૂપની વિચારણા કરી, દેહમાં વસતા આત્માનું પૂર્ણ રૂપાન્તર પૂર્ણ પરમાત્મામાં થઈ જાય એજ મહેચ્છા.

આત્મ રમણતા

દર્શન એટલે આત્માની ઝાંખી. જ્ઞાન એટલે આત્માની સમજણ અને ચરિત્ર એટલે આત્માની રમણતા. આમાં દર્શન અને જ્ઞાન અંગે પૂર્વે જણાવી ગયા છીએ. આજે ચારિત્રનો વિચાર કરીએ, જ્યાં આત્મની પૂર્ણતાની તૃપ્તિ ત્યાં પ્રાપ્તિ રહેતી નથી. વસ્તુની ન્યુનતા જણાતી નથી.

એક બગીચો છે. સુંદર પુષ્પો ખીલ્યા છે. તેની સુવાસ ચારે બાજુ મહેકે છે. ભ્રમર સુવાસથી ખેંચાઇને ત્યાં આવે છે ભ્રમરને સુવાસની ઝાખી થવી-રૂચી થવી એનું નામ 'દર્શન'. પછી ભ્રમર સુવાસ આપે છે, એ તરફ ઉડતો ઉડતો આવે છે. આમાં સુવાસિત પુષ્પ ક્યાં છે. એ ભ્રમર શોધી કાઢે છે, એનુ નામ 'જ્ઞાન'. પુષ્પ ઉપર પરિમલનો રસ ચૂસવા બેસી જાય છે. હવે નથી ઉડવાનું, નથી ગુંજન કરવાનું, માત્ર રસની જ મગ્નતા છે. મગ્નતા-રમણતા એનુ નામ 'ચારિત્ર'.

પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા એટલે 'હું તેનો જ છું.' પરમાત્માને જોયા, તેનું જ્ઞાન થયું, એટલે એ કહે કે 'હું તારો જ છું.' પરત્માત્મામાં જે ગુણો છે તે બધાય પોતાનામાં છે એવો પ્રત્યક્ષ અનુભવ થયો, એટલે આત્મરમણતામાં એ કહે કે 'તું એ જ હું છું'

કોઈ ગામની કન્યાનો વિવાહ થયા. કન્યાએ યુવકને

જોયો નથી, ત્યારે સખીઓને વાત નીકળતા કહે કે 'હું તેની જ છું.' પછી યુવક, જોયો-જાણ્યો એટલે એ કહે કે 'હું તારી જ છું' લગ્ન થયા બાદ ઘરની સ્વામિની બનતા એ કહે કે 'તું એ જ હું છું.' હવે તું અને હુ જુદા નથી. આવી ઐક્યતાનો અનુભવ થવો તે આત્મરમણતા ચારિત્ર છે. આત્માની જ્યાં આવી પૂર્ણતાની પ્રાપ્તિ, ત્યાં મારા–તારાની જુદાઈ કે વસ્તુની ન્યૂનતા નથી જણાતી.

જેની નજર આત્મસામ્રાજ્ય તરફ છે. તેધૂળમાં વિસર્જન થનાર દેહની દુનીયામાં રાચેખરો? એટલુંતો જરા વિચારો? કે-આત્મા દેહ છોડયા પછી સાથે શું લઈ જાય છે? આખી જીંદગીમાં આટલા આવ્યા, આડલા ગયા, આટલા મળ્યા, આટલા ખોયા. આવી ધુળની બાળરમતમાં જીવનપૂર્ણ થયું; પરંતું જો આધ્યાત્મિક ઓળખ ન થઈ, સ્વતત્ત્વની પહેચાન ન થઇ, કે 'હું કોણ?, આમાં મારૂં શું?, એ માટેનું જોઈતું જ્ઞાન ન મળ્યું, તો તમે આજે સંચય કરેલો છે, તે બીજાને માટે જ નો? તમે સંચય કરો છો. ભેગુ કરો છો. ને બીજાને આપીને ચાલ્યા જાવ છો, પણ પોતાને માટે શું? એ વિચાર કરવા માટે આપણે ભેગા થયા છીએ.

મારૂં સ્વરૂપ શું? એનો અનુભવ નથી, એટલે જ માનવ સાધન પાછળ દોટ દે છે. સાધનોનો મોહ માનવને પરવશ કરી મૂકે છે ઘણીવાર સાધનની ભુખ તૃપ્ત કરવા તે ધર્મસ્થાનોમાં અને સાધુસંતો પાસે આંટા મારતો હોય છે. ત્યાં ધર્મ કરતો હોય છે, પણ પોતાને સાધનો કેમ

મળે અને પોતાનુ નામ કેમ આગળ આવે, તેનો અટકતરી રીતે વિચાર કરતો હોય છે.

સાધનોની કેટલી ભુખ છે? નામનો કેટલો મોહ છે? મૃત્યુશય્યા પર પડચો હોય, છતાં સાધન તરફ નજર રહે છે. એને નામ લઈને બોલાવશો કે તુરત આંખો ખોલશે. એ વખતે ઘરનું કે સ્વનું કોઇ યાદ નાહિ આવે, પરંતુ જે પરદત્ત છે, એવા સાધનો અને નામ યાદ આવશે. આ બધુય પાછળથી જ મળેલું છે ને? નામ પણ જન્મથી નથી લાવ્યો ને? અનામી હતો માટે નામ પાડેલું છે. બીજાએ આપેલું છે. ઉછીની વસ્તુ પર આટલો બધો મોહ શો? આ માનવને બારદાનની વાતો રૂચે છે; એને મેળવવા મથે છે, પણ માલને કોઈ પૂછતું જ નથી કે મારો માલ કયો.

મારે એ જ જણાવવાનું છે, કે તમે પ્રેક્ષક બનો? પ્રેક્ષક તરીકે તમારો અધિકાર છે, નહિ કે નટ બનવાનો. બાહ્યસાધન પ્રત્યે પ્રેક્ષક જેટલો સુખી છે, એટલો દુનિયામાં બીજો કોઈ સુખી નથી. પ્રેક્ષક નાટકમાં આવે છે. બેસે છે. જુએ છે અને સમય પૂરો થતાં રવાના થાય છે. એને નથી પડદા સંકેલવાના કે નથી ગોઠવવાના. એને નથી સામાન ઉઠાવવાનો કે નથી મુકવાનો. એ તો તટસ્થતાથી–સમભાવથી નાટક જ જુએ છે.

જે સાધક આત્મલક્ષી છે; તે સાધનને નથી જોતો. સાજનને–પરમાત્માને જ જુએ છે. એને નામથી નહિ પણ રામથી કામ છે. સાધનો ચાલ્યા જતાં એને નથી ઉદ્વેગ કે

આવે. અને તેમાં હર્ષ કે શોક, સુખ કે દુઃખ, આનંદ કે ઉદ્વેગ કશુય પામવા જેવું નથી એ સમજાશે.

ગાયે ઘાસ ખાધું, એના મુખથી લાળ અને શરીર-પિત્તાદિ દ્રવ્યોનું મિશ્રણ થયું. એમાંથી થોડા દ્રવ્યો છૂટાં પડયા એ 'દુધ' થયું, જે બહું સારૂં દેખાય છે. એના પેંડા બરફી કે દુધપાક બનાવ્યો કે જે મીઠા લાગે છે. ગટરના ગંદા પાણીને ફિલ્ટર કરીને આપે, તે સારૂં લાગે છે. આ બધાય પુદ્ગલના ખેલ છે. પુદ્ગલના પરિણામો છે.

એક રાજાએ પાર્ટી ગોઠવી. અમુક માણસોને જમવા આમંત્ર્યા. સુંદર વાનગીઓ બનાવરાવી. જમનારે વાનગીઓની ખુબ પ્રશંશા કરી. માત્ર સુબુદ્ધિ મંત્રી જ મૌન રહ્યા. મંત્રીને મૌન જોઇને પૂછયું, મંત્રીજી! તમે કેમ કશુય બોલતાં નથી. મંત્રીને થયું કે રાજા પર દ્રવ્યના મોહમાં છે. ચાલ આત્મભાન કરાવુ! સાચા મિત્રો એ જ છે કે હામાં હા ન કરે. પણ સત્યતાનું ભાન કરાવે. મંત્રીએ કહ્યું. મહારાજ! આ તો 'પદ્ગલના ખેલ' છે. એના વખાણ શા?

રાજાએ પૂછયું. આ વળી 'પુદ્ગલના ખેલ' શું? જેને આત્મા શું! દેહ શું! કર્મ શું! બંધન શું! મોક્ષ શું! પોતાનુ સ્વરૂપ શું! એની સમજણ નથી, ત્યા આવી આત્મજ્ઞાનની વાત સમજાય પણ કયાંથી? મંત્રીએ કહ્યું અવસરે વાત.

એક વખત રાજા બહાર ફરવા ગયા. સાથે મંત્રી અને બીજા માણસો હતા નગર બહાર એક ગટર હતી.

એમાં દુર્ગંધ મારતું પાણી વહેતું હતું. રાજા ત્યાંથી નીકળ્યા. બધાએ નાકે ડુચા માર્યો, ને મુખ મચકોડી ચાલ્યા ગયા. પણ મંત્રીએ ન તો મુખ મરડ્યું કે ન તો નાકે કપડું રાખ્યું.

આથી રાજાએ પૂછયું. કેમ મંત્રીજી ! તમને બદબો નથી આવતી ? મંત્રીએ કહ્યુ. મહારાજ ! આ તો 'પુદ્ગલના ખેલ' છે. રાજાએ કહ્યું. આ તમારા 'પુદ્ગલના ખેલ' મને સમજાતાં નથી. અવસરે વાત, મંત્રીએ કહ્યુ.

એક વખત અવસર જોઇ મંત્રીએ રાજાને જમવા નોતર્યાં. જમતાં વચ્ચે પાણી પીવા આપ્યું. પાણી પીતા રાજા કહે છે કે મંત્રીજી ? આવું સરસ અને મધુરૂં પાણી મેં કદીય પીધું નથી. આ કયા દિવ્ય કુવાનું પાણી છે. મહારાજ ! આ પાણીમાં વખાણવા જેવું શું છે ! આ તો 'પુદ્ગલના ખેલ' છે.

મંત્રીજી! આ જમવાના સમયે વળી તમારા 'પુદ્ગલના ખેલ' ક્યાથી આવ્યા ! આ તમારૂં 'પુદ્ગલના ખેલ' નું નાટક સમજાવશો ! મંત્રીએ કહ્યું. કે મહારાજ એમાં મજા નથી. આ ખેલનો પડદો બંધ છે ત્યાં સુધી જ મજા છે. રાજાએ સમજાવવા ખુબ આગ્રહ કર્યો. મંત્રી બોલ્યા. મહારાજ ! આ પડદો ખોલતાં પહેલા મને અભયદાન લખી આપો ? રાજાએ અભયદાન લખી આપ્યું.

મંત્રી રાજાને બાજુના ઓરડામાં લઈ ગયો જ્યાં પેલી ગટરનું પાણી રાખ્યું હતુ. તે રાજાને બતાવી કહ્યું. મહારાજ ? આપે પીધું તે આ પાણી હતું. અરે હોય !

ક્યાં આ ગંદુ પાણી. અને ક્યાં પેલું સુગંધી પાણી! મંત્રીજી તમે જુઠું બોલો છો. નહિ મહારાજ! પધારો અંદર!

મંત્રી રાજાને અંદર બીજા ઓરડામાં લઈ ગયા. જ્યાં ગટરનું પાણી સ્વચ્છ કરી રાખ્યું હતું તે બતાવ્યું. જુઓ મહારાજ! એ જ આ ગટરનું સ્વચ્છ કરી આપને પીવા માટે આપેલ પાણીના સુવર્ણપાત્રો. રાજાએ કહ્યુ. શું તમે મને આ ગટરનું પાણી પાયું! કહેતાં રાજા ચોંકી ઉઠ્યા. હા. મહારાજ! જેને આપ દિવ્ય કુવાનું પાણી માનો છો, તે જ આ ગટરના પાણીનું પરાવર્તન છે.

પાણીનો પેશાબ. પેશાબનું પાણી. મિષ્ટાન્નની વિષ્ટા. વિષ્ટાનું મિષ્ટાન્ન ધૂળનું સૌનું. સોનાની ધૂળ. આ બધુ પદાર્થનું થતું સર્જનનું વિસર્જન અને વિર્જનનું સર્જન એમ પુદ્ગલના પરિવર્તનો થયા જ કરે છે મહારાજ? એ પુદ્ગલના ખેલ નથી તો શું છે?

આ તો આપને આંખે દેખ્યાનું દુઃખ છે દેખ્યાથી દૂર તે દીલથી દૂર. ઘણી વસ્તુ આપણી સામે આવતાં તેને દેખી દુઃખ થાય છે નથી દેખતા નથી જાણતા ત્યાં સુધી દુઃખ નહિ થાય. આ એક અજ્ઞાનની ભેટ છે. આપે આ ક્રિયા આંખે જોઈ, એટલે દુઃખ થયું. જ્યા સુધી નજરે ન હતુ જોયું, ત્યા સુધી એ પાણીનો આસ્વાદ કેવા આનંદથી લીધો જેમા આપ કશું ય ચાખતું નથી કશું ય કરી શકતા નથી. એવા આ દૃશ્ય પૌદ્ગલિક પદાર્થના નાટકીય સ્વભાવમાં

ઝીણું કાંતવાથી કે ખળતરા કરવાથી કશુંય મળવાનું નથી; પરંતુ પદાર્થ પ્રત્યેના મોહથી આત્માને પાછો વાળી, આત્મરક્ષા કાજે આત્મ રમણુતામાં જ મસ્ત રહેવું, એ જ મહારાજ શ્રેયસ્કર છે.

આ સાંભળી રાજાની આખ ખુલી ગઈ. આત્માના સ્વરૂપની પીછાન થઈ દિનરાત જે હું બદલાયા કરૂં છું, તે હું નથી. એ તો મારી પૌદ્દગલિક અવસ્થા છે. હુ તો અવસ્થાથી 'પર' છું. આમ માનવનું જીવન પ્રેરણામય બનવું જોઇયે. જેનું જીવન પ્રરણામય નથી બનતું, તેને લોકો તો શું પણ પોતાના પુત્રો પણ પ્રેમથી યાદ નથી કરતા. અને કહે છે કે સાધનો અને પૈસા મુકતા ગયા એમાં નવાઈ શી કરી ગયા! જો સાથે લઈ જવાતું હોત તો એક પૈસો પણ રહેવા ન દેત! પણ શું કરે! સાથે લઈ જવાતું નથી લઈ ન જવાય એટલે મૂકીને જ જાય ને? આજે માનવને પૈસો જોઇયે છીયે પ્રેમ નહિ. વારસો જોઇયે છીયે વર્તન નહિ.

સારા કાર્ય કરવા નથી પ્રેરણારૂપ બનવું નથી. અને લોકો યાદ કરે એટલા માટે જ્યાં ત્યાં કોલસાથી પોતાના નામ લખે છે. આ ઉજળું નામ નાણવાને બદલે કાળું કર્યું. નામ દીલમાં રહે છે. નહિ કે દિવાર પર કોલસાથી નહિ પણ સારા વર્તનથી રહે છે.

પ્રતિક્રમણમાં પ્રભાતે કોના નામોનું સ્મરણ કરો છો? ભરત-બાહુબલી સીતા-દ્રોપદી વગરે સતો અને સતીઓના. જે પોતાના નિષ્કલંક શીલના તેજે અને નિર્મળ સંયમના

પ્રકાશથી આજે પણ જીવંત છે. જેમનાં શીલ અને સંયમનો રણકો પ્રભાતના મંગલમય વાતાવરણમાં પ્રેરણામય બને છે. પ્રેરણામય જીવન સ્વ અને પર બન્નેને કલ્યાણપ્રદ હોય છે.

આત્મજ્ઞાનના પ્રકાશમાં જીવે છે. તે જન્મમરણના પ્રવાહને જાણે છે. એ પૌદ્ગલિક પદાર્થોથી પર રહે છે. એ સમજે છે કે આ જીવન પહેલા પણ જીવન હતુ. અને આવનાર મૃત્યુ પછી પણ આ જીવન રહેવાનુ છે. આ કિનારે પણ જીવન છે. સામે કિનારે પણ જીવન છે. વચ્ચે જન્મ-મરણનો પ્રવાહ છે વાસનાને-કર્મને લઈ આત્માને જન્મ-મરણરૂપ ચક્રાવે પરિભ્રમણ કરવું પડે છે.

જેમ તુંબડા પર કાદવ-કીચડના થર જામ્યા હોય, તો તે કીચડને કારણે એટલા સમય પૂરતું પાણીમાં ડુબે છે, પરંતુ કીચડ ધોવાઈ જતાં, કચરો દૂર થતાં, તરત તરવા લાગે છે. આત્મા પણ વાસના અને કર્મના કીચડના કારણે જન્મ-મરણરૂપ સંસાર સરિતામાં ડુબે છે. એ વાસના અને કર્મના કાદવ દૂર થતાં આત્મા ક્ષણવારમા ઉપર આવે છે. એને ઉપર લાવવો પડતો નથી એ આવે જ, કારણ ઉપર આવવું એ જ એનો સ્વભાવ છે.

એક વખત પ્રભુ ગૌતમે, ભગવંત મહાવીરને પ્રશ્ન પૂછ્યો પ્રભો! આત્મા શાથી ભારે બની અધોગતિને પામે છે? અને શાથી હલકો બની ઊર્ધ્વગતિને પામે છે? પ્રશ્ન સમયોચિત હતો સૌને જીવનના ભારથી હળવું બનવું

હતું. સૌ આ પ્રશ્નનો મર્મ જાણવા માટે જીજ્ઞાસુ અને ઉત્સુક હતા

ભગવંતે કહ્યું. ગૌતમ! તુંબડુ તરવાના સ્વભાવવાળું છે એ સૌ કોઈ જાણે છે. એક માણસ એ તુંબડું લાવે. એ સ્વચ્છ હોય નિર્લેપ ને સુકું હોય. અખંડ-છિદ્ર વિનાનુ હોય. પછી એ તુંબડા પર ચીકણી માટીનો લેપ કરે. એને સુકવે. સુકાયા પછી વળી લેપ કરે. વળી સુકાવે. આમ આઠવાર આઠ પટ ચડાવે, પછી એને પાણીમા નાખે, તો શું એ તરવાના સ્વભાવવાળું હોવા છતા તરશે!

ગૌતમપ્રભુના સૂરની સાથે આખી સભાએ એક જ અવાજે સૂર પૂરાવ્યો. ના પ્રભો!

ભગવંત બોલ્યા. આમ આઠવાર લેપ કરેલા તુંબડાને પાણીમાં નાખે તો, એ તરવાના સ્વભાવાળું હોવા છતા પાણીમાં તરતું નથી. પરંતુ ડુબી જાય છે. તેમ આત્મા હિંસા-ચોરી-અસત્ય-અસંયમ-પરિગ્રહ-ક્રોધ-માન-માયા અને લોભના કુસંસ્કારોથી લેપારેલો ભારે થઈ જાય છે. પોતાને તરવાની આવડત છતાં ડુબે છે.

પ્રભુ મહાવીર આગળ બોલ્યા. પણ ગૌતમ! એ તુંબડા પરના લેપનો પહેલો થર પાણીથી પલળી, કોહવાઈને ઉખડી જાય, તો થોડું અદ્ધર આવે. વળી પાણીથી એક થર ઓછો થાય, તો વધુ ઉચું આવે. એ બધાય થર ઉતરી જતાં, તુંબડું મૂળસ્વભાવે હલકું થતાં પાણીની સપાટી ઉપર તરવા લાગે છે.

તેવી જ રીતે આત્મા પણ અહિંસા–અચૌર્ય–સત્ય–બ્રહ્મચર્ય–નિષ્પરિગ્રહ–ક્ષમા–નમ્રતા–સરલતા અને વિલોભતાના આચરણોથી કુસંસ્કારના થરને નિર્મૂળ કરી, આઠેય કર્મોના ભારને દૂર કરી, ક્ષય કરી, હળવો બની, ઊર્ધ્વગતિ પામે છે.

ગૌતમપ્રભુએ ભગવંતના ઉપદેશનો સાર તારવતા કહ્યું. પ્રભો! કુસંસ્કારોથી આત્મા ભારે થઈ અધોગામી બને છે. અને સુસંસ્કારોથી આત્મા હળવો થઈ ઊર્ધ્વગામી બને છે.

દીપકની જ્યોતનો સ્વભાવ ઉપર જ જવાનો છે. દીપકને ઊંધો કરશો, તો પણ જ્યોત નીચે નહિ જાય. જ્યોતનો સ્વભાવ નીચે જવાનો જ નથી. એ તો ઉપર જ જાય. તેમ આત્માનો સ્વભાવ ઉપર જ જવાનો છે એના પર ચડેલા વાસનાના થરો અને કર્મનો કચરો દૂર કરો! એટલે તરત જ અદ્ધર આવે, મુક્ત બને.

યાજ્ઞવલ્કય આત્મસાધના માટે અરણ્યમાં જતાં પહેલાં પોતાની બધીય સંપત્તિ મૈત્રેયીને આપે છે. આ જોઈ મૈત્રેયીએ પૂછ્યુ. સ્વામી! આપ મને પણ શું સંપત્તિ આપવા માગો છો! અને જો એ જ આપવા યોગ્ય આપને લાગતી હોય, તો આપ એને શા માટે છોડો છો? આનાથી મને આત્માનું પરમતત્ત્વ મળશે ખરું? જેનાથી આત્માને પરમતત્ત્વ ન મળે જીવન તરી ન જવાય અમર બની ન શકાય. એવું મળે તો પણ શું? અને ન મળે તો પણ શું! જે દીવા મરી હોલવું પડે તે લીધું પણ શા કામનું! માટે મને તો આપ જે સાધનાથી તરવા નીકળી રહ્યા છો. અને

આત્માનું પરમતત્ત્વ મેળવવાના છો. એ જ બતાવો ?

વાસનાના બંધનથી બંધાયેલાને આવી મુક્તતાની વાતો. અને આત્મરમણુતાની મજા નહિ સમજાય. બંધનમાં બંધાયેલા જંતુને આત્મસ્વાતંત્ર્યની ઉછળતી ઊર્મીઓનો આલ્હાદ ક્યાંથી સમજાય !

નાહી–ધોઈને સ્વચ્છ થયેલ માણુસને જરાક ધૂળ અડતાં બેચેની લાગે છે, પરંતુ ધૂળ અને ઉકરડા ઉપર જ આળોટતાં માણુસને સ્નાન કરીને શુદ્ધ થવાનો વિચાર સરખોય ક્યાંથી આવે ?

એ ન ભુલતા ! કે આ જીવન એક દિવસ અહિં જ પૂર્ણ થઈ જવાનું છે. તો તમને પ્રશ્ન થશે કે આ માનવી અંહિ શા માટે આવ્યો છે ? એનું જે પરમતત્ત્વ છે. એનો જે પૂર્ણ પ્રકાશ છે. એની જે અમરતા છે. એને પૂર્ણુટક્ષાએ પ્રગટ કરવા માનવ અંહિ આવ્યો છે.

આ આત્માના તત્ત્વોને પૂર્ણુપણે વિકસાવવાની પ્રબળ ઝંખનાવાળો માનવ ભલે ગમે ત્યાં જીવતો હોય, શહેરમાં જીવતો હોય કે ગામમા. વેરાનરણુમાં જીવતો હોય કે આલીશાન મહેલમાં. છતાં આત્મતત્ત્વને વિકસાવવાનું કાર્ય તો બધેય શક્ય છે. એને કોઈ પ્રકારનું બંધન નડતું નથી. માનવ જ્યાં હોય ત્યાં આત્મરમણુતારૂપ સંયમની સાધના કે સદ્ગુણુની પ્રાપ્તિ મેળવવા માંડે, તો ધીમે ધીમે દેહભાવમાંથી એ મુક્ત બનતો જાય

એક સાધુ હતા. ગામમાં તે રોજ વ્યાખ્યાન આપતા. આત્મા અને દેહની સુંદર વાતો કહેતા–સમજાવતા. રોકે

તેમનું વ્યાખ્યાન રસપૂર્વક સાંભળતાં. આ વ્યાખ્યાનમાં એક શેઠ રોજ આવતાં, તેમને એક પોપટ પાળેલો. એક વખત આ પોપટને વિચાર આવ્યો. વ્યાખ્યાનમાં શેઠને મહારાજ રોજ મુકિતની વાતો સમજાવે છે, તો મારી મુક્તિની વાત કેમ નથી કરતાં. હું પણ પિંજરામાં પૂરાયેલું પંખી છું. દેહમાથી છૂટવાની વાતો તો દૂર રહો ! પણ આ પિંજરામાંથી શી રીતે છૂટવું ?

આવો વિચાર આવતાં વ્યાખ્યાનમાં જતાં શેઠને પોપટે કહ્યું, શેઠ ? મારૂં એક કામ ન કરો ! શેઠ કહે, શું ? પોપટે કહ્યું, આજે મહારાજને પૂછતાં આવજો કે બંધનથી કેમ છૂટાય ? અને મુકત કેમ થવાય ?

શેઠને થયું કે મને આવો વિચાર કદીય નથી આવ્યો, ને આ પોપટને આવો વિચાર કયાથી સુજ્યો ! શેઠને આટલું સાંભળવા છતાં આજ સુધી ખ્યાલ ન હતો, કે જેને જીવન બધનરૂપ લાગે છે, એને જ છૂટવાનો વિચાર આવે છે. જ્યારે કેટલાક તો ટેવાઇ ગયેલા લોકો તો દેહના બંધનમાં રહેવામાં આનદ માનતા હોય છે. એમને બધન જ નથી દેખાતું પછી છૂટવાનું મન કયાથી થાય !

ભગવાન મહાવીર પોતાના રાજમહેલના સુખશાંતિ અને સ્નેહીજનોને છોડી કેમ ચાલી નીકળ્યા ? એટલા જ માટે કે એમને લાગ્યુ કે આ દેહના બધન છે. એ બહુ આકરી વસ્તુ છે એની જંજીરો બહુ કપરી છે. એમાંથી છૂટવું, એ જ માનવજીવનનો હેતૂ છે. દેહના આકરા બંધ-નમાથી છૂટવા એ વનની વાટે ગયા. રાગ-દ્વેષ અને મોહની

સાંકળોમાંથી મુક્ત થવા સંયમની સાધના સ્વીકારી. મહા પુરૂષાર્થ આદર્યો.

શેઠ પ્રવચનમાં ગયા સૌ લોકો શાતિથી શ્રવણ કરતાં. વ્યાખ્યાન પૂર્ણ થયું. એટલે શેઠે પૂછયું. મહારાજ? બંધનથી કેમ છૂટાય? અને મુકિત કેમ મળે? મહારાજે પૂછયું, શેઠ? આ પ્રશ્ન કોનો છે? આ પ્રશ્ન તમારો નથી લાગતો! આવો પ્રશ્ન તમને સુજે પણ ક્યાંથી? તમારા વૈભવ-વિલાસમાંથી કદાચ કોઇ મુકિત આપવા માંગે, તો પણ તમને ન ગમે, માટે કહો આ પ્રશ્ન કોનો છે?

શેઠે કહ્યું. મહારાજ? આ પ્રશ્ન મારા પોપટનો છે. શું કહ્યું. આ પ્રશ્ન તમારા પોપટનો છે? આમ કહેતાં મહારાજ તો ઢળી પડયા. મૂર્છામાં સાધુ ઢળી પડયા એટલે શેઠ પંખો વીંજવા લાગ્યા. આ કર્યું ને તે કર્યું, પણ મૂર્છા ન વળી. શેઠ ગભરાયા. મારા પ્રશ્નથી મહારાજને આ શું થઈ ગયું! મહારાજ સહેજ ભાનમાં આવ્યા. એટલે શેઠ ધીરેથી રવાના થઈ ગયા. એમને થયું કે કોઈ જાણશે તો વળી કોઈ કહેશે કે શેઠે સાધુ મહારાજને બેભાન બનાવી દીધા. સમાજમાં ટીકાપાત્ર થવાની બીકે શેઠ ભાગ્યા.

દુનીયાના લોકો ગુના કરીને છૂટી જવા માંગતાં હોય છે. એમાંથી કેટલાક પકડાઈ જાય છે. કેટલાક છૂટી જાય છે નથી પકડાતાં; પરંતુ આખરે તો ચોર એટલે ચોર. આપણે અંહિ બેઠેલામાં કોઈ આવો ચોર નહિ હોય! કે જે ગુનો કરીને છૂપાવવા નહિ માંગતો હોય! આજે તો જે દુનીયામાં પકડાઈ જાય એજ ચોર નહીંતે ગણાય છે.

જે નથી પકડાતો તે શાહુકાર થઈને ફરે છે. આપણે જો આપણા અંતરને પૂછીશું કે આપણો કોઇ ગુનો છે? તો 'હા'માં જ જવાબ મળશે, પરંતુ હું માનતો નથી કે સ્વેચ્છાએ કરેલા ગુનાનો આપણે સ્વીકાર કરીયે. એટલે આ શેઠ પણ ગુનેગારના ભયથી ભાગી ગયા.

પેલા મહારાજ તો ભાનમાં જ હતા. શેઠ ગયા એટલે એ ઊભા થયા. શેઠ ઘેર ગયા. એટલે પોપટે પુછ્યું, કેમ મારા પ્રશ્નનો જવાબ લાવ્યા? શેઠે કહ્યું. તારો પ્રશ્ન બહુ જ ખરાબ હતો. પ્રશ્ન પૂછ્યો ત્યાં તો મહારાજ બેભાન થઈ ગયા. ન હાલે કે ન ચાલે. પણ પોપટ સમજી ગયો એના પ્રશ્નનો જવાબ એમાં જ હતો એટલે પોપટે પણ એમ જ કર્યું. આંખ બંધ કરીને એ તો ઢળી પડ્યો. ન ખાવાનું ન પીવાનું. ન બોલવાનું. પાંજરામાં મડદા જેવો થઈને પડી રહ્યો.

શેઠ બહારથી આવ્યા. પોપટની દશાની વાત જાણી પાંજરાં પાસે દોડી ગયા. ને પોપટને બોલાવવા લાગ્યા. શેઠ કહે, પોપટ રામ રામ બોલ? શેઠ પોપટ પાસે રામ નામ બોલાવે છે, પરંતુ પોતાને રામનુ નામ લેવું નથી. શેઠ તો પોપટ પાસે રામ નામ બોલાવવા મથે છે, પણ એ તો ન હાલ્યો કે ન ચાલ્યો, કારણ એ તો મૂર્છામાં હતો

શેઠ વિચારમાં પડ્યા. આ પોપટને શું થઇ ગયું! પાંજરામાં જોયું તો ખાવાનું પીવાનું એમ જ પડ્યું હતું. પોપટે ખાધું-પીધું નથી એટલે જરૂર આ પોપટ મરી ગયો લાગે છે. શેઠે પાંજરાનું દ્વાર ખોલ્યું પોપટને મરેલો

માની એને ફેંકી દીધો. આવો મરેલ પોપટ મારે શા કામનો? પોપટ જેવો બહાર ફેંકાયો કે એને લાગ્યું કે હવે હું મુક્ત બન્યો છું. એટલે તરત જ એને પાંખો ફફડાવવા માંડી. શેઠ અચરજ પામ્યા. અલ્યા શું થયું તને? પાછો જીવતો શાથી થયો!

પોપટે કહ્યુ. શેઠ! પેલા સાધુના વચનોનો અર્થ તમે સમજ્યા નથી લાગતા? હું એ જ બતાવવા માંગું છું, કે મારા ગુરૂએ તો મને એમ કહ્યું, કે આ દુનીયામાંથી છૂટવાનો માર્ગ એક જ છે. અને તે એ જ કે ઇન્દ્રિયોને ઉંઘાડી દો! એ ઇન્દ્રિયોને સંયમમાં રાખો! એમ કહી પોપટ મુક્ત બની ઉડી ગયો.

આપણો આત્મા પણ બંધનમાં પૂરાયો છે. કારણ ઇન્દ્રિયોના કહેવા મુજબ એ નાચે છે. કૂદે છે. અને તોફાને ચડે છે. એટલે આપણે જો આપણી ઇન્દ્રિયોને ઉંઘાડી દઇયે તો જ એ બંધનથી મુક્ત બને. આપણી આંખ જો એમ કહે કે ખરાબ જોવું છે, તો આપણે કહી દેવું જોઇયે, કે એ નહિ બને.

આપણું મોહું જો કહે કે મારે આ ખાવું છે, તો આપણે કહી દેવું, કે હું તને ગમે તેવું ખાવા દેવાનો નથી. જે ખાવા યોગ્ય હશે તે જ મળશે દેહ કહે કે મારે અમુક જાતની સગવડો જોઇયે છીએ, તો એને કહી દેવું. કે એ વસ્તુ મેળવવા માટે નીચે ઉતરવું પડે છે. એટલે તને એ નહિ મળે કારણ દેહની વધુ ગરજ આત્માને નીચે પાડે છે. આત્માના હિતમાં નથી હોતી.

જુઠ–સ્વચ્છંદતા અને સંગ્રહવૃત્તિ આ બધુય કોના માટે? ઇન્દ્રિયો માટે જ ને? દેહના સંતોષ માટે જ ને? જે દેહ બળી જવાનો છે, તેને માટે જ આ બધુય થાય છે ને?

ઇન્દ્રિયોને આધીન બની, વૃત્તિઓની પાછળ દોટ દઈ, ન કરવાનું કર્યું; પરંતુ તે દેહ ઢળી પડયો અને આત્મા ચાલ્યો ગયો, પણ આચરેલી દેહની સુંવાળી વૃત્તિઓનો દંડ કોને? બંધન કોને? આ દેહમાં રહેલા આત્માને જ?

ઇન્દ્રિય અને મનને તૃપ્ત રાખવા માણુસ બધુંય કરે, છતાં ઇન્દ્રિયો માનવને અધવચ્ચે મૂકી દે છે ને? મોતીયો આવે કે આંખ નબળી પડે, ત્યારે પણુ આખની ચોરી તો ઉભી જ રહે ને? ચોરી કરનાર આખ ચાલી જાય, પણુ આત્મા! આત્મા સ્વને મૂકીને જવાનો કયાં? એ ત્રણેય કાળમા રહેવાનો.

સયમિત આત્મા ઇન્દ્રિયોને આત્મા તરફ વાળવાનો, પણુ ઇન્દ્રિયો પાછળ દોડાવાનો તો નહિ જ, કારણુ એને આત્મ રમણુતાનો સુખાનુભવ કરવાનો છે. એની પ્રત્યેક ક્રિયાઓ સ્વ–આત્મા તરફ જ જવાની અને તેથી જ બહાર ખેંચનાર વૃત્તિઓના દોરડાને એ કાપીને જ આત્મ સાધના કરવાનો.

ચાર મિત્રો હતા. મથુરામા રહેતા હતા. શીવરાત્રીનો દિવસ હતો. ચારે જણુ ભાંગ પી યમુનાના કિનારે ફરવા નીકળ્યા. એક ભાઈને પ્રયાગરાજ જવાનું મન થયું, આ વિચાર ચારે જણાયે વધાવી લીધો. અને નજીકમા લાંગરેલી નાવડીમા બેસી ગયા.

ચારે ભંગેડી ભાંગ પીને બેઠા હતાં. નશામાં ચકચૂર હતા. વારા ફરતી ચારેય જણુએ આખી રાત હલેસા માર્યા કર્યા. પ્રભાતના ઝાંખા પ્રકાશમાં કિનારાના મકાન દેખાયા. પ્રયાગરાજ આવી ગયું જાણી, બધાય આનંદમાં આવી ગયા.

એવામા એક સ્ત્રી પાણી ભરવા આવી. એ મિત્રોમાથી એક જણે એને ઓળખી, કે આ તો મારી પત્નિ છે. એની સાથે ઝઘડો થયો. તું અહિ ક્યાંથી? કોની રજાથી આવી? કોની સાથે આવી? કેમ આવી? પેલી સ્ત્રી સમજાવવા લાગી, પણ આ તો બધાય નશામા હતા, પતિ સ્ત્રીને મારવા દોડયો.

એવામાં ત્યાથી એક સંત નીકળ્યા. સંતને જોતાં ચારે મિત્રો શાંત થઈ ગયા. સંતે પૂછયું, ભાઈઓ આ ઝઘડો શાનો છે? મહારાજ! અમે ચારે મિત્રો મથુરાથી આ નાવડીમા પ્રયાગરાજ જવા રવાના થયા. આખી રાત હલેસા માર્યા. અત્યારે પ્રયાગરાજ આવ્યા, ત્યાં તો આ મારી પત્નિને અહિ જોઈ. તો તે કાલે મથુરા હતી અને અત્યારે અહિ ક્યાંથી! એ કેવી રીતે આવી? રાત્રે એકલી કેમ નીકળી? કેમ હું ગુસ્સે ન થાઉં! સંત સમજી ગયા કે આ ચારે અક્કલ મંદ ભાઈઓએ નશામાં આખી રાત હલેસા જ માર્યે રાખ્યા, પરંતુ લાંગરેલી નાવડીની દોરી છોડવી જ ભુલી ગયા છે. સંતે હસીને કહ્યું, ભાઈ! આ તો મથુરા જ છે. અને પ્રભાત થતા આ તમારી પત્નિ પાણી ભરવા આવી છે. તમે આખી રાત હલેસા માર્યા એ વાત સાચી, પણ

જ્યાં નાવડી બાંધી છે ત્યાંથી એનુ દોરડું છોડવાનું તો તમે ભુલી જ ગયા છો.

ચારે મિત્રો સાભળતાં નશો ઉતરી ગયો. જોયું તો આખી રાત હલેસા મારવા છતાં, હતા ત્યાંના ત્યા જ છીયે. કિનારેથી નાવડી જરાય આગળ ગઈ નથી, કારણ કીનારે બાંધેલું નાવડીનું દોરડું જ છોડવું ભુલી ગયા છી

સંતે કહ્યુ ભાઈ! તમે જેવી રીતે ભાગના નશામાં દોરીનો વિચાર કરી ન શકયા. તેમ આપણે મોહ-માયાને લોભના ઘેનમાં વૃત્તિઓના બંધનનો વિચાર કરી શકતા નથી. વૃત્તિઓમાંથી ઇન્દ્રિયોને છૂટી કર્યા સિવાય મુક્તિ નથી. આ વૃત્તિઓના બંધનથી મુક્ત થાય છે, ત્યારે આત્મા સંયમ અને સાધનામાં સ્વતંત્ર રીતે રહી શકે છે. અને આત્મ રમણતાનો આસ્વાદ અનુભવી શકે છે.

આપણા દેહમાં ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ આદિ અનેક પાશવી વૃત્તિઓ સંતાઈ ને પડેલી છે. જે આપણી પોતાની થઈને બેઠી છે માણસ તેને જોઇ શકતો નથી. એ આપણને છેવટે પરેશાન કરી મૂકે છે. એટલે આપણે સૌ પ્રથમ એ જ વિચાર કરવો જોઈયે, કે આપણો આ ક્રોધ, આપણો આ માન, આપણો આ લોભ આપણી આ રાગ-દ્વેષ આદિ વૃત્તિઓ, કે જે આપણામાં ઘર કરીને બેઠી છે, તેને કઇ રીતે દૂર કરવી આ પાશવી વૃત્તિઓ અંતરમા પેસી ન નવી પામે કેવા ખરાબ કાર્યો કરાવે છે, કે જેથી માનવી પોતાના અંતરનું દૈવત્ત ભુલી જાય છે અને છેવટે એ

દેવત્વને ગુમાવી બેસે છે. જેથી મહાત્મા બનવા સર્જાયેલ માનવી પાપાત્મા બની જાય છે.

જો આપણી વૃત્તિઓ સંયમિત હોય, તો આપણે મહાત્મા બનીયે છીયે, અને એ જ વૃત્તિઓને છૂટો દોર મળે, તો આપણે પાપાત્મા બનીયે છીયે. વૃત્તિઓને છૂટી મૂક્યા પછી તમારા અંતરને પૂછજો ! કે અત્યારે "હું કોણ છું ?" મહાત્મા કે પાપાત્મા !

એક વખત પ્રભુ મહાવીર રાજગૃહી નગરી પધાર્યા. લોકો વંદન કરવા માટે ઉત્સુક બન્યા. પહેલાના જમાનામાં લોકો સાધુસંતોને સાંભળવા જતાં, આજે સીનેમા-નાટકમાં ભેગા થાય છે. માનવ અહિં જ બદલાયો છે. પહેલાના જમાનામાં યુવાનો પણ ધર્મ સાંભળતાં. અને સંતના દર્શન કરવા જતાં. જ્યારે આજે તો વૃદ્ધો પણ સીનેમા-નાટકમા ફરે છે. રંગ-રાગ અને મોહની રમત ગમે છે. પ્રભુ મહાવીર પધારતાં હૈયામાં ઉલ્લાસ ઉછળતો. અને એમ થતું કે ચાલો મોહનું સામ્રાજ્ય ઘટશે અને ધર્મનું સામ્રાજ્ય વધશે.

મહારાજ શ્રેણીક રાણી ચેલણા સુદર્શન શેઠ આદિ અન્ય પુરજનો પ્રભુને વંદનાર્થે જઈ રહ્યા છે. એવામાં એક ભયંકર ગર્જના સંભળાઈ, અવાજ સંભળાતા બધાય થંભી ગયા. સર્વત્ર ભય પ્રસરી ગયો. ભગવાનને દર્શન કરવા નહિ જવાય; કારણ આપણને અંતરાય નડે છે. ભયથી લોકો પાછા ફરવા લાગ્યા. આની વાત તો એ છે, કે આપણું નિર્બળ તત્ત્વ જ આપણા માર્ગમાં અંતરાય

નાંખતું હોય છે. બાકી સ્વાર્થની વાત હોય, ત્યાં અંતરાય નથી નડતો. ઘણી વખત ધર્મના આવા શબ્દો બહાના કાઢવામાં વપરાતાં હોય છે.

સુદર્શન શેઠની આંખમાં પ્રભુની મૂર્તિ રમતી હતી, કાનમાં ભગવંતની વાણીનો અવાજ ગુંજતો હતો. એ કોઇનો અવાજ સાંભળવા તૈયાર ન હતા. એકલા છતાં નહિ રોકાતા દરવાજા બહાર નીકળી ગયા. જેના મનમાં ભગવાનના જ ભાવ રમી રહ્યા છે. એને આ દુનિયામાં રોકનાર કોણ છે?

શ્રેણીકે પૂછ્યું, આ અવાજ શાનો છે! આટલો બધો ભય શાનો છે? એટલે એક સંદેશવાહકે કહ્યું.

મહારાજ આ ગામની એક માલણ હતી. તેને એક સુંદર પુત્રી હતી આજ ગામનો એક માળીપુત્ર હતો. બન્ને નાનપણથી દરેક કાર્યમાં સાથે ને સાથે. બંનેને રાગ હોવાથી અંતે બંનેના લગ્ન થયા. બંને જણ ભક્ત હતા. સુંદર તાજા પુષ્પની માળા ભગવાનને ચડાવવા બનાવી આપતા. અને પોતે પણ પોતાના દેવ યક્ષને સુંદર માળા ચઢાવતા પગે લાગતા પછી બહાર આવી માલણ નૃત્ય કરતી અને માળી મૃદંગ બજાવતો. લોકો કહેતાં કે ભકત તો આનું નામ.

આત્મવિસ્મૃતિ એટલે જ ભગવાનની ભકિત. આપણી જાત જો ત્યા યાદ આવતી હોય, તો તું અને હું બે જુદા હોગે. અને જ્યા જુદાઈ ત્યા ભક્તિમા મજા નથી આવતી ભક્તિ એટલે ત્યા બધા જ ભાવ ભુલી જવાય આમ માલણ અને માળી પુંપ અને પરાગની જેમ એકય બની ભક્તિ કરતાં.

માલણનું સુંદર રૂપ, સુંદર નૃત્ય અને સુંદર કંઠ ભર્યું ભક્તિનું માધુર્ય અનેક લોકો જોવા જતાં. એમાંથી છ દુર્જનોનું મન બદલાયું. ભક્તિના ગીતથી હૃદયમાં સારા ભાવ જાગવાને બદલે દુર્ભાવ જાગ્યા. માલણને કોઈ પણ ભોગે હાથ કરવા તેઓ કાવતરા રચવા લાગ્યા.

એક વખત બન્ને જણ મંદિરે ગયા. પેલો માળી મૃદંગ વગાડતો હતો ને માલણ ભાવભર્યું નૃત્ય કરતી હતી. ત્યાં પેલા છ જણા આવી માળીને મંદિરના થાંભલે બાંધી દીધો, અને એની હાજરીમાં માલણ સાથે કુચેષ્ટા કરવા લાગ્યા પેલા માળીનો જીવ બળી ગયો, પણ બંધનથી બંધાયેલો હોવાથી કશુય કરવા લાચાર હતો.

માળીનું મન વિચારે ચડ્યું. વર્ષોથી યક્ષની ભક્તિ કરી, પુષ્પ-ફળાદિ ચઢાવ્યા એનું આજ ફળ! એના જ મંદિરમાં આવો જુલમ! છતાં એનો કશોય જવાબ ન મળે! માળી યક્ષ સામે જોઈ બોલ્યો. તારા દેખતાં અમારા પર આવા અત્યાચાર થઈ રહ્યા છે, છતાં મૌનભાવે બધું જોઈ જ રહ્યો છુ. મને લાગે છે કે તારામાં દેવત્વ જ રહ્યું નથી

ત્યાં માળીના દેહમાં યક્ષે પ્રવેશ કર્યો. માળીમાં શક્તિ પ્રગટી દોરડાં તૂટી ગયાં. એણે મુદ્ગલ બળ વાપર્યા, પેલા છ જણને પછાડીને મારી નાખ્યાં આ આસુરી શક્તિએ એના મનમાં રોજ છ પુરૂષને અને એક સ્ત્રીને મારવાનો નિશ્ચય પ્રગટ્યો. ત્યારથી એ રોજ છ પુરૂષ અને એક સ્ત્રીને મારે છે જ્યાં સુધી એ નિર્બંધ સંખ્યા સાતને નથી મારતો, ત્યાં સુધી જંપતો નથી. આ યક્ષનું નામ

અર્જુન હતું. માળીના શરીરમાં પ્રવેશ્યો એટલે લોકો એને અર્જુનમાળી કહે છે

એ અર્જુનમાળી ગામને પાદરે આંટા મારી રહ્યો છે. એને હજી સુધી સાત જણા મલ્યા નથી. માર્યા નથી એટલે એ ગર્જના કરી રહ્યો છે.

આ અરસામાં પ્રભુ મહાવીર પધાર્યા. એ જાણતા હતાં કે રોજ સાત જણને મારનાર અર્જુનમાળી આ વનમાં રહે છે. છતાં ભગવાન આવ્યા. એ નિર્મળ હતા આખમાં કરૂણા હતી. એમનું હૈયું નિર્ભય હતું. જેમ પાણીમાં અંગારો પડતા અંગારો ઠરશે, પથ પાણી નહિ બળે. એમ જેના હૈયામાં કરૂણા પડી છે. એને દુનીયાના દુષ્ટોનો ભય નથી.

આ સાંભળી શ્રેણીકે પૂછ્યું, સુદર્શન ક્યા ગયો! એની પાસે નથી તલવાર, નથી ભાલો, કે નથી દેહરક્ષાનું કોઈ સાધન, એનું શુ થશે! એમની આંખે ઝળઝળીયાં આવી ગયા. કિલ્લાની બારીમાથી એ જોવા લાગ્યા કે એ ક્યાં જાય છે.

સુદર્શન તો એની ધૂનમા ચાલ્યા જાય છે. જેના અંતરમાં ભગવાનું સ્મરણ છે. જેની આંખમાં પ્રભુની છબી છે. જેના મુખમા ભગવાનનુ નામ છે એને કશોય ભય નથી. એ તો નિર્ભય રીતે ચાલ્યા જાય છે. એવામાં સામેથી અર્જુનમાળી આવે છે.

પ્રચંડ મોટી કાયા, લાલ લાલ બિહામણી મોટી આંખો, રુદ્ર સ્વરૂપ જોતા જ માણસ અડધા થઈ જાય

કાદવથી ખરડાયેલ કપડાં ધોવાં પાણી જોઈએ. તેમ હિંસાને કાઢવી હોય તો અહિંસાથી કાઢી શકાય. કોઈ તપે તો તમે ઠંડા થાઓ ! આગ બને તો તમે પાણી થાઓ ! સુદર્શનના હૈયામાં શુભ સંકલ્પો થવા લાગ્યા. એનું શુભ થાઓ ! એનો ક્રોધ શમી જાઓ ! એની દાનવતા માનવતામાં ફેરવાઈ જાઓ ! આવી શુભ ભાવનાભર્યા હૈયે સુદર્શન તો કાઉસ્સગ્ગમાં સ્થિર રહ્યા છે.

આ જોતાં અર્જુનમાળી થંભી ગયો. એ વિચારવા લાગ્યો આ શું થયું ! હું ભલભલાને ફેંકી દઉં છું. પણ આ નાનકડો છોકરો કેવો સુંદર છે. એના મુખ પર કેવી શાંતિ છે. આંખમાં કેવી સૌમ્યતા છે. અર્જુનમાળી જેમ જેમ નજીક આવતો ગયો, તેમ તેમ ઓગળતો ગયો. અને જેવો તે સુદર્શન નજીક આવ્યો, તેવો જ અંદરનો યક્ષ ચાલ્યો ગયો. પ્રકાશ પાસે અજવાળું કેટલી ઘડી રહે ! શાંત માળી સુદર્શન પાસે આવીને ઊભો રહ્યો. જેમ દારૂડીયો ઘેનમાં ધમાધમ કરે અને કેફ ઉતરી જતા મડદા જેવો થઈ જાય, તેમ માળીનું યક્ષ જતાં દેહના થાકથી અને માનસિક શ્રમથી ઢીલું ઢીલું થઈ ગયું.

સુદર્શને કહ્યું. ચાલ ? મારી સાથે. હું જેની પાસે જાઉં છું, તેની પાસે જવાથી તારા મેલ અને રોગ નીકળી જશે. સુદર્શન અને માળી ભગવાન મહાવીર પાસે જઈ રહ્યા છે. તેમની મધુર વાણી સાંભળી બંને નજીક ગયા. ભગવંત તો દૂર થકી પણ દેખતા હતા. ભગવાન જાણતા હતા કે આ શું કરીને આવ્યો છે. જે આત્મજ્ઞાનથી જાણતા

હતા કે આ મહાખૂની છે. એને ઘણા ખૂનો કર્યા છે. મહા પાપી છે. છતાં એમની આંખોમાંથી એના પ્રત્યે કરૂણાભરી અમી વર્ષી. આ અમીવર્ષાથી એનું હૈયું ભરાઈ આવ્યું. હુ કેવો પાપી છું. આમ કહેતાં તે હૈયાફાટ રડવા લાગ્યો, કયાં આ દિવ્યમૂર્તિ અને કયાં મારી અધમતા ભર્યું જીવન! મે કેટલા લોકોને માર્યા? આમને કેટલાને તાર્યા! મેં કેટલાના ખૂનો કર્યા? આમને કેટલાને મુનિ માર્ગે દોર્યા! એમને મારૂં શું બગાડેલું કે મેં એમના પ્રાણ લીધા.

ભગવાન પાસે મસ્તક ઝુકાવી કહે છે, કે હે પ્રભો! મારૂ શું થશે! મેં મારા મનને, મારા તનને અને મારા વિચારોને લોહીથી ખરડયા છે.

ભગવંતે કહ્યુ હે અર્જુન! એ ખરડાયેલા છે તેને ધોવાનો અવકાશ છે. તું હજી પણ સુધરી શકે છે. તારા મનને તૈયાર કર? તારા પાપ કર્તવ્યને હટાવી નાંખ? તો શ્રેય થશે તારૂ અંદરનુ તત્વ સુંદર છે. ઉપર કાટ લાગ્યો છે. એ કાટને દૂર કરવા પ્રયત્ન કર?

ભગવંત! મારો ઉદ્ધાર કરવા મને ચારિત્ર આપો? પ્રભુએ માળીને દીક્ષા આપી. ખૂનીમાથી મુનિ બન્યો. લોકોને આશ્ચર્ય થયું, ખૂનીને પણ દીક્ષા! પણ ભગવાન જાણતા કે વધારે ચડેલો મેલ વધારે ધોવાવાનો છે. અર્જુનમાળીએ પ્રતિજ્ઞા કરી, કે ગામના ચાર દરવાજે દોઢ દોઢ મહિના સુધી કાઉસ્સગ્ગ ધ્યાને રહી. જે ઉપસર્ગો પરિષહો આવે તે સમભાવે સહન કરવા

અર્જુનમાળી સંયમ સ્વીકારી પ્રથમ પૂર્વદિશાના

દરવાજે ગયા. ત્યાં કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા રહ્યા. ત્યાં એક ભરવાડ નીકળ્યો, એને જોતાં જ ભરવાડે વિચાર્યું કે આને તો મારા દિકરાને મારી નાંખ્યો હતો. અને આજે સાધુવેશમાં ઉભો છે. એની પાસે ડાંગ હતી ભરવાડે અર્જુનમાળીના માથામા મારી લોહીની ધારા વહેવા લાગી.

અર્જુનમાળી વિચારે છે, કે તે દિવસે મેં તો એના પુત્રને મારી નાંખ્યો હતો. આને તો ફક્ત મને ડાંગ જ મારી છે. જરા લોહી નીકળે છે. મને ક્યાં મારી નાખ્યો છે. ભરવાડનું ભલુ થજો ! કે મને કર્મ ખપાવવામાં સહાયક બની રહ્યો છે. એવામાં ત્યાંથી ભીલ નીકળ્યો અને તેને પોતાના ભાઈનું મૃત્યુ યાદ આવતાં રોષે ભરાયો. બાજુની કાંટાની વાડમાંથી એક કાંટાનું ઝાખરૂં ઉપાડ્યુ. અર્જુનમાળી ઉપર એ ઝાંખરાથી ઝીકવા માંડયો. શરીરમાં કાંટા ભરાયા. અસહ્ય વેદના થવા લાગી. અર્જુનમાળી પોતાના મનને પૂછે છે કે બીજાને માર્યા તે વખતે એમને કેટલુ દુઃખ થયું હશે ! તને કાંટાની વેદના ખટકે છે. પણ બીજાના જીવ લીધા હતા એ વખતે એમનું શું થયું હશે !

ચોથે માસ અંતે ઉત્તર દિશાના દરવાજે કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા. આમ ચાર દરવાજે ૬ મહિના સુધી એમને પત્થરના મારો ખાધા. લોહીની ધારાઓ વહી. ધાણી આખા શરીરના રૂપ-રંગ બદલાઈ ગયા. છતાં એમને નહીં કહ્યું કે મારા ઉપર કોઈ પણ સહાનુભૂતિ ન બતાવે તો સારું.

આપણને કંઇ પણ દેહના દર્દ થાય કે તુરત કોઇની સહાનુભૂતિની અપેક્ષા રાખીયે છીયે. કદાચ કોઈ સહાનુભૂતિ ન બતાવે તો બળાપો થાય છે. આપણને કોઈની સહાનુભૂતિ ન જોઇયે પણ આત્માની સહાનુભૂતિ જોઇયે. અંદરથી નીકળતી આત્માની સહાનુભૂતિ આગળ દુનિયાની સહાનુભૂતિ કશાય હિસાબમાં નથી.

આમ અર્જુનમાળીએ છમાસ સુધી અખંડ તપ કર્યું. એક પણ દુર્ભાવ ન કેળવ્યો. નયન સામે ભગવાનની જ છબી તરતી હતી. એ વિચારતાં કે મુખથી કેવી મધુર વાણી ઝરી રહી છે. નિર્મળ આંખોમાંથી કેવી અપાર કરૂણા વહી રહી છે. આ વિચારે એ દેહના દુઃખ ભુલી ગયા. અને છ જ મહિનામાં સર્વ કર્મ ખપાવી દીધા. આત્મા નિર્મળ બન્યો. અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

કારણ એમને આત્માનું સંશોધન કર્યું. આત્માને સંયમથી ધોઈ નાખ્યો અને કરેલા દાનવતાના કાળા કામો શુભભાવનાથી સાફ કરી નાંખ્યા. એમનો આત્મા કાંચનસમ નિર્મળ બની ગયો. ભગવાનના એક જ સમાગમથી આખું જીવન સુધરી ગયું.

આ કથા ઉપરથી આમણે સમજવાનું એ જ છે, કે અર્જુનમાળીએ પ્રભુના સમાગમથી વૃત્તિઓને સંયમિત કરી, આત્મશક્તિને કેળવી, દેહના દુઃખોને સહન કરી, પાપને પખાળી નાખ્યા અને જન્મ-મરણના બંધનમાથી મુક્ત બન્યા.

તેમ આપણે પણ ભગવંતની વાણી શ્રવણ કરી, આત્મરૂચી પ્રગટાવી અંતરને નિર્મળ બનાવીએ. અને જીવનના પટ પર લાગેલ કર્મના ધબ્બાને સંયમના-આત્મરમણતાના નીરથી ધોઈ નાંખીએ. તો આત્મસ્ફટિક સમ ઉજ્જવલ અને નિર્મળ બનતા પરમ અમૃતરસના સ્વાદનો અનુભવ કરશે.

મધની પ્રાપ્તિ પછી ભ્રમરને ભટકવું નથી પડતું. એ મધુરસની તૃપ્તિમાં જ લીન બને છે. આ લીનતા એ જ જીવનની પરમ આનંદની પ્રાપ્તિની તૃપ્તિ છે. આવી જીવન મુક્તિની પ્રાપ્તિની તૃપ્તિ અનુભવવી એ જ જીવનનો હેતુ છે. આ પામવા દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. આમાંથી એકની પણ ન્યૂનતા ત્યાં મુક્તિ ન સંભવે. હરડા-બેડા અને આમળા એટલે ત્રિફળા, તેમ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પૂર્ણ પ્રાપ્તિ એટલે જ મુક્તિ. આ પૂર્ણતાની પ્રાપ્તિ સૌને થાઓ! એ જ મહેચ્છા.



શાન્તિની સાધના

शते सुखं कः ? समाधिनिष्ठः, जागर्ति को वा ? सदसद्विवेकी ।
मित्राणि कानि ! निजेन्द्रयाणि, के शत्रवः ? तान्येवेन्द्रियाणि ॥१॥

આ સુભાષિતમાં શિષ્ય ચાર પ્રશ્ન પુછે છે અને ગુરુ તેનો ઉત્તર આપે છે. આપણા સમાજમાં તૃષ્ણા એવી ભયંકર રીતે ઘર કરી ગઈ છે, કે તમે ભાગ્યે જ એવો કોઈ માણુસ જોશો કે જે એમ કહેતો હોય કે મને શાંતિ છે. ઝૂંપડીમાંથી હવેલી થાય અને પગ ઘસતો હોય ત્યાં મોટર મળી જાય, છતાંય બહારની વૃત્તિ ઘટતી નથી અને અંતરની દિશા સુઝતી નથી. આપણે વૃત્તિઓના ગુલામ થઇને તથા પદાર્થના અયોગ્ય બંધનમાં જ જકડાઇને એવા પડયા રહીયે છીએ કે બહારના અસંખ્ય વિચારોમાં અને રોજરોજ નવું નવું મેળવવાની ઘેલછામાં શાતિ શામાં છે એ વિચાર જ કરતાં નથી.

દવા બે જાતની હોય છે. એક ખાવાની. બીજી ચોપડવાની માથું દુખતું હોય તો આપણે બામ લગાવીયે છીયે, પરંતુ કબજીયાત થઈ હોય તો બામથી માથાનું દર્દ મટતું નથી અને જોઈતી શાતિ મળતી નથી. કબજીયાત થઈ હોય તો ખાવાની દવા લેવી પડે છે પેટનો ભરાવો બગાડો દૂર ન થાય, તો માથાનો દુઃખાવો ન મટે.

બહારની દવા ગમે તેટલી લગાવો, પણ જ્યાં સુધી અંદરનો મલ નીકળે નહિ, ત્યાં સુધી માથાનો દુઃખાવો મટે નહિ અને જોઈતી શાંતિ મળે નહિ.

આજ રીતે બહારની ચીજો ગમે તેટલી ભેગી કરો. પરંતુ અંતરમાં જો શાંતિ નહિ હોય, તો વાસ્તવિક શાન્તિનો આનંદ લઈ શકશો નહિ. ભેગા કરેલા કે ભેગા કરવા મથતા પદાર્થો કદાચ આજે શાંતિ આપનાર નિવડશે, પરંતુ એજ પદાર્થો મૂકીને જવાનો સમય આવશે, ત્યારે એજ પદાર્થ પાછળ સેવેલા અરમાનો તમારા જીવનના અંગારારૂપ બની જશે, કે જ્યાંથી કેવલ વ્યથા-વલોપાત અને વ્યગ્રતા જ મળવાની છે. ચિત્તમાં પ્રસન્નતા છે અને બહારની લોલુપતા નથી. તેજ જીવનમાં શાંતિ મેળવી શકે છે. પૈસો-પદાર્થ કે પદવીની પ્રાપ્તિમાં શાંતિ શોધવી, તે તો મૃગજળના નીરથી તૃષા છીપાવવા જેવી નિરર્થક છે

શાંતિ ક્યાં છે?

આગ ઓલવવા મહેનત કરવા છતાં જેમ આગ વધતી જાય, તેમ શાન્તિની અનેક યોજનાઓ ઘડવા છતાં અશાંતિ વિસ્તરતી જાય છે. શાન્તિ સ્થાપવા માટેની કાગળની યોજનાના ઢંઢેરા જોતાં, આપણને નથી લાગતું કે આપણી અશાંતિની બુમો ખોટી છે? અથવા યોજનાનું સ્વરૂપ ખોટું છે?

સૌ પ્રથમ એ વિચારવું જોઈએ, કે શાંતિ શું છે? કેમ? અને અશાંતિ ફેલાય છે કેમ? આંતરરાષ્ટ્રીય અને વિશ્વવ્યાપક યોજનાઓ કરતી શાંતિની ચીજ મેળવા

માત્રથી શું શાંતિ સ્થાપશે ? શાંતિ છે કયાં ? એ મૌલિક વિચાર જ સુઝતો નથી. નહિતર અવનવા સાધનોની વિપુલતા વધવા છતા અને વિવિધ પ્રકારની યોજનાઓ પાછળ અબજોનો ધુમાડો કરવા છતા શાતિની સન્મુખ પહોંચવાને બદલે અશાતિની ભુતાવળો વધે ખરી ?

શાંતિ મળે શાથી ? આ પ્રશ્નનો યોગ્ય વિચાર કરી, યોગ્ય ઉપાય અજમાવાય તો જરૂર શાંતિ સર્જાય, પરંતુ મોટા ભાગનો ઉપાય અવળી દિશાનો છે, જેને લઇને શાંતિ ઝાઝવાના જળની પેઠે દૂર ને દૂર ભાગતી જાય છે અને માનવજાત અશાંતિના તાપમાં શેકાતી જાય છે.

જે દિશામાં જવાનું હોય, તે દિશાનું જ્ઞાન ન હોય, અથવા તે દિશાનો જાણકાર ભોમિયો સાથે ન હોય, તો માર્ગને બદલે કુમાર્ગે ચડી જવાય અને પરેશાન બની જવાય. આજે આપણે શાંતિના રાહથી ચ્યુત બની અશાંતિના હિમાયતી બન્યા હોઇયે તેમ નથી જણાતું ?

મહર્ષિ પતંજલી જણાવે છે, કે "સંપત્તિ અને સાધનો આદિ ભૌતિક પદાર્થો જ્ઞાની આત્મા માટે અંગારા સમા છે" અર્થાત્ પ્રાણીમાત્ર પદાર્થના મોહને લઈ વિષય કષાયની જ્વાળામાં જલી રહેલ છે આશ્ચર્ય તો એ જ છે, કે માનવ બધુય સમજતો છતા આશા-તૃષ્ણાના વમળમા અટવાઈ જઈ શાતિ ખોઈ બેઠો છે.

બંધુઓ ? શાંત ચિત્તે વિચારશો તો જણાશે, કે "આખોય સંસાર રાગ-દ્વેષના દાવાનલમાં બળી-જલી રહ્યો છે. ત્યાં શાંતિ છે કોને ?" એનો નિર્ણય કરવો

વિકટ પ્રશ્ન બની ગયો છે. કોઈ કરોડપતિ હોય, છતાં જો તે માન કે લોભ ભુખ્યો થયો હોય, તો શું તેની કરોડની મિલ્કત તેને શાંતિ આપશે ખરી? માનવ પાસે પુત્ર-પરિવાર-પત્નિ અને પૈસા હોવા છતાંય બીજાના સુખની ઈર્ષ્યાથી બળતો હોય, તો તેને શાંતિ મળે ખરી? આમ કામ-લોભ કે મોહની આગમાં બળતો હોય ત્યાં સુધી શાંતિ મેળવી શકતો નથી.

સાધારણ માણસ સાધન-સામગ્રી પાછળ દોડે છે, જ્યારે આધ્યાત્મિક પુરુષો આત્મસંશોધનમાં મગ્ન રહે છે. સાધારણ લોકો અંતરના દ્વાર બંધ કરી ચામડીની આંખે બહારની જ દુનીયા જુવે છે. જ્યારે આધ્યાત્મિક લોકો ચર્મચક્ષુ બંધ કરી અંતરની દૃષ્ટિથી આત્મદુનીયા નિહાળે છે. માનવ જ્યારથી બહારની દુનીયામા ઓતપ્રોત બનતો ગયો, ત્યારથી આત્માની દુનીયા ભુલતો ગયો. તેને દૃષ્ટિને માયાની છાંયામાં કાયાને ફરમાવી નાંખવા છતાંય માગ્યું નથી મળતું, જોઈતું નથી જડતું કે શોધ્યું નથી શોધાતું. ત્યારે હતાશ-ઉદ્વિગ્ન અને દુઃખી બની જાય છે. માટે સૌ પ્રથમ એ જ નિર્ણય કરો કે શાંતિ છે ક્યાં?

અશાંતિનું કારણ.

એક ગરીબ ડોસા ગામ બહાર રહેતી હતી. રહેવામાં ઘાસ ને પાંદડાની ઝુંપડી. સાધનમાં ફૂટેલાં માટીની કુલડી અને ચાર-પાંચ માટીનાં વાસણ. એક દિવસ ડોસીના ખપનું અંધારામાં ફાટેલ કપડું સાંધતી હતી. ત્યાં તેના હાથમાંથી સોય પડી ગઈ. અંધારું હોવાથી શોધવાને દીપ

દેખાણી નહિ. પ્રકાશ માટે કોડીયામાં પૂરવા તેલ પણ મળે નહિ, એટલે થોડે દૂર સુધરાઈની બત્તી પાસે જઇ સોય શોધવા લાગી.

એવામાં એક માણુસ ત્યાંથી નીકળ્યો. તેણે વૃદ્ધાને પૂછ્યું, માજી શું શોધો છો ? વૃદ્ધાએ કહ્યુ. ભાઈ? સોય શોધું છું, માજી ? સોય કયાં પડી છે ? ભાઈ પડી છે તો ઘરમાં, પણ ત્યાં અંધારૂં હોવાથી અહિં શોધું છું. માણસે આશ્ચર્ય સાથે કહ્યુ, માજી ? સોય પડી છે ઘરમાં અને શોધો છો બહાર, તો સોય જડશે ખરી ?

બંધુઓ ! કહેવાનો આશય એ જ છે કે 'જેમ વૃદ્ધા ભુલ કરી રહી હતી; તેમ આજના માનવો પણ શાંતિ મેળવવાના પ્રયત્નોમાં ભુલ કરી રહ્યા છે. શાંતિનું નિર્મળ નીર તો આપની અંદર જ છે. તેને બહારની દુનિયામાં શોધવાથી ભલા કયાંથી મળશે ? શાંતિનું પીયૂષપાન કરવું હોય તો તૃષ્ણા તરૂણીને દૂર કરી, બહારની દુનીયાને ભુલી, અંદરની દુનીયામાં આવો ?

શાતિની સાધના જીવનજરૂરીયાત પર કાપ મૂકવામાં છે જેટલી જરૂરીયાત વધારે તેટલી આળ-પંપાળ અને પ્રપચો પણ વધારે ઝુંપડીમા વસનારને જ્યારે હવેલીનું ભાન થાય છે અને તે મેળવવાની મથામણ જાગે છે ત્યારે રહી-સહી પણ શાન્તિ ગુમાવી દે છે. માનેલી વસ્તુ ન મળતાં જીવન ભારભૂત અને બંધનભૂત લાગે છે. જરૂરીયાતો વધારવા જતા અસલ શાન્તિ ઉડી જાય છે અને નકલ શાતિ

મેળવવા બાગ-બગીચા, સીનેમા-નાટક અને હોટલ રેસ્ટોરન્ટમાં આંટા મારે છે.

"ત્યાગાત્ શાન્તિઃ" ત્યાગથી શાંતિ મળે છે; પરંતુ ખેદ જણાવવું પડે છે, કે "આજનો માનવ વીતરાગના વચનો વિસરી રંગરાગની રમતમાં પડી ગયો, પૈસાનો પૂજારી બનતાં આત્મશિકારી બનતો ગયો, આવશ્યકતા ઘટાડવાને બદલે પ્રતિદિન આવશ્યકતા વધારતો ગયો, ઈર્ષ્યા દ્વેષ અને હરિફાઈના કાદવ ઉડાડી જીવનબાગ વેરાન બનાવતો ગયો. આમ વિલાસી સાધનો પાછળ ત્યાગ અને સંતોષનું મૂલ્યાંકન ઘટતું ગયું. આંધળીયા અનુકરણની દોટ પાછળ આત્માનું દેવાળું નીકળતું ગયું. આવા અનેક પરિણામો આંખ સામે મોજુદ હોવા છતાં સ્ટેજ કે મંચ પરથી અજ્ઞાનના નાણાંનું પાણી કરનાર બાહ્યચળકાટદ્વારા શાન્તિની વાતો કરતાં આજનો માનવ નથી શરમાતો." આ પણ આજના યુગનું એક આશ્ચર્ય જ ગણવું ને?

રોજરોજ થતી નવી નવી શોધો. નવા નવા કૃત્રિમ સાધનો અને માનવ હૈયામાં અડ્ડો જમાવી પરદેશ નવી નવી સગવડતા ઉભી કરવાનો રૂપી રોગ, કે જે ભોગોપભોગના વિકારી જંતુઓ આત્માની શાંતિને હણી નાંખે છે. આજ શાંતિના ભોગ ની વિલાસનું વળગાડ ઝડપે વધવાનું જાય છે. જે વર્તમાનના પતાકે ત્યાગને ધ્યાને કેળવી, સંતોષવૃત્તિ ભાવનાને આધ્યાત્મની અને વિરાગની નીતિ વિચારણાની પ્રતિષ્ઠા વધારવી જરૂર છે. આ પ્રમાણનો વિચારોને દ્વાર માનવજાતને

સંયમની મજા ભુલાઈ જાય છે અને ઇર્ષ્યા-હરિફાઈ અને સંતાપની ઉધઇઓ કાળજાને કોતરી ખાય છે.

"लोहो सव्वविणासओ" લોભ એજ સર્વવિનાશનું મૂળ છે. સંગ્રહવૃત્તિ કે સ્વાર્થવૃત્તિ એ લોભનું રૂપાન્તર છે. આ વૃત્તિએ જ માનવતાના અંશો ઉપર તેજાપ રેડયા છે. લોભવૃત્તિના પાપે માનવે માજા મૂકી છે. આજની નફાખોરી-સંગ્રહખોરી અને સત્તાખોરીએ જીવનમાંથી બંધુપ્રેમ-રાષ્ટ્રપ્રેમ અને ધર્મપ્રેમને દેશવટો દીધો છે. બેફામ વધતી જતી બ્લેક માર્કેટે-કાળાબજારીયાએ બતાવી આપ્યું છે, કે 'જીવનની ખાદ્ય પદાર્થ જેવી ઉપયોગી ચીજોમાં થતી ભેળસેળ. જીવનને સહાયતભૂત બનતી દવાઓમાં અને ઇંજીક્ષનોમાં થતાં ભયંકર ગોટાળાઓ. તથા આવી પિશાચી રમતો રમતાંની સામે થતાં આંખ-મીચામણાં. આવી ઈરાદા પૂર્વક ખેલાતી જીવન-મરણની બાજીઓ, તે શું આપણા માટે શરમનો અને ખેદનો વિષય નથી ?"

જે દેશ પ્રાણીમાત્રને પોતાના આત્મા સમાન માની, તેના પ્રત્યે સમભાવ અને કરૂણાનો ઝરો વર્ષાવનાર છે. તે જ દેશમા જન્મ લઈ આર્યત્વના અમરનામ પર કાળો કુચડો ફેરવી, સત્તા અને લોભના હાઉએ જે નિર્દયતા અને નિષ્ઠુરતાનો પંજો બનાવવા માંડયો છે, તે ખરેખર આ યુગનું ન ભુંસાય તેવું હીનનાભર્યું કલંક નહિ તો બીજુ શું લેખાય ?

આજની વધતી જતી અનાચારની પ્રવૃત્તિમાં મદદગાર લોભવૃત્તિ જ છે. છતાંય માનવજીવન સાથે ખેલાતી જીવલેણ રમતનો પ્રેરક આપણી વિલાસીવૃત્તિ જ જવાબદાર ગણી શકાય, કારણ વિલાસસુખ પોષવા જતાં ધનલોભ વધે છે. આ ધનલોભ જ માણસ પાસે આવા કારમા કર્મો કરાવે છે. વિલાસની બિમારીથી આત્મખુમારી ખુટી ગઈ છે અને લોભનો પૂજારી બની અનાચારનો શિકારી બની બેઠો છે. એમ કહીએ તો પણ કશુંય ખોટું નથી. આવા બેફામ વર્તનથી સદાચારની ઘોર ખોદાતી હોય, વિલાસ-વિષાદ અને વિદ્રોહ પાછળ [illegible]-લોભના અને [illegible] પાયા નખાઈ જતાં હોય, ત્યાં શાંતિનો કિનારો કે સુખનો નજારો સંભવે ખરો ?

માનો કે તમારા હાથમાં દસ તોલા સોનું છે, તો આજનો માનવ પોતાના [illegible] માનવનું ખૂન કરતા અચકાશે ખરો ? તોળી અને [illegible] માનવને દસ તોલા સોનાની જેટલી કિંમત છે, તેટલી કિંમત માનવની નથી. આજ કેટલાં સોનાને કિંમતિ ગણનારને માનવ ગણવા કે દાનવ ?

આવા બનાવો આપણે અહિં રોજ કે રોજ [illegible] જાણવાનું [illegible] છીએ, દૈનિકોની દુનિયા [illegible] નથી આવતા. [illegible]

શાંતિ નહિ આપી શકે. જીવનને શાંતિથી સભર બનાવવા જીવન જરૂરીયાતો પર કાપ મૂકો. જ્યાં સંતોષ નથી ત્યાં શાંતિ નથી. આ માટે એક વિદ્વાન કહે છે, કે

"Contentment is a Pearl of great price and whoever procures it at the expense af tenthousand desires makes a wise and happy purchase."

સંતોષ એ મહાકિંમતિ મોતિ છે. જે કોઇ દશ હજાર વાસનાનું બલીદાન આપી એ મોતિ–સંતોષ ખરીદે છે, તે બુદ્ધિ અને સુખને ખરીદે છે. અર્થાત ખાવું–પીવું-ઓઢવું કે ભોગવવું વગેરેની આસકિતઓ જાય, ત્યારે જ જીવન સંતોષી બને છે. વાસનાનો ત્યાગ એજ શાંતિની સાધનાનું મહાન સાધન છે.

એક બાજુ શાંતિની વાતો થાય છે. ત્યારે બીજી બાજુ મળે એટલું ભેગુ કરી લેવાની હાય-બળતરામાં શાંતિથી ઉંઘી પણ શકતો નથી. માનવ પૈસો–પ્રમદા કે પદવીની પાછળ હરણફાળ મારતો હોય છે, તથા કુદરતી બળને નાથવા આત્માની મુડી વેડફી દેતો હોય છે જાણે શિકાર પાછળ શિકારી કુતરો દોડતો હોય, તેમ ઘર–દુકાન–ઓફિસ અને કારખાના પાછળ ભાગંભાગ કરતો હોય છે, જાણે કે એક મિનિટની ફુરસદ ન હોય તેમ યાંત્રિક માનવ પેઠે જીવન-જીવતો હોય, ત્યાં શાંતિની વાત કેવી ?

સાંજે થાકીને લોથ થઇ ગયો હોય, ત્યારે ક્લબમાં જઇ પાના ટીચે, દારૂ ટીચે, વિષયવિલાસમાં નાચે, સિનેમામાં

જઈ રૂપરાશી પર રાચે, તથા મધપાન સુધી જો આવે તે પેટની ગટરમાં ઓરે રાખે. આમ બહારની કૃત્રિમ શાંતિની શોધમાં ખરી સાચી શાંતિ ખોઈ બેસે છે, અથવા [illegible] મહાઅબ્ધિમાં ઘેરાઈ જઈ અકાલે મૃત્યુ પામે છે,

આજના વિજ્ઞાનયુગમાં શોધેલી સિદ્ધિઓ છતાંય જીવનમાં શાંતિ છે ક્યાં? સંતોષની [illegible] સુધી [illegible] કે [illegible] તે [illegible]? [illegible] કે દુઃખીયાની [illegible] ખબર રાખી? પાડોશીના પડખે રહી પાડોશી ધર્મ બજાવ્યાનો આનંદ મેળવ્યો? વડીલ કે સ્વજન આગળ નમ્રભાવે બેસી બેસી સુખ-દુઃખની વાતો કરી? અરે! [illegible]. પરંતુ પુત્ર કે પત્ની સાથે નિરાંતે બેસી આનંદ-પ્રમોદ કર્યાનો સંતોષ કેટલો મેળવ્યો? જવાબમાં નિરાશા સિવાય કંઈ મળશે ખરું? શું માનવજીવન [illegible] પૂરતું જ છે? કે જીવનનું કંઈ [illegible] છે? [illegible] શાંતિનો [illegible]

કેટલાક [illegible]

ખર્ચ જુઓ ? અકસ્માત્-આપઘાત અને ખુનના આંકડા તપાસો ? તો એ પ્રજાની સુખ-શાંતિ અને તન-મનની નબળાઈઓનો તાગ મળી જશે. આમ અબજોનું આંધણ છતાં આગમાંથી શિલતતા મેળવવાની જેમ શાંતિ મેળવવી નિરર્થક નિવડી છે. ત્યારે સહુજ પૂછવાનું દીલ થાય છે, કે શાંતિ માટે ભેગો કરેલો સોનાનો ઢગલો અને વિજ્ઞાનની શોધેલી સિદ્ધિઓનો આજ નતીજો ?

આજનો માનવ કદાચ પુણ્યબળે કુદરતને નાથી શકશે, પૈસાના કે સાધનોના પહાડો પણ ખડકી શકશે. મધલાળ સમી મીઠી વાણીથી ધાર્યા ફાયદાઓ પણ મેળવી શકશે. પરંતુ જો તૃષ્ણાના તારને તોડવાનો કસબ ન જાણ્યો, તો એ જ કુદરતની સ્વારી અને મનની ખુમારી તમારા જીવનની માત્ર બીમારી બની જશે

આજનો માનવ જે થાકથી થરથરી રહેલ છે, તે મોતની હાક કરતાં લટકતા મોતની ધાક સમ મહાભયંકર છે. આપણે સૌ જાણીયે છીએ કે આજે આખી દુનીયા કાળનો કોળીયો બની જવાની ઘડીયો ગણતો હોય છે એવી કારમી અશાંતિ મોઢા સામે ખડી થઈ છે, છતાં માનવ બે બગડાના ચાર અને બાવીશ કયારે થાય છે. એવી સાદી ગણીત જેવી વાતો પણ સમજવા તૈયાર નથી

શિષ્યનો પ્રશ્ન

હેડની દુનીયાને દાગીનાથી દીપાવે કે ચંદ્રની ચાંદનીશી ચમકતી બનાવે, પરંતુ હૈયામા ચાણા નાખી પડેલા ખાઉધરા

શયતાનો અને કાળા કામો કરાવનાર કામ-ક્રોધ-લોભ અને મોહાદિ ધાડપાડુઓ દિનરાત આમ અંતરને લુંટી માનવને ઊંધે રવાડે ચડાવી દીધો છે. આથી અંદર ઝનૂનોની ઉભી કરેલી ભૂતાવળ માનવને અકળાવ્યા કરે છે, છતાં ભૌતિક સુખની અભિલાષા અને ધનદોલતની લાલસામાં અંતરની દુનિયાનું જતન જેનું કરી ઉંઘ વેચી ઉજાગરા ખરીદે છે, ત્યાં શાંતિની ઉંઘ આવે ક્યાંથી? આથી જ શિષ્ય પ્રશ્ન કરે છે કે:—

"કેને સુખે વસે- સુખપૂર્વક ઉંઘે કોણ? અંતરમાં શાંતિ ન હોય તો ઉંઘવા છતાં પણ ઉંઘ ન આવે. ઉંઘવામાં પણ શાંતિ જોઈએ. ચિત્ત જો શાંત ન હોય તો અનેક વિચારોની હારમાળા ખડી થાય છે. જેથી ઉંઘવાની મજા ન આવે. પૈસો-પરિવાર-પુત્ર-પત્નિ-વગેરેની હેલ અને સુખના સાધનો હોવા છતાં, મન અનેક આશા-નિરાશાની ગડમથલમાં રમતું હોય, તો ઉંઘવાની ઇચ્છા છતાં ઉંઘ આવતી નથી. કેટલાય માનવો એવા છે કે જેને ખાવું હોવા છતાં ઉંઘવા માટે દવા કે ઇંજેકશનો લેવા પડે છે. કારણ ચિત્તમાં શાંતિ નથી. જેથી ગાઢ ઊંઘ અને મનની મોજ ઉડાવવા તેને કૃત્રિમ ઉપાયોનો આશ્રય લેવા પડે છે. માટે જ શિષ્યે પ્રશ્ન કર્યો છે, કે શાંતિથી કોણ ઉંઘે છે?

"કસ્ય નિદ્રા—" શિષ્યના પ્રશ્નનો ગુરૂ જવાબ આપે છે, કે સમાધિસ્થઃ, અંતરનું [illegible] ચિંતન કરનાર

ભુલી જાય છે. સંગીતના સૂરમાં ભાનભુલેલ મૃગલો, સામે રહેલું મૃત્યુ પણ દેખી શકતો નથી. તેમ સંસારની સુખજાળમા સપડાયેલ માનવ ભોગની ભયંકરતા જોઇ શકતો નથી. રાજા પણ દેહ અને ઈન્દ્રિય જન્ય સુખનો વિચાર કરતો સુઇ ગયો. આ બાજુ આત્મચિંતન કરતાં સંત પણ ધરતીના ખોળે પોઢી ગયા.

પ્રભાત થતાં રાજાએ સાધુને બોલાવ્યા. સંત આવતાં જ પૂછ્યું. મહારાજ? રાત કેસી બીતી ? સસ્મિતભાવે. સંતે કહ્યું રાજન્? 'આધી તીરે જેસી ઓર આધી તેરે સેભી અચ્છી" શું કહ્યું મહારાજ? એકલા-અટુલું ફરવું. લુખુ-સુકુ જે મળે તે ખાવું. ખાડા-ટેકરામાં જ્યાં ત્યા પડયા રહેવું. જ્યારે મારે તો સુવા માટે પલંગ. ઓશિકા-ચિત્રામણ વાળો ચંદરવો. ચારે બાજુ રોશની. દાસદાસીઓનો પરિવાર અને સ્રીના સુંવાળા સહયોગો. આમાનું તમારે કશુય નથી છતા કહો છો કે "અડધી તારા જેવી અને અડધી તારાથી સારી?'

રાજન્! તું પલંગ પર પોઢયો. હું ધરતીના ખોળે સુતો. સુઇ ગયા બાદ સુંવાળી શય્યા કે ખાડા-ટેકરા બને સરખા જ છે વળી જેની પાસે પૃથ્વી રૂપી પલંગ, બાહુ રૂપી ઓશિકા, આકાશ રૂપી ચંદરવો, ચંદ્ર-સૂર્યની રોશની, દિશાઓ રૂપી દાસીઓ અને વિરતિ રૂપી વનિતાના સહયોગો છે એવા નિસ્પૃહી સંતો ધરતીના ખોળે શાંતિથી ઉંઘી શકે છે.

જ્યારે તને મળેલા સાધનો કેમ સાચવવા તેની અનેક ચિંતાઓ સતાવે છે. જેની પાસે છે તેને જવાનો કે લુંટાવાનો

ભય હોય છે. જેની પાસે કશુંય નથી તેને કશોય ભય પણ નથી.

ગુરૂનો પ્રત્યુત્તર.

શાંતિચિત્તે સંતે આગળ જણાવ્યું. કે "જે પદાર્થને કે પદાર્થના સુખને તારા માને છે. તે પદાર્થ કે પદાર્થનું સુખ તારૂં છે ખરૂં? અને તે સુખ ટકશે ખરૂં? કદાચ માન કે ટકશે તો તું ટકીશ ખરો? જવાનું-રહેવાનું નથી એ તો નિશ્ચય છે. દીર્ઘકાલ સુધી ભોગવેલ વિષયના સાધનો એકવખત અવશ્ય જવાના છે. જે સમજીને મુકે છે. તે શાંતિથી જીવનયાત્રા પૂર્ણ કરે છે. અને જે પરાણે મૂકે છે, તે સળગીને મરે છે.

"खणमित्त सुक्खा बहुकालदुक्खा" ભોગથી ક્ષણમાત્ર સુખ મળે છે, પરંતુ પાછળ લાંબા કાલ સુધી દુઃખી બનવું પડે છે. શાંતિના અર્થીએ ભોગ્ય પદાર્થોથી દૂર રહેવું ઘટે છે; પરંતુ આપણી ચારે બાજુ મોહનું સામ્રાજ્ય એટલું બધું ઘેરાઇ ગયું છે, કે આત્મા સ્વરૂપ કે આત્મ શાંતિને વાસ્તવિકતયા સમજી શકતા નથી. બાલક રમકડા પાછળ આનંદ માને છે, તેમ આપણે પણ બહારના રમકડાં પોતાના ગણી, તેને જ શાંતિનુ સાધન માનીએ છીએ.

જે જ્ઞાની આત્મા છે, તે સંસારના રંગરાગમાં ડુબેલા જીવોને જોઇ, એમ જ વિચારે છે, કે આ જીવો જેમા શાંતિ માને છે, તે શાંતિ શાશ્વત નથી. અજ્ઞાની તો એમ જ માને, કે આને મળ્યું તેવું મને મળો, તમારી

ભુલી જાય છે. સંગીતના સૂરમાં ભાનભુલેલ મૃગલો, સામે રહેલું મૃત્યુ પણ દેખી શકતો નથી. તેમ સંસારની સુખજાળમાં સપડાયેલ માનવ ભોગની ભયંકરતા જોઇ શકતો નથી. રાજા પણ દેહ અને ઈન્દ્રિય જન્ય સુખનો વિચાર કરતો સુઇ ગયો. આ બાજુ આત્મચિંતન કરતાં સંત પણ ધરતીના ખોળે પોઢી ગયા.

પ્રભાત થતાં રાજાએ સાધુને બોલાવ્યા. સંત આવતાં જ પૂછ્યું. મહારાજ? રાત કેસી બીતી ? સસ્મિતભાવે. સંતે કહ્યું રાજન્? "આધી તીરે જેસી ઓર આધી તેરે સેબી અચ્છી" શું કહ્યું મહારાજ? એકલા-અટુલું ફરવું. લુખુ-સુકુ જે મળે તે ખાવુ. ખાડા-ટેકરામાં જ્યાં ત્યાં પડયા રહેવું. જ્યારે મારે તો સુવા માટે પલંગ. ઓશિકા-ચિત્રામણ વાળો ચંદરવો. ચારે બાજુ રોશની. દાસદાસીઓનો પરિવાર અને સ્રીના સુંવાળા સહયોગો. આમાનું તમારે કશુય નથી છતા કહો છો કે "અડધી તારા જેવી અને અડધી તારાથી સારી?'

રાજન્! તું પલગ પર પોઢયો. હું ધરતીના ખોળે સુતો. સુઇ ગયા બાદ સુંવાળી શય્યા કે ખાડા-ટેકરા બને સરખા જ છે. વળી જેની પાસે પૃથ્વી રૂપી પલંગ, બાહુ રૂપી ઓશિકા, આકાશ રૂપી ચંદરવો, ચંદ્ર-સૂર્યની રોશની, દિશાઓ રૂપી દાસીઓ અને વિરતિ રૂપી વનિતાના સહયોગો છે એવા નિષ્પૃહી સંતો ધરતીના ખોળે શાતિથી ઉંઘી શકે છે.

જ્યારે તને મળેલા સાધેનો કેમ સાચવવા તેની અનેક ચિંતાઓ સતાવે છે. જેની પાસે છે તેને જવાનો કે લુંટાવાનો

ભય હોય છે. જેની પાસે કશુંય નથી તેને કશોય ભય પણ નથી.

ગુરૂનો પ્રત્યુત્તર.

શાંતિચિત્તે સંતે આગળ જણાવ્યું, કે "જે પદાર્થને કે પદાર્થના સુખને તારા માને છે. તે પદાર્થ કે પદાર્થનું સુખ તારૂં છે ખરૂં ? અને તે સુખ ટકશે ખરૂં ? કદાચ માન કે ટકશે તો તું ટકીશ ખરો ? જવાનું-રહેવાનું નથી એ તો નિશ્ચય છે દીર્ઘકાલ સુધી ભોગવેલ વિષયના સાધનો એકવખત અવશ્ય જવાના છે. જે સમજીને મુકે છે. તે શાંતિથી જીવનયાત્રા પૂર્ણ કરે છે. અને જે પરાણે મૂકે છે, તે સળગીને મરે છે.

"खणमित्त सुक्खा बहुकालदुक्खा" ભોગથી ક્ષણમાત્ર સુખ મળે છે, પરંતુ પાછળ લાંબા કાલ સુધી દુઃખી બનવું પડે છે. શાંતિના અર્થીએ ભોગ્ય પદાર્થોથી દૂર રહેવું ઘટે છે; પરંતુ આપણી ચારે બાજુ મોહનું સામ્રાજ્ય એટલું બધું ઘેરાઇ ગયું છે, કે આત્મા સ્વરૂપ કે આત્મ શાંતિને વાસ્તવિકતયા સમજી શકતા નથી. બાલક રમકડા પાછળ આનંદ માને છે, તેમ આપણે પણ બહારના રમકડાં પોતાના ગણી, તેને જ શાંતિનું સાધન માનીએ છીએ

જે જ્ઞાની આત્મા છે, તે સંસારના રંગરાગમા ડુબેલા જીવોને જોઇ, એમ જ વિચારે છે, કે આ જીવો જેમા શાંતિ માને છે, તે શાંતિ શાશ્વત નથી. અજ્ઞાની તો એમ જ માને, કે આને મળ્યું તેવું મને મળો, તમારી

પાસે આભૂષણ હોય, મોટર હોય, સુંદર વસ્ત્રો હોય; શાંતિથી બેઠા હો, તો તમને દેખી, સંસારી જીવ તરત જ કપાળે હાથ અડાડી કહેશે, કે અમારા ભાગ્યમાં એવું કયાંથી હોય! આત્મદૃષ્ટિ વગરનો માનવ તમારું સુખ દેખી બળવાનો છે. જેથી એની શાંતિ ઉડી જાય છે. કારણ એની પાસે જે સાધનો છે, એમા એને સુખ નથી. તૃપ્તિ નથી. બીજાનાં સાધનો, બીજાનો ભપકો અને બીજાનો વૈભવ જોઈ, આજે લોકો પોતાનુ જીવન ધૂળધાણી બનાવી રહ્યા છે. તમો આટલો જ વિચાર કરો કે અમારી પાસે જે છે. તેમાં જ અમને સતોષ છે. તો શાંતિ શોધવા જવું નહિ પડે.

માનવ અંતરથી વિચારે, કે આ બધુય ભેગું કર્યું, એમાં મારૂં શું! આથી મારૂં કલ્યાણ શું! પરંતુ તરગો ઉછળતા હોય ત્યાં સુધી તળીયું ન દેખાય. તરગો શાંત થાય ત્યારે તળીયું દેખાય. તેમ તૃષ્ણા શાંત થાય તો જ અંતર-તળીયું જણાય આપણે પણ દીલનું દર્પણ દેખી એ જ શોધવાનું છે, કે આ બધુય મલ્યું છતાં એનો સરવાળો શો! જેની પાછળ આત્માની શાંતિ ગુંગળાવી દીધી છે, તેમાં કઈ ચીજ એવી છે, કે જે તમને શાંતિ આપે છે! જેને જોઈને જતી રહેવાની બીનિ રહેતી હોય, એવી નિનશ્વર વસ્તુ પાછળ આટલી બધી ધાંધલ મચાવવાનો અર્થ શો? તેની પાછળ કાળી મજુરી કરી આત્માનું વેચાણ શા માટે?

રાજન્! વિચાર કર! તારા જીવનમાં શાંતિ નથી ભાગ્ય તારા માથે બાર છે. માથા પર પત્થરનુ પડ હોય

તો ઉંઘવા છતાં ઉંઘાતું નથી. શાંતિથી ઉંઘ કોને આવે? જેને માથે ભાર નથી તેને. આજે આપણે માથે બોજો લઈને ફરીએ છીએ ઉંઘવા છતાં મગજમા ભારે ભાર ભર્યો છે. જે ભાર આપણને ઉઘવા દેતો નથી ઉંઘમાં પણ લીધા-દીધાનો બકવાટ ચાલુ. અરે ખાતાં-ખાતાં પણ ભુંગળું તો પાસે જ. એક કોળીએ ખાધો ન ખાધો ત્યાં "બોલાવ" ચાલુ. જે પેટ માટે આટલી વેઠ થાય છે. તે પેટ માટે પણ બે ઘડી શાંતિથી બેસી ખવાતુ નથી.

શેઠ-શાહુકારને માથે અનેક ઉપાધિઓનો ભાર હોય છે. કાળજામાં અનેક ચિંતાના કીડાઓ ખદબદતાં હોય છે. જેથી ઉંઘવા છતાં ઉંઘ નથી આવતી, ત્યારે પરાણે ઉંઘ લાવવા બહારની દવા અને ઈંજીકનો જેવા કૃત્રિમ સાધનો અજમાવવા પડે છે. જ્યારે કાળી મજુરી કરી સવારનું સાંજે અને સાંજનું સવારે ખાનાર બે ઘડી કુટુંબ સાથે આનંદ ગોષ્ઠિ કરતા ધરતીના ખોળે શાંતિથી ઉંઘી જાય છે. માટે જ્ઞાનીએ કહ્યું. કે શાંતિ મેળવવા-શાંતિથી ઉંઘવા ચિત્તની સ્વસ્થતા કેળવો.

અહિં સંતે પણ રાજાને એ જ જણાવ્યું, કે અડધી રાત તો હું નિરાતે ઉંઘ્યો બાકીની અડધી રાત પ્રભુ પ્રાર્થના અને આત્મચિંતનમાં ગઈ. આમ અડધી રાત તારી જેમ ઉંઘમાં ગઈ. જ્યારે તારી અડધી રાત ભેગા કરેલા પદાર્થની જાળવણીની ચિંતામાં ગઈ, માટે અડધી રાત તારાથી સારી ગઈ.

સમાધિ કે ઉપાધિ?

આપણે શાંતિ મેળવવા સમાધિ-ચિત્તસ્વસ્થતાની વાત

કરી. પરંતુ ખેદદીલી તો એ જ છે કે જ્યાં સમાધિ કેળવવા અને ઉપાધિ ટાળવા જઈએ છીએ, ત્યાં પણ ઉપાધિનો વળગાડ તો સાથે ને સાથે.

માનો કે તમો પ્રભુ પાસે ગયા, ત્યાં પણ કઈ ભાવના? ઉપાધિની જ ને? ત્યાં શું માંગો છો? લક્ષ્મી-લલના અને લોકકીર્તિની જ વાતને? ત્યાં ભૌતિક માંગણી ખરી ને? જ્યાં ભૌતિક ભાવના ત્યાં ઉપાધિ ખરી કે નહિ? જે ઉપાધિઓ છોડવા જવાનું છે, તેજ ઉપાધિઓની માંગણી થાય તો ઉપાધિ છૂટશે કે ઉપાધિનો વળગાડ વળગશે? ઉપાધિ અળગી કર્યા સિવાય સમાધિ આવે નહિ

જે કાંઈ કરો તે મન શુદ્ધિથી કરો? મન નિર્મળ હશે, તો જ વીતરાગની છાયા આત્મામા પડશે. એવી તૈયારી સાથે જાવ કે દર્શન કરતાં જ વીતરાગની છાંયા હૈયામાં ઉપસી આવે. વીતરાગદેવ પાસે ગયા અને ત્યાગની છાંયા થોડીવાર પણ ન આવે, તો પ્રભુ પાસે ગયા શા કામના?

આપણે પ્રભુ-પ્રક્ષાલ કર્યો. અંગલુંછણા કર્યાં. બાદ કેશરની વાટકી લેવા ગયા. એટલામાં બીજો આવી પ્રભુ-પૂજા કરી રવાના થયો. તમે આવીને પૂજા કરેલી જોતાં માઠું બોલજો? મગજનો પારો ચઢી જાય ને? મનમાં કહોને? કે માળો કેવો મૂર્ખો! હું કેશર લઈને આવું એટલામાં તો ઝટપટ પૂજા કરીને ચાલ્યો ગયો! અને જો તમારામાં ગાંડપણ હશે તો રાડારાડ કરી મૂકશો. કંઈ ભાન

બાન બળ્યું છે કે નહિ? મારી પહેલા પૂજા કરી લીધી? આમ શાંતિનું મેદાન વચનબાણનું ચોગાન બની જશે

આવો વિચાર કેમ આવે છે? તે વખતે એમ કેમ વિચાર નથી આવતો કે આની ભાવના કેવી ઉત્તમ છે! કે મારા કરતા પહેલા મારા દેવની પૂજા કરી લીધી. વગર વિલંબે પૂજાનો લાભ લઈ લીધો તમારામાં જો આવી વિશાલ ભાવના ભરેલી હશે, તો ગરમ થવાને બદલે ઉપરથી કહેશો, કે ભાઈ પહેલી પૂજા તમે કરો! જે કંઈ કરવાનું છે તે ભાવનાથી જ કરવાનું છે. ભાવના જો સારી નહિ હોય તો પહેલી પૂજાથી પણ શું? જો ભાવના સારી તો પાછળથી પૂજા કરો તો પણ પહેલીજ પૂજા થઈ ગઈ સમજવી.

એટલે વાત એ છે, કે આપણે સમાધિ કેળવવા અને ઉપાધિ ટાળવા આપનું જીવન ધીરે ધીરે વિશુદ્ધ કરવું જોઈએ. જેથી વીતરાગની છબી આપણા અંતરમાં પડે તથા એજ ભાવો ઘર-દુકાન કે વ્યવહારમાં આપણી સાથે રહી જીવનશુદ્ધિના માર્ગદર્શક બને.

આપણે સામયિકમાં બેઠા હોઈએ એવામાં બહારથી બે માણસો આવે અને આપણને જોઈને બોલે, કે "માળો છે તો બગભગત, પણ ડોળ કેવો ભગતનો કરે છે." આ સાંભળતા શું થાય? મનમાં શાંતિ રહે છે ખરી! કે તરત જ બોલનાર તરફ બબડવા મંડો ને? શું હું બગભગત! તમો અને તમારો બાપ હશે, હું નહિ સમજ્યાં ને! આમ પારાયણમાં પડી સામયિકની મજા મારી નાંખે છે.

પરંતુ આ તો આપણી પરીક્ષાનો પ્રસંગ સમજવો જોઈએ. આવા સમયે એમ વિચારવું ઘટે, કે ભલે ને એ લોકો મનફાવતું બોલે. એમનું ગમે તેવું બોલવું હોય છતાં મારે શું? હું તો બહારની ઉપાધિ–ધમાલથી મુક્ત બની બેઠો છું. હું તો અંતરની શાંતિ મેળવવા આવ્યો છુ. આવો વિચાર આવે છે ખરો?

હરકોઇ ક્રિયામાં આશ્રવના (પાપના) માર્ગો સંવરના (શુભ વિચારના) દ્વારોથી બંધ નથી કર્યા, ત્યા સુધી ક્રિયાની જોઇતી મજા નથી આવતી. સમાધિના સ્થાને પણ ઉપાધિ રાખે તેને જણાવે છે, કે

ઉઠી સવારે સામયિક લીધું, પણ બારણું નવી દીધુંજી.
કાળો કુતરો ઘરમાં પેઠો, ઘી સઘળું તેને પીધું જી–૧

ઉપવાસ કર્યો. પારણું કરવા બેઠા. તેમાં મગ કે રાબડી ન મળી, તો તરત બોલો ને? શુ મગ નથી બનાવ્યા? ઉપવાસ કરીને મરી જઇયે, છતાં તમને પારણાનો ખ્યાલ નથી? ભલા ઉપવાસ મરવા નહિં, પણ અમર બનવા માટે છે. મનગમતું ખાવા માટે ઉપ-વાસ નથી; પણ જીભનો સ્વાદ ઓછો કરવા માટે છે સારૂં સારૂં ખાવાની માનસિક વૃત્તિને જીતવા માટે ઉપવાસ છે. એ વાત પારણા વખતે ભુલી જવાય છે,

કદાચ એક ચીજ ઓછી હોય અને કરવા બેસે, તો પણ ના પાડવી જોઈએ. જે હોય તેનાથી ચલાવી લેવાય, એવો આત્મસ્વભાવ કેળવવો જોઈએ. જે કાંઈ આપણે કરીએ

છીએ તે આત્મ-સમાધિ સાધવા અને મનની ઉપાધિ ટાળવા, પરંતુ આવો સ્વભાવ આવે ક્યારે કે મનની ઝંખના અટકી જાય ત્યારે. આવા આત્મિક કાર્યો એ તો અગ્નિપરીક્ષા છે. તેમાંથી પસાર થવા બહારની તૃષ્ણા-ઝંખના ભુલી જવી જોઈએ. તૃષ્ણા જાગતાં વિચારવું ઘટે, કે "એ તો બહારના છે, હું બહારથી પર છું" તો જ ઉપાધિ ટળે અને સમાધિ મળે.

શાંતિની સાધના.

આપણે હરકોઈ કાર્યમાં એવી ભાવના કેળવવાની છે, કે નતો હર્ષ થાય કે નતો ખેદ થાય. આવી સ્થિતિ આત્માની લાવવી એ કોઈ સહેલી વાત નથી. તમારામાં કે અમારામાં આવી સ્થિતિ જલ્દીથી આવી જાય, તેવું માનવાનું કોઈ કારણ નથી; પરંતુ પ્રત્યેક પળે જાગૃત રહેવું જોઈએ. તો કોઈક સમયે આપણું કાર્ય સિદ્ધ થાય.

અલ્પબુદ્ધિવાળો વિદ્યાર્થી પ્રથમ વર્ષે નાપાસ થાય. છતાં ધીરજથી પુરૂષાર્થ કરતો રહે, તો બીજે વર્ષે પાસ થઈ જાય. કદાચ નાપાસ થાય તો દર વર્ષે એક એક વિષયની પરીક્ષા આપતો રહે, તો પણ સાત ઠોઠ વિદ્યાર્થી સાત વર્ષે પાસ થઈ જાય. આવો ઠોઠ વિદ્યાર્થી ધૈર્ય રાખી હતાશ થયા વગર પ્રયત્ન જાળવી રાખે છે, તો પાસ થઈ જાય છે ત્યારે શું આપણે ઠોઠ વિદ્યાર્થીથી પણ ગયા? આપણે એવા ઠોઠ નથી, પરંતુ ધૈર્ય રાખી જોઈતો પુરૂષાર્થ આદર્યો નથી.

લગભગ આખી જીંદગી કનક–કામ અને કાયાની માયામાં પસાર થતી હોય છે. બાલ્યભાવમાં લેવાની ઈચ્છા જન્મે છે. વૃદ્ધાવસ્થામાં લુંટવાની વૃત્તિ રાખતો હોય છે. છળ-પ્રપંચ–દગો વગેરે વૃત્તિને આધીન બની ભેગું કરતો હોય છે. આમ શરૂઆત લેવાથી અને અંત લુંટવાથી થાય છે, પરંતુ જ્ઞાનીઓ જણાવે છે કે "ભલા એથી તમને શું મળવાનું છે? જેને સમજીને છોડી જાણ્યું છે. જેને સંતોષ કેળવી જાણ્યો છે. તેની જીવનયાત્રા શાંતિથી પૂર્ણ થશે બાકી તો મેળવવાની મથામણમા જીવનયાત્રા અનેક ઉપાધિના ભારથી અશાંત અને ઉદ્વિગ્ન બની જશે.

સારાંશ એ છે કે "સંસારના બંધને બંધાયેલો આત્મા આત્માના બંધનને પીછાની શકતો નથી" એ એવા બંધનોમાં બંધાયેલો છે, કે જે રાત પડતાં શાંતિથી ઉંઘી પણ શકતો નથી. ભુતીયા મહેલમાં સુતેલો માનવ ઓળા જોઇને ભડકીને ઉઠે છે તેમ માનવ રાત પડતાં ઉંઘે છે; પરંતુ ઉપાધિનો વળગાડ એવો સતાવે છે, કે ઉંઘ ઉડી જાય છે

માનવ જેમ જેમ આશાના અરમાનો સેવતો જાય છે, તેમ તેમ ઉપાધિનો વળગાડ વિશેષતયા વળગતો જાય છે. આ ઉપાધિનો ભાર માનવને ઉંઘવા દેતો નથી માટે જ જ્ઞાનીઓ કહે છે કે "શાંતિમાં ઉંઘવું હોય, તો આશાના વિષવર્તુળમાંથી બહાર આવો! મોક્ષસામ્રાજ્યની સીમાને ઓળખો! ચિત્ત સમાધિ-મનની સ્વસ્થતા કેળવો! અર્થાત્ મનોભાવને કેળવી જાણી, મગજના ભારને ઓછો કરો! એ જ સાચી શાન્તિની સાધના છે

જાગતાં રે'જે!

દેહનો થાક ઉતારવા માનવ ઉંઘે છે; પરંતુ જો ઘરમાં સાપ સંતાયો હોય, તો ઉંઘવા છતાં ઉંઘ ન આવે. મનમાં ભયનો ગભરાટ કે મગજમાં ભાર હોય તો ઉંઘ નથી આવતી. માનવ જેટલો સાપથી ડરે છે, તેટલો પાપથી નથી ડરતો.

મદ-મોહ-માયા વગેરેના સાપો માનવને પળે પળે ડસી રહ્યા છે. અંતરના ઓરડે પાપના સાપો ગુંચળા વાળીને બેઠા છે. છતાંય એ સાપોને હટાવવાનો વિચાર જાગે છે ખરો? શાંતિથી ઉંઘવા પાપના સાપો દૂર કરી નિર્ભય બનવું જોઈએ. આવી નિર્ભયતા કેળવવા ચિત્ત-સમાધિ મેળવવી જોઈએ.

જ્યાં લગી ઘરમાં સર્પ છૂપાયેલો હોય, ત્યાં સુધી સ્વસ્થતા ન રહે. સ્વસ્થતા વિના ઊંઘ ન આવે. આ સ્વસ્થતા લાવવા પાપ ક્યારે જાય! અને કઈ રીતે જાય! તેનો વિચાર કરીએ છીએ. એ જ રીતે આત્મામાં ઊંડો જમાવી પડેલા કામ-લોભાદિના પાપો ક્યારે જાય! અને કઈ રીતે જાય! જેથી ચિત્તની સ્વસ્થતા મળે, અને નિર્ભયતાથી નિદ્રા આવે. તે માટે આજનો વિષય રાખ્યો છે કે "જાગતા રે'જે!"

જાગે સો પાવે.

ઓરડામાંથી સાપ ન જાય, ત્યાં સુધી આપણે જાગતાં રહીએ છીએ. તેમ અંતરમાંથી પાપ ન જાય, ત્યાં સુધી જાગૃત રહેવું જોઈયે. આ જાગૃત દશા કેમ આવે, તે માટે સતત તકેદારીની ખાસ અગત્યતા છે. હું અને મારૂં આ બેમાં મુરઝાઇ જવાથી અંતરના પાપો પીછાની શકાતાં નથી. મારા–તારાની યોગે અનેકવિધ પાપાચરણો સેવાતાં જાય છે. જેના પરિણામે હિતાહિતનો પણ ખ્યાલ ભુલી જવાય છે.

આજે આપણું જીવનમાત્ર એક દુઃખ, એક વ્યથા, એક તરફડાટ સમું બની ગયેલ છે. વાસનાની ભઠ્ઠીમાં સપડાઈ જઇ અંગે અંગમાં કામ અને લોભની અગન વ્યાપી ગઈ છે. છતાં હજી ઘોરનિદ્રામાં પોઢયા હોઇયે તેમ જણાય છે. કુંભકર્ણ તો નગારા વાગતા છમાસે પણ જાગતો. જયારે આપણે તો બાર બાર વર્ષ સુધી પડઘમ વાગે છતાં જાગે તે બીજા કેમ ખરૂં ને?

"જાગે સો પાવે ઓર ઉંઘે સો ખોવે" જાગતો મેળવે છે. ઉંઘતો ગુમાવે છે આપણે મેળવવા આવ્યા છીયે, નહિ કે ગુમાવવા. સંસારના ચોકમા મરજીવા બનતાં અંતરના ચોકાનું કાશળ નીકળી જાય, તો ગુમાવ્યું ગણવું કે મેળવ્યું? ચામડાની આંખે જાગતા રહી, અંતરદૃષ્ટિથી ઉંઘતા રહી આપણા જ હાથે ભારતીય પ્રસ્થાપિત અહિંસા-સંયમ અને તપ, રૂપ ધર્મનું ખંડન થઇ જાય, તો આના જેવી બીજી કઈ કમનશીબી ગણવી?

એટલું જરૂર યાદ રાખજો ! કે"જો જીવનમંદિરમાંથી મંગલમય અને સર્વજન-હિતકારી એવું ધર્મતત્વ ચાલ્યું જશે, તો એજ જીવનમંદિર અલ્પજીવી, નિર્માલ્ય અને ક્ષુદ્ર માળખાનું કલેવર બની જશે. કે જ્યાં અનેક દુર્ગુણની ભુતાવળો ભમતી હશે" આવું ન બને એ માટે અંતર્દ્રષ્ટિને ખોલો ! અને આત્મજીવન તપાસો ?

જરીયાન ચાદર નીચે બીછાવેલા ગુલાબના પુષ્પો પ્રથમદૃષ્ટિએ મોહામણા દેખાય, પરંતુ નિશ્ચય કરતાં એ જ પુષ્પો કાગળના કે માટીના નીકળે તો ? તેમ આસક્તિના અંચળા નીચે છૂપાયેલા ભૌતિક સુખો પ્રથમ અનુભવે મીઠા-મધુર કે અમૃત સમા લાગે છે, પરંતુ અનુભવના અંતે એ જ સુખો કડવા ઝેર જેવા અને પશ્ચાત્તાપના આગથી બાળનારા ન બને તેની સાવચેતી રાખજો ?

આજ શબ્દો પ્રભુ મહાવીરે વિષધરમના ચંડકૌશિક સર્પને જણાવ્યા હતા "બુઝ ! બુઝ ! ચંડકૌશિક ! હે ચંડકૌશિક ! જરા સમજ ! જરા સમજ ! ક્રોધ-માન-માયા અને લોભ આ ચાર તારા વિષકુંડ છે. આ વિષકુંડમાંથી બહાર આવ ! જ્ઞાનદૃષ્ટિ ખોલ ! આત્માને જગાડ ! તારા માન રૂપ અહં-મમને નમ્રતાથી નાશ કરી, પ્રકૃતિને મૃદુ અને ઋજુ બનાવ ! સંતોષના શસ્ત્રથી લોભને હણી, જીવન સંતોષી અને ઉદાર બનાવ ! સરલતાથી માયાને નિર્મૂલ કરી, સ્વભાવ નમ્ર અને નિર્મળ બનાવ ! અને ઉપશાંત રસથી ક્રોધને દૂર કરી, આત્માને શાંત અને સૌમ્ય

બનાવ ! જેથી તારું જીવનમંદિર સોહામણું અને સુખથી સભર બને.

આવા ઉદ્‌બોધનથી સર્પ જેવા પ્રાણીએ પણ અંતરનો અંધકાર હટાવી, દિવ્ય કિરણ મેળવી, વિષને સ્થાને અમૃત વર્ષાવી, મૈત્રી-પ્રેમ અને સહાનુભૂતિનુ સિંચન કરી, જીવન મંગલમય બનાવી ગયો. તો શું આપણે સર્પથી પણ નીચે છીયે, કે હજી પણ અંતરના અંધારા ઉલેચાતાં નથી અને આત્માનું તેજ કિરણ લાધતું નથી. તથા જીવનનો અંત શામા છે, તેનો નક્કર ખ્યાલ આવતો નથી. જીવનને મંગલ-સુખી અને શાંતિ મય બનાવવું હોય તો બહારની દષ્ટિ બંધ કરો ? અને અંતરદષ્ટિને ખુલી-જાગૃત કરો ?

આપણે ચામડાંની આંખે ભલે દેખતાં હોઈયે, પણ અંતરની આંખ ખોવાઈ ગઈ, તો આ દેખાતી આંખો આપણી પાસે અનેક અનાચાર કરાવશે. જેથી શાંત-સુખી અને મંગલતત્ત્વથી ભરેલ આપણો જીવનમાર્ગ દુઃખ-ઉદ્વેગ અને હતાશાના ઝંઝાવતોથી ઘેરાઈ જશે.

આંખો મળી છતા એ જ આખો પાપ કરાવે તો દેખતાં કરતા અંધાપો સારો છે, કે "જેથી દેખવું નહિ અને દાઝવું નહિ" આંધળો અથડાય તો તેના પર દયા-કરૂણા આવે, પરંતુ દેખતો ભટકાય તો કેવી કરૂણતા છવાઈ જાય. આધળો અથડાય તો દોરી શકાય. દેખતો અથડાય તો કંઈ રીતે દોરી શકાય !

અવિવેક ત્યાં અંધારૂં

એક વખત એક વૃદ્ધ કથા શ્રવણ કરવા જતા હતાં. સામે એક યુવક ચાલ્યો આવતો હતો. રાત્રિનો સમય હતો. વૃદ્ધ આંખે અંધ હતાં. છતાં હાથમાં ફાનસ જોતાં, યુવકે આશ્ચર્યથી પૂછ્યું. દાદા ? આંખે તો દેખતાં નથી પછી હાથમા ફાનસ રાખવાનું કારણ શું ? જ્યા દષ્ટિ જ નથી, પછી ફાનસ રાખો તો ભલે અને ન રાખો તો પણ ભલે. કારણ આંખમાં જ તેજ નથી પછી બહારના તેજથી ફાયદો શો ! દાદા ! તમારે અંધારૂ કે અજવાળું સરખું જ છે.

વૃદ્ધે સસ્મિત કહ્યું. ભાઈ તારી વાત સત્ય છે. હું તો અંધ છું, જેથી મારે માટે ફાનસ નિરર્થક છે; પરંતુ ભાઈ ! તમારા જેવા દેખતાં મારા જેવા અંધ સાથે ન અથડાય, એ માટે આ ફાનસ રાખ્યું છે. હું તો દેખતો નથી. જેથી સાવચેતીથી ચાલીશ; પરંતુ તમારા જેવા દેખતાં જ આંધળીયા દોટ દે છે, જેથી મારા જેવાને ભટકાઈ મરવાનો ભય રહે છે.

આંખનો હેતુ આપણને પડતા બચાવવાનો છે. દષ્ટિ મળી છતાં પતનમાંથી ન બચાવે, વાસનામાંથી ન છોડાવે, બદીઓથી ન રોકે, તથા વિષય-વિકારમાંથી ઉગારી ન લે, તો એ દષ્ટિ નથી, પણ અંધતા છે દષ્ટિ એ કહેવાય કે જે આપણા આહાર-વિહાર અને આચાર સુધારે.

આજે તો આપણને આંખો મળી છતાં અંધારામાં જ આથડીયે છીયે. ખોળે દિવસે હાથમાં દીવો લઈને કુવામાં પડવા જેવી દશામાં છીયે. વિષય-કષાયને આધીન બની કઈ દિશામાં જઈ રહ્યા છીયે કે વિવેકહીન બની

કયા પાપના પતનમાં ગબડી રહ્યા છીયે. તેનું પણ ભાન નથી. આવા વિષય-કષાયના ખાડા-ટેકરામાં અથડાતાં-કૂટાતાં માનવને દેખતો કહેવો કે અંધ? જાગતો કહેવો કે ઉંઘતો?

માનવ ઘી જેવી વસ્તુ ખરીદતાં સુંઘે છે, કે ઘી બનાવટી તો નથી ને? કેરી લેતા તે ખાટી તો નથી ને? આમ હરકોઇ ચીજ ખરીદતાં કે લેતાં તેને સુંઘી-ચકાસી અને ટકોરા મારીને ખરીદે છે; પરંતુ આપણી પાસે પૈસો કઈ રીતે આવે છે, એની ચકાસણી કરતાં નથી. એ તો ગમે ત્યાંથી, ગમે તે રીતે કે ગમે તેટલો આવે તેનો વાંધો નથી

વસ્તુતઃ કોઈ ચીજ લેતાં પરીક્ષા કરતા શીખો! એક એક પૈસો જે આપણા ઘરમાં આવે છે, તે ન્યાય નીતિ કે પ્રમાણિકતા પૂર્વકનો આવે છે કે કેમ! એની ચકાસણી કરો? પરંતુ આ ટેવ આપણને પડી નથી. ગમે તે રીતે કે ગમે ત્યાંથી આવે કે ટપ દઈને પાકીટમાં મૂકી દઇશું. પછી ભલે ને તેની પાછળ દંભ-પ્રપંચ-લુંટ કે શઠતા ચલાવી હોય. આ રીતે કામ અને દામ પાછળ પાગલ બની અહિંસા-સત્ય અને સંયમને નેવે મૂકી, આત્મગુણનું છડે ચોક લિલામ થતું હોય, ત્યાં માનવને ઉંઘતો કહેવો કે જાગતો? માટે શિષ્ય પ્રશ્ન કરે છે, કેઃ—

" जागर्ति को वा ? "—જાગતો કોણ છે? ગુરૂ જવાબ આપે છે, કેઃ-"सदसद्विवेकी" જેનામાં સત્યાસત્યનો વિવેક છે, એવો આત્મા જાગતો છે. વિવેકી આત્મા ઉંઘતો છતાં જાગતો છે. અવિવેકી આત્મા જાગતો છતાં ઉંઘતો છે.

વિવેકી અને અવિવેકી આત્મા આકારથી તો માનવ છે, પણ બંને વચ્ચે હાથી–ગધેડાનું અંતર છે. સોનું અને પિત્તલ રંગથી તો સરખા જ છે; પરંતુ કિંમતમાં ફેર કેટલો છે? આકડાનું અને ગાયનું દુધ રંગમાં શ્વેત છે, પણ ગુણમાં કેટલો તફાવત છે? એક ઝેર જેવું. બીજું અમૃત સમું. આકડાના દુધનો આંખમાં છાંટો પડે તો આંધળો થાય. ગાયનું દુધ શરીરને શક્તિ અને મગજને તાજગી આપે છે. આ જ રીતે વિવેકી આત્માનું જીવન અમૃત સમાન છે અને અવિવેકીનું જીવન વિષતુલ્ય છે.

વિવેકી માનવ અંતર્ચક્ષુથી જોવે છે. અવિવેકી માનવની આંખ ખુલ્લી હોય છે; પરંતુ દીલના દ્વાર બંધ હોય છે. જેથી દેખતો છતાં અંધ છે. આખનો અંધાપા કરતાં દીલનો અંધાપો શતગણો ભયંકર છે. આંખે અંધ હોય તો આ ભવનું દુઃખ વેઠવું પડે; પરંતુ અંતરનો અંધાપો હોય તો ભવોભવના કષ્ટ સહવા પડે. અંધ માનવને દેખી દીલમાં દયા આવે છે. જ્યારે અંતરના અંધપાને દેખી જ્ઞાનીઓ કરૂણાનો સ્રોત વહાવે છે.

આજે બહારના અંધારા ઉલેચવા અનેક યોજનાઓ ઘડાય છે; પરંતુ દીલના બુઝાઈ જતાં દીપકને પ્રગટાવવા કોઈ યોજના વિચારાય છે? બાહ્ય રોશની વધતી જાય છે, તેમ આત્માનો અંધાપો વધતો જાય છે. આજની દુનિયા મોહના અંધાપામાં ઘેરાતી જાય છે. આજનો સમાજ વિષય-વિલાસ ને વિકારના સાગરમાં ડુબતો જાય છે. પરિણામે

સંભળાવે તોય અસર શી થવાની ? જાણે ભુજીયા ડુંગરના કાળમીંઢ પાણા, અરે ! પાણા પણ કાલાન્તરે પાણીથી ઘસાય છે. પણ પાકટ હૈયા ન પલળે કે ન પીગળે. જાણે હતાં ત્યાં ને ત્યાં. મનમાં એમ પણ વિચારતાં હશો કે સાધુ મહારાજ કહે તેમ કરીયે તો વહેલા બાવા બનીયે, કેમ ખરું ને ? સંસારની લપ છૂટતી નથી ને ધર્મમાં ચિત્ત ચોંટતું નથી, ત્યાં સુધી ઘોર નિદ્રામાં છો.

વોટરપ્રુફ પર પાણી ન અડે. ફાયરપ્રુફને આગ ન લાગે. તેમ આવા લેકચરપ્રુફ હૈયાને ઉપદેશ ન લાગે. સાંભળવા છતાં ઉંઘ ઉડે નહિ. પ્રમાદ જાય નહિ. અંતરની મેલાશ દેખાય નહિ અને તેને ધોવાનો ઉપાય થાય નહિ. તો આ બધુ સાંભળવાનો અર્થ શો ? અરે ! કદાચ અમલમાં મૂકવાની વાત તો દૂર રહો ! પણ બોલનાર કયાં ભુલે છે, એવી ભુલો શોધવા તો નથી આવતા ને ? આવી વૃત્તિઓ જ્યાં 'મન મેલાં તન ઉજળા" હોય ત્યાં જીવનમાં પ્રકાશ સમજવો કે અંધકાર ?

પ્રકાશમાં જીવો ?

કોઈ પણ કાર્ય વિવેકના અજવાળે કરીએ, તો જ સફળતા મળે. વિવેક વિનાનું કાર્ય સુંદર તથા બેડોળ લાગશે "अविवेकः परमापदा" અવિવેક એ સૌથી મોટી આપત્તિ છે. વિવેક ભુલતાં પ્રમાદી બની જતાં કેવું નુકશાન થાય છે તેનો પ્રસંગ યાદ આવે છે.

એક બહેન સ્ટવ પર ચા બનાવતા હતા ચા તૈયાર થયા

બાદ સ્ટવ હાઈને બાજુમાં મૂકવા જતાં, બહેનનો હાથ સ્ટવને અડી ગયો. હાથને સ્ટવ સાથે શોટ લાગતાં આખુ ફટી ગયો, કારણ બેદરકારી–પ્રમાદથી સ્ટવનો વાલ્વ ખોલવો રહી ગયો હતો. આવા અનેક પ્રસંગો પેપર દ્વારા જાણવા મળે છે. હમણાં જ સહેજ ડ્રાઈવરની બેદરકારીથી રૂપકુંજનો કેવો કરૂણાંતમય પ્રસંગ બન્યો હતો.

જન્મવું કે મરવું, સર્જન કે વિસર્જન એ તો વિશ્વનો ક્રમ છે, ત્યાં માનવ બુદ્ધિ કામ નથી આવતી. આજનો કરોડપતિ આવતી કાલે શ્મસાનમાં સુવાનો છે એ જ ભૂમિ પર ગરીબ પણ સુવાનો છે, ત્યાં અમીર કે ફકીરનો ભેદ નથી. પ્રાણીમાત્ર નગ્નદેહે જન્મે છે. જાય છે પણ નગ્નતામાં. આમ શરૂઆત કે અંત સરખા જ છે. જે ફેરફાર કે તોફાન છે, તે તો બધા વચગાળાના છે. વચગાળાનું તોફાન આખર તો મૂકવાનુ જ છે. તો પછી આ બધા તોફાનનો અર્થ શો ?

"Live in light" પ્રકાશમાં જીવો ! પ્રકાશમાં જીવનારને કોઈનો ભય નથી. ભય તો તેને છે, કે જે અંધકારમાં આથડે છે. તમારી પાસે જો પાપ નથી, અસદ્ આચરણ નથી તો તમારે કોઈથી ડરવાની જરૂર નથી. ડરે છે કોણ ! જેના દીલમાં પાપ હોય તે. નિષ્પાપી છે તે જ નિર્ભય રહી શકે છે જ્યાં લગી આંખ કે વાણીમાં તેજ નહિ આવે, ત્યાં સુધી નિર્ભય નહિ બની શકે.

એ કદી ન ભૂલતાં, કે રોજ દિવસ જીવન પૂરું કરી

રવાના થયે જ છૂટકો છે. તો સહેજે થાય કે આવ્યા કેમ! પોતાની દિવ્યતા પ્રાપ્ત કરવા. આત્માનું પ્રકાશમય તત્ત્વ મેળવવા. અને આપણી પૂર્ણતાની છબી મૂકી જવા, કે જે છબીના સહારે અન્ય માનવી દોડયા આવે. માટે જ તત્ત્વ ચિંતકો જણાવે છે, કે "तमसो मां ज्योतिर्गमय"

શ્રવણ ભગવંત મહાવીરદેવે બાર બાર વર્ષ સુધી કઠોર સાધના સાધી. દેહના કષ્ટ સહ્યા. અનેકવિધિ ઉપસર્ગો વેઠયા. આ બધુંય શા માટે ? આત્માનો દિવ્ય પ્રકાશ મેળવવા. આવી દિવ્યમૂર્તિના તેજપૂંજો અઢી હજાર વર્ષ વીત્યાં છતાં હજી પણ ઝળહળી રહ્યા છે, કે જેને સહારે આપણે ચાલીએ છીએ.

આ પ્રકાશ પ્રાપ્ત કરવા સતત જાગૃત રહેવું જોઈએ. જે સદાય જાગૃત રહે છે. તે ભલે મહેલમાં હોય કે જેલમાં, શહેરમાં હોય કે જંગલમાં, પરંતુ આત્માનું દિવ્ય તત્ત્વ પ્રાપ્ત કરવા સદાય અપ્રમાદી હોય છે. બહારનો કોઈ પણ પદાર્થ તેના જીવનને બંધનકર્તા થતો નથી, તથા દેહાસક્તભાવથી મુક્ત થવાની ઝંખના સેવતો હોય છે.

રામાયણનો રચનાર કોણ ? એક લુંટારો. લુંટ-ખૂન કે ચોરી એ જ ધંધો. એવામાં સંતનો સમાગમ થયો. "રામ" નામના બે જ શબ્દોના બળ પર શયતાન મટી સંત બન્યો. બહારની લુંટ બંધ કરી, અંતરમાં રામ નામની લુંટમાં લીન બન્યો. ચારે બાજુ ઉધઈના રાફડાથી વીંટળાઈ ગયો, છતાં આત્મધૂનમાં પાપના ગાબડાં ખરવા

મંડયા. સંતનો સહયોગ, રામનું રટણ અને આત્મજાગૃતિ આમ ત્રિભેટો થતાં એક આદર્શ મહર્ષિ બની ગયો.

કહેવાનો આશય એ છે, કે વિવેકનો પ્રકાશ, આત્માની જાગૃતિ, અને પ્રમાદનો ત્યાગ. આમ ત્રિવેણીનો સંગમ થતાં આત્માના અસત્‌ના અંધરા ઉલેચાઈ જાય છે. અને આત્મદિવ્યતાથી જીવન ધન્ય બની જાય છે. માનવ કઠોર કે દઢ હોય, છતાં આત્માનું એકાદ તેજકિરણ મળી જાય, તો પાપને ખાખ કરી ભવોભવના થાક ઉતારી શકાય છે. ફક્ત સતત જાગૃતિ જોઈએ. સતત જાગૃતિ જ માનવને ધન્ય બનાવે છે.

આરિસા ભવન.

મહારાજા ભરત કે જેમના નામથી આ દેશનું નામ ભારત પડ્યું છે. જે શ્રી ઋષભદેવ પ્રભુના પુત્ર હતાં. તેમને એક પરિચારક રાખેલ, કે જેનું કામ એ હતું, કે મહારાજા ભરત ખાતા હોય, પીતા હોય, ફરતા હોય, રાજયમાં કે અંતેઉરમાં હોય, ત્યારે એક જ વાકય બોલવાનું "મહારાજ ભરત ? ચેત ! ચેત ! આ સંસાર અસાર છે" આ શબ્દના શ્રવણથી મહારાજા ભરત જાગૃત રહેતા આ જાગૃતિના યોગે પાપને પખાળી પૂર્ણતાને પામ્યા.

દેખી અંગુલી આપ અડવી, વૈરાગ્ય વેગે ગયા,
છંડી રાજ–સમાજને, ભરતજી કેવલજ્ઞાની થયા.

અનિત્યભાવનું રૂપ. મુખ પર શૌર્યતાનું તેજ. વૈભવવિલાસની વિપુલતા. અખંડ છખંડનું આધિપત્ય. આગ

રંગબેરંગી વસ્ત્રોથી દીપે છે. તો મારા શરીરમાં કંઈ પણ રૂપ નહિ! શું કેવળ હાડ–માંસ અને રૂધિરનો જ માળો ! તે માળાને મારો માની મોહી બેઠો છું ! કેવી ભ્રમણા ! કેવી મહાભુલ ! કેવો અંધાપો ! કેવલ બાહ્ય પુદ્ગલના પરિધાનની શોભાથી શોભું છું. તેને જ મારૂં માનું છું. તેની જ પાછળ મમતા રાખી બેઠો છું.

ખરેખર! જેનું ધૂળમાંથી સર્જન થયું. ધૂળમાં જ જેનું વિસર્જન થવાનું. એવી બહારની શોભા ટકશે ખરી? શરીર શણગારવા માત્રથી અંદરની શોભા ટકશે ખરી? જો બહારની શોભાથી અંદરની શોભા રહેવાની નથી, તો પછી આ મૂર્ખામિ શા માટે! આ દેહ પણ એક દાગીનો છે. એ દેહ મને શોભાનારી ચીજ છે. મારો આત્મા તો દેહ વિના પણ ટકે છે. દેહ વિના પણ શોભે છે. દેહ એક વખત છોડવાનો છે, તેના પર આવું મમત્વ શા માટે ?

આખી સૃષ્ટિ અનેક સર્જનથી ભરેલી છે. આ દેહ પણ એમાનું એક સર્જન છે. જે સઘળી ચીજ કરતાં અધિક પ્રિય છે. દેહ પણ એક દિવસ ખાખ થઈ ઊડી જશે. આ દેહ પણ મારો નથી, તો દુનિયાની કઈ ચીજ મારી છે? અરેરે! બધુય ભુલી ગયો. ઉંધે માર્ગ ચઢી ગયો. આત્મભાન ભુલી મિથ્યા મોહમાં ડુબી ગયો.

રૂપની છલકાતી આ નવયૌવનાઓ, વભવથી ઉભરાતો આ મહાલય. છખંડનું આધિપત્ય. આને જ મારૂં માન્યું;

પરંતુ આમાંથી મારું કશુંય નથી. આ કાયા પણ મારી નથી, ત્યાં આ બધી માયા તો મારી થાય જ ક્યાંથી! ખરેખર! હું અત્યાર સુધી અંધારામાં જ હતો. હું તેનો નથી. તે મારા નથી. અંદરની ચીજ કોઈ જુદી જ છે; કે જે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્ય છે. જે અનંત અને પૂર્ણસ્વરૂપી છે. તે જ ખરી મારી શોભા છે. બસ હવે તો એ મેળવીને જ જંપીશ.

પૂર્ણતાને આરે.

આવી ઉદાત્ત ભાવના સાથે પૂર્ણતાની ઝંખના જાગે, ત્યારે આત્મોદ્ધાર થઈ શકે છે. બહારની પૂર્ણતા શોધવા જતાં આત્મપૂર્ણતા નહિ મળે. પૈસો-પરિવાર કે પદાર્થો મળી જવાથી પૂર્ણતા ભલે ભાસતી હોય; પરંતુ તમો અપૂર્ણ છો. કાંતો વસ્તુઓ દગો દેશે, અથવા તમો છોડીને ચાલ્યા જશો. વસ્તુ મૂકીને જવું પડે અથવા વસ્તુઓ ચાલી જાય, તો તેને પૂર્ણતા કહેવાય ખરી? પૂર્ણતા તો એ છે કે "જે મળ્યા બાદ ન એ તમને છોડે કે ન તમો એને છોડો."

મહારાજા ભરત આત્માની એકત્વતા અને સંસારની ઉદાસીનતાની ભાવના ભાવતાં, આત્મ અંધકાર ઉલેચી, આત્માનો પૂર્ણ પ્રકાશ-ચૈતન્ય પ્રકાશથી ઝળહળી ઉઠ્યાં. [illegible] સંનિવેશ સ્વીકાર્યો, સર્વકર્મનો દૂર કરી, આનંદ-ઘન અને આત્મસ્વરૂપ પરમાત્મા પદ પામ્યા હતા.

હીરાથી વીંટી શોભે. કે આ વીંટીથી [illegible] છે. વીંટીને શોભાવનાર હીરો એ પણ બહારની જ

છે ને? હીરામાં સ્વયં તેજ જોઇએ. જો હીરામાં જ તેજ ના હોય તો તેને સોનામાં મઢો કે પ્લેટીનમમાં; પરંતુ એ નિરર્થક જ છે, કારણ હીરો નિસ્તેજ છે, પછી તેને કિંમતિમાં કિંમતિ ધાતુમાં મઢો પણ તેથી શો ફાયદો !

એથી જ્ઞાનીઓ જણાવે છે,ઃ કે "આત્મમાં જ જો તેજ નહિ હોય. તો બહારની શોભા પણ નિરર્થક જ છે. જ્યાં આત્મા જ નિસ્તેજ ત્યાં બહારના રૂપથી શો ફાયદો !" આંધળો બીજાને ન દોરી શકે. દોરનાર સ્વયં તેજવાળો હોવો જોઈએ. તેમ બહારના ઉછીના તેજથી દેહ દીપશે, પણ આત્મા કદાપિ નહિ શોભે, આત્માને શોભાવવા અંદરના તેજ પ્રગટાવવા પડશે.

જેને આત્માનો પ્રકાશ જાણ્યો છે, તેને બહારના રૂપો ઝાંખા દેખાશે; પરંતુ સખેદ કહેવું પડે છે, કે આજનો માનવ બહારના ભભુકતા સાધનોમાં તણાઈ જતાં આત્માથી નિસ્તેજ બનતો ગયો છે. આત્મતેજ વિનાનો માનવ જાગતો છતાં ઉંઘતી દશામાં જ છે. જેથી બહારના ખર્ચાળ રૂપકડાં સાધનો પાછળ અટવાઈ જવાથી સત્-અસત્‌ની વિવેક દૃષ્ટિ ખોઈ બેઠો છે. વિલાસ-વિનોદ અને વિષયની અકળામણમાં આત્મ સામર્થ્ય હણાતું જાય છે.

માટે જ જ્ઞાનીઓ જણાવે છે, કે પ્રમાદનો ત્યાગ કરો ? વિવેક દૃષ્ટિ ખોલો ? આત્મ સામર્થ્યને જગાડો ? ચૈતન્યશક્તિને પ્રગટ કરો ? જેથી આત્મા પૂર્ણતાના પંથે વિચરી, અનંત ચતુષ્ટયના ભોક્તા બને, આપણે પણ પરમ-પદારૂઢ બનીએ એ જ શુભભાવના.

સાધના માર્ગે

હેય ત્યાગોચિતં સર્વં, કર્ત્તવ્યં કરણોપચિતમ્ ।
શ્લાઘ્યં શ્લાઘ્યોચિતં વસ્તુ, શ્રોતવ્યં શ્રવણોચિતમ્ ॥૧॥

ત્યજવા લાયક વસ્તુને ત્યજવી, કરવા લાયક વસ્તુને કરવી, પ્રશંસા યોગ્ય વસ્તુની પ્રશંસા કરવી અને સાંભળવા યોગ્ય વસ્તુને સાંભળવી. આ ચાર ઉપાયો ધર્માર્થીને સાધવાનાં છે. જેથી સાધના માર્ગે વીચરી શકીયે.

બીલાડી જે મોઢે બચ્ચાને પકડે છે, તે જ મોઢે ઉંદરને પકડે છે. બીલાડી મોઢની મોઢ છતાં પકડવામાં ફેર છે. ઉંદરને એના દાંત ભોંકાઈ જાય છે, જ્યારે બચ્ચાને ભોંકાવા પણ ઈજા થતી નથી, કારણ દ્રષ્ટિ જુદી જુદી છે. એકમાં રક્ષણની ભાવના છે. બીજામાં ભક્ષણની ભાવના છે.

એમ માનવ સંસારમાં રહી ધર્મને સાધે. દેશભક્તિ બજાવે, પણ આત્માને ભિન્ન ભાવિ રાખી ન બનાવે. આત્મ-ચિંતનમાં સદાય પ્રસન્ન રહે. જગતના સઘળાં કાર્ય કર તેની આત્મ સ્વરૂપની દ્રષ્ટિ સાચી બને. સાચી દ્રષ્ટિથી જ સ્થાન [illegible] સદાગુણી ભાવના [illegible] [illegible] ઓળખીને સાધના સાધે. [illegible] [illegible] મમત્વભાવની ભાવથી. આત્મ-સ્વરૂપની ભાવના [illegible]

અનેક વખત વિચાર આવે છે, કે આત્મવિકાસનું આવું પવિત્ર સાધન ધર્મ હોવા છતાં, તથા જીવનને પાવનતમ બનાવનાર અમૃતક્રિયાઓ વિદ્યમાન છતાં માનવનું નૈતિક અધઃપતન અને સદાચારનું દેવાળું કેમ નીકળતું જાય છે? વિચાર કરતાં ઉંડે ઉંડે દેખાય છે, કે ધર્મ કરતાં છતાં ઐહિક સુખની લાલસા-લાલચ અને લોભની ખાડી પૂરવાને બદલે ઉંડીની ઉંડી ઉતરતી જાય છે, જેમાં ધર્મના ધ્યેયો દફનાઈ જાય છે.

આધ્યાત્મની મોટી મોટી વાતો કરે; પરંતુ ત્યાં જોશો તો જીવનમાં જોઈતી શાંતિ-સ્થિરતા કે ગુણનું પરિશીલન દેખાતું નથી. પરસ્પર મીલન વખતે અમીવર્ષાને બદલે ઝેરવર્ષા વર્ષતી હોય, ઇર્ષ્યા-દ્વેષની કડવાશો ઉડતી હોય, તથા માન-મોભો અને પ્રતિષ્ટાની આંધીઓ ચગતી હોય, ત્યાં જીવનમા ધર્મ હશે, પણ ધર્મનું ધ્યેય બદલાઇ ગયું હશે.

જો માનવને ધર્મની ગૌરવતા ભાસી હોય, તો તેનું હરકોઈ આચરણ એવું હોય, કે જેથી સમાજ ગૌરવ લઇ શકે. વારસાગત માન્યતારૂઢ કે જાતિગત ધર્મ માટે લડે ઝઘડે કે અશાંતિ ઉભી કરી, માનવગુણનો હ્રાસ તો ન જ થવા દે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ધર્મનું લક્ષણ જણાવી માનવજાતને એક સુંદર સત્ય પીરસ્યું છે.

"धर्मस्तावद्रागादिमलविगमेन पुष्टिशुद्धिमच्चित्तमेव"

રાગ-દ્વેષાદિ મલના નાશથી પુષ્ટ અને શુદ્ધ બનેલું ચિત્ત તે જ ધર્મ છે. ઔષધના સેવનથી પેટનો ભરાવો જાય, તો જ દેહ નીરોગી અને પુષ્ટ બને છે. તેમ જેના

સેવનથી વિષય-કષાયાદિ મલો દૂર થાય, અને ચિત્ત નિર્મળ બને તે જ ધર્મ છે.

સ્વસુખનો રાગ, પર સુખનો દ્વેષ. કંચન-કામિનીનો મોહ, આ ત્રણે મનને મેલા કરનાર છે. આ મલ જાય નહિ, કે તે મલ દૂર કરવાનું ધ્યેય રહે નહિ. તો દીલમાં ધર્મની પ્રતિષ્ઠા થાય નહિ. રાગ-દ્વેષ અને મોહ ટળે, તો જ મનમંદિરના સિંહાસને આરાધ્ય ધર્મની પ્રતિષ્ઠા થાય.

ધર્મીના હૈયામાં મલીનતા ન હોય, કોઈ જાતની કિલષ્ટતા ન હોય. ત્યાં તો સદાય ઋજુતા-કોમળતા નીતરતી હોય કે જે બીજાને ઠારી શકે. બીજાના સુખને જોઈ રાચે. જે બીજાને બાળે કે સુખ જોઈ બળે, ત્યાં ધર્મની યોગ્યતા નથી. કારણ હૃદય કલુષિત છે

સિંહ કે સર્પ સામેથી આવતો હોય તો સાવચેતી રાખવાથી બચી જવાય છે, પરંતુ મુખે મધુરી વાણી અને હૈયું કલુષિત હોય, તેનાથી બચવું મુશ્કેલ છે. જેનું હૈયું મીણ જેવું નરમ હોય, માખણ જેવું કોમળ હોય, એવા આત્મા ધર્મનો સાચો અધિકારી બને છે

આરગનો દીવટો.

સૌરાષ્ટ્રના પટેલ કે જેનો મોટો [illegible] વિશેષમાં જાણીતો હતો. તેમનાં પર લક્ષ્મીદેવીની મહેર હતી [illegible] આદર અને નમસ્કાર કરતી હતી. તેમના [illegible] એક મોટો ઘા હતો. આ ઘા દેખી એક દિવસે [illegible]. [illegible] [illegible] [illegible] હશે કે [illegible] [illegible] [illegible] [illegible]

ખાતાં દેખી અમે પણ ઘરે અમારાં મા-બાપ પાસે ખાવાનું માંગતા, પણ અમારા મા-બાપ તો શી રીતે લાવે! ત્યાં રોટલાનાં ફાંફાં ત્યા અમારા પર હમદર્દી બતાવ્યા સિવાય વધારે કંઈ પણ આપવા અશક્ત હતાં. અહીં તમો પણ વિચારજો કે તમારા બાળ-બચ્ચાનો પ્યાર બીજાનાં બાળકો પર અનાચાર તો નથી કરતો ને!

રામજીભાઈએ આગળ જણાવ્યું, આમ રોજ મા-બાપ પાસે અમો ખાવાનું માંગતાં, કજીયા કરતાં. એકવખત મેં મારી માની પાસે ખાવાનું લેવા હઠ પકડી, પુત્ર પ્રેમથી માતાની આંખમાં આંસુ આવ્યાં. બાળકનું દર્દ માતા કઈ રીતે જોઈ શકે! વળી ગરીબ એટલે મેવા-મીઠાઈ ક્યાંથી લાવે! માનું હૈયું ખુબ દ્રવી ઉઠ્યું.

એ હવેલી તરફ ગઈ. શેઠાણીને કહ્યુ બહેન? તમને તમારા પુણ્યે ઘણું મળ્યું છે. તેથી મને ખુબ આનંદ છે. આથી પણ વધારે મળે એવી પ્રભુ પાસે માગણી કરું છું; પરંતુ કૃપા કરીને છોકરાને ખીસ્સામાં મેવા-મીઠાઈ ભરીને ના મોકલો તો સારું. આવી અરજ કરવા આવી છું. તમારા દીકરાને સારું સારું ખાતો જોઈ મારો દીકરો અમારી પાસે માંગે છે. હું ક્યાંથી લાવી આપું! માટે દયા કરી આપના બાળકને ઘરમાં બેસાડીને ખવડાવો તો આપનો ઉપકાર.

શેઠાણી તો હિંડોળા ઉપર બેઠી ઝૂલતી હતી. માની અરજ ભર્યા શબ્દો સાંભળતાં ખીજાઈ ગઈ. [illegible] ? તું મને શિખામણ દેનાર કોણ? મારા બાળકો ખાય [illegible] નાખશે ન ખવાય તો હું શું કરું? મારો છોકરો ખીસ્સ

રોતાં જન્મ્યા તેમાં તો નિરૂપાય હતાં; પરંતુ સમાધિ પૂર્વક હસતાં હસતાં મરવું હોય, તો સર્વથા ત્યાગ કરવાનું ન બને, તો આ ચાર ગુણો કેળવવા જોઇયે. આટલું થાય તો હસીને સમભાવે જીવાય. અને હસીને સમતા-પૂર્વક મરાય.

સંક્ષેપમાં આ રીતે ધર્મનું શુદ્ધારાધન કરી, સાધના માર્ગે વિચરીને જીવનને વધુમાં વધુ સુંદર બનાવવું, કે જેથી મૃત્યુ પણ સ્વપરને મહોત્સવ રૂપ બની શકે. અને જીવનની સાર્થકતા થાય. એજ શુભેચ્છા.

निर्मल स्फटिकस्येव, सहज रूपमात्मन-।
अध्यस्तोपाधिसम्बन्धो, जडस्तत्र विमुह्यति ॥ ॥

આત્માનુ સહજ સ્વરૂપ સ્ફટિકસમું નિર્મલું છે; પરંતુ જડ મનુષ્ય જડ પદાર્થમાં મોહ પામી, આત્માને સ્વભાવ ભુલી જઈ, શરીરાદિ બાહ્યપદાર્થો આત્માથી ભિન્ન હોવા છતાં, તે પદાર્થોને પોતાના માની તેમાં વ્યામોહ પામે છે

કરોડપતિને પુત્ર આજ્ઞાનપણાથી પોતે કરોડપતિને પુત્ર છે. તેવો ખ્યાલ નથી આવતો. જેથી પહેરગીર પાસેથી એકાદ રૂપીયો મળી જતાં આનંદ માને છે. આવી જ કરૂણાતા માનવની છે. આત્મા અનંતસુખનો સ્વામી છતાં સાંસારિક સુખ પાછળ તે વાત ભુલી જાય છે, તથા તેને જ પોતાના માની જીવનનું સર્વસ્ત્ર ગુમાવી, અનેકવિધ આપત્તિ—વિપત્તિમાં અટવાઈ જાય છે, તેનો ખ્યાલ નથી હોતો

આવા બાહ્યસુખમા વ્યામોહિત માનવને તારકદેવો કહે છે, કે સૌથી પ્રથમ તું તારા સ્વરૂપને પીછાન! પછી બહારની નજર નાખ ? જો તુ તને--તારા આત્માને ઓળખીશ, તો તું બીજાને જાણી શકીશ જે લોટને જાણે છે, તે રોટલી કે લોટની બીજી વસ્તુને પણ જાણી શકે છે.

....

જેને આત્માની સમજણ નથી, આત્માની શક્તિને જાણતો નથી, તે શું ગુમાવે છે તેનું પણ પોતાને ભાન નથી હોતું. હીરામાં જેવાં તેજ અને પાણી હોય છે, ત્યારે ભરવાડને તેના તેજ કે પાણીનો ખ્યાલ ન હોવાથી, પાણો માની [illegible] છે. માટે જ્ઞાનીઓ જણાવે છે, કે તું તારા આત્માને સમજ! તારી ચૈતન્ય સંપત્તિનો ખ્યાલ કર!

સંસારના બે નરકો

વિશ્વમાં બે નરકો વિદ્યમાન છે: [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] — [illegible], [illegible] [illegible] [illegible] નથી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નિર્મળતા કેમ થાય તે માટે [illegible] [illegible] [illegible] "આત્મધર્મ"

[illegible]

હરકોઈ આસ્તિક દર્શનવેત્તાઓએ આત્મા અને આત્મ-ધર્મનું સ્વરૂપ સમજાવ્યું છે. જડના સ્રૂપને જાણી, તેને મેળવી, તેના સુખની કલ્પંના કે તેના સુખનો અનુભવ જે થાય છે. તેના કરતાં આત્મા-આત્મશક્તિ-આત્મસંપત્તિ કે આત્મિક સુખ સમજાઈ જાય, તો તે સુખ કોઈ અનુપમ હશે.

જો કે આત્માનું પ્રત્યક્ષપણું અને આત્મ-ધર્મનું સ્વરૂપ સમજવું કે પ્રાપ્ત થવું. તે કોઈ સરલ અને તરત શક્ય નથી; પરંતુ તેની પાછળ યથાર્થ પ્રયત્ન હોય, સદ્‌ગુણનો સહયોગ સાંપડી જાય, જડપદાર્થ પરથી ચિત્ત ખસી જાય, તથા વાસના-તૃષ્ણા અળગી થઈ જાય અને પ્રતિદિન એકાદ ક્ષણ પોતાનું સહજ સ્વરૂપ કે સુખ કયું છે ? આવો વિચાર કરતાં ધીરે ધીરે તેની ઝાંખી થયા વિના નહિ રહે આ વાત હરકોઇને કબુલવી પડશે.

શરીર એ આત્મા નથી. આત્મા શરીરથી ભિન્ન છે. આયુષ્યનો અત આવતાં દેહનું ખોખું પડી રહે છે. અને એક અદૃશ્ય ચીજ ચાલી જાય છે જેને લોકો કહેશે કે આ મરી ગયો. શરીર રૂડુ-રૂપાળું અને ઘાટીલું હોય, પણ આપણી કિમત આત્માની પ્રવૃત્તિ કે નિવૃત્ત ઉપરથી થાય છે. બારદાન રંગ-બેરંગી અને દેખાવડું હોય, પરંતુ કિમત તો અંદરની ચીજથી અંકાય છે. જેવો માલ તેવી કિંમત ગણાય છે આત્મા માલ છે દેહ બારદાન છે.

એક જ માબાપના સાથે જન્મેલા બે પુત્રોમાંથી એક સુંદર-જ્ઞાની અને ધની હોય છે, જ્યારે બીજો બેડોળ-મૂર્ખ

અને નિર્ધન હોય છે, આવી સંસારમાં વિચિત્રતા દેખાય છે તેનું કારણ શું ? તો કહેવું પડશે, કે આત્મગત પૂર્વના યોગો–પૂર્વગત સંસ્કારો અને સામગ્રીનો કારણભૂત છે જેને લઈને આત્માને સંત–શયતાન, વિવેકી–અવિવેકી, પંડિત–મૂર્ખ આદિ વિવિધ સ્વરૂપે ઓળખાય છે.

આ રીતે દેહધારી પ્રાણીઓની જે વિવિધતા દેખાય છે તે શરીરને આધીને નહિ; પરંતુ આત્મામાં રહેલા સંસ્કાર–પ્રારબ્ધ કે કર્મના યોગે. આત્માના ગુણો કેવી સુંદર–સારા કે સદાચારી તરીકે ઓળખાયું. જ્યારે કે જે આત્મા દુર્ગણો ભર્યો હોય, ત્યારે તેટલા નઠારો–દુરાચારી તરીકે ઓળખાણીશું.

પરંતુ આજનો માનવ દેહના મોહમાં ખાન, પાન [illegible] છે. અંદરનું તત્ત્વ શું ! મારું સ્વરૂપ શું ? મારે [illegible] ક્યો ! એ જાણવાની જરૂર પણ નથી. શરીરની સગવડ ખાતર આત્માની કુરબાન થતી જાય છે. [illegible] ખાતર માતની [illegible] ગણી જાય, તેને કેવો કહેવો ?

શરીર અને આત્મા ભિન્ન છે. શરીરના ધર્મો જુદા છે. આત્માના ધર્મો [illegible] છે. [illegible] દેહના ધર્મો [illegible], તો [illegible] કહે [illegible] કે [illegible] શરીર તો એક ભિન્ન [illegible] છે, [illegible] છે ને ? આ [illegible] માં [illegible] શું જાણે ?

સંસારની જાળ.

દૈહિક પોષણ માટે કરવો પડતો પુરૂષાર્થ જરૂર કરો? પરંતુ વૃત્તિ તો એવી રાખો? કે મળે તો પણ ઠીક, ન મળે તો પણ ઠીક. જીવનમાં સાધનો વધારે તેમ વેદના વધારે. દૈહિક સાધનો ઓછા કરો? પછી જુઓ કેવો આનંદ આવે છે. સાધનોની ભુખ કયારેક સુખનું ખંજર બને છે.

એક વખત સમ્રાટ્ સિકંદરનું સૈન્ય વિજયધ્વજ ફરકાવતું તુર્કસ્તાન તરફ આવતું હતું. આ સમાચાર તુર્કસ્તાનના રાજાને કયારનાય મળી ગયા હતાં સાગર સમી સિકંદરની વિરાટ સેના આવી રહી છે, છતાં રાજાના પેટનું પાણી પણ હાલતું નથી. મંત્રીઓ રાજાને સૈન્ય લઇને લડવા જવા ઘણું સમજાવતાં હતાં, છતાં રાજા એક જ શબ્દ બોલતો, આવવા દો! સમ્રાટ્ સિકંદરને આવવા દો!

એવામાં વિજયના મદમાં ગાંડી બનેલી મહાસેના તુર્કસ્તાનની સીમાએ આવી પહોંચી. બહાવરા બનેલ મંત્રીએ કહ્યુ. જહાંપનહા? સિકંદર તો સીમાડે આવી ગયો. દુશ્મનને હટાવવા સૈન્ય સજવું પડશે. ઘેરો ચાલે એટલા સમયનું અનાજ સંઘરવું પડશે. નગરકોટ વ્યવસ્થિત કરવો પડશે તથા પ્રજાજનો પાણી વિના પરેશાન ન થાય તે વિચારવું પડશે.

આના જવાબમાં રાજાએ કહ્યું. મંત્રીવરો? હું બધુય સમજુ છું. સંપૂર્ણ ખ્યાલમાં જ છે. હું કંઈ ઉંઘતો નથી.

તમો સુખેથી સુંવાળી તળાઈમાં સુઈ રહો ? સિકંદરને આવવા દો ! એ આવશે અને સાત્યો જશે. કોઈએ કોને જરા પણ ગભરાટ નહિ, આવો શાંતિભર્યો જવાબ સાંભળી મંત્રીઓ મૌન રહ્યા.

આ બાજુ સિકંદરનું સૈન્ય શહેરના મધ્ય ભાગમાં આવી ગયું. તુર્કસ્તાનનો રાજા સિકંદરને સન્માનવા સામો ગયો. બંને સરદારો મિત્ર ભાવે મળ્યા; પરંતુ યુદ્ધની કશી વાત જ ન સંભારી. વિદાય થતાં રાજાએ સિકંદરને જમવા માટે આવવાનું આમંત્રણ આપ્યું. સિકંદરે ખુશી તે આમંત્રણ સ્વીકાર્યું.

બીજે દિવસે આખુય નગર શણગાર્યું. આલીશાન મંડપો રચાયા. વિવિધ આસનો ગોઠવાયા. સમય થતાં રાજ્યેશ્વર સમ્રાટ સિકંદરને માનપૂર્વક તેડી ગયો. કોઈ જાતનો દગો તો નથી ને ? એની પણ સાવચેતી રાખી; પરંતુ સિકંદરને દગા જેવું જરા પણ જણાયું નહિ. બંને રાજા આસને ગોઠવાઈ ગયા. રેશમી રૂમાલ ઢાંકેલી મૂલ્યવાન થાળીઓ આવી ગઈ. રાજાએ સમ્રાટ સિકંદરને ભોજન કરવા વિનંતિ કરી.

વિનંતિ થતાં રૂમાલ દૂર કીધા. [illegible] સિકંદર [illegible] જોઈ લીધું. થાળના ભાગમાં એક તરફ મોતીના ઢગ, સેનાપતિના મસ્તકમાં સોનાના મુગટ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સમાનના સુવર્ણ [illegible] [illegible] આશ્ચર્ય [illegible] [illegible].

મા તમે શું કર્યું ? આ તે ભોજન છે ? તમે શું મશ્કરી રવા બોલાવ્યો છે ?

તુર્કી નરેશે કહ્યું. કેમ ભોજનમાં કંઈ ખામી છે ? આપ જેવું ભોજન ઈચ્છો છો, તેવું જ મેં પીરસ્યું છે. આપ જેવું ભોજન જમો છો, તેવું ગ્રીસમાં બેઠે બેઠે ણુ મળે છે. તમને જે ભોજનની ભુખ લાગી છે. જે ભુખને લઇ આપ આટલા કષ્ટ વેઠી અહિં સુધી પધાર્યા છો. એ વાત ધ્યાનમાં રાખીને જ મેં આ પ્રકારનું ભોજન પીરસ્યું છે. બાકી આમાં મશ્કરીનો કોઈ આશય જ નથી.

આ સાંભળી સિકંદર શરમીંદો બની ગયો. સૈન્યનો પડાવ ઉઠાવી ગ્રીસ રવાના થઈ ગયો.

આ તો સિકંદરની વાત થઈ; પરંતુ તમને આવી જ ભુખ લાગી છે ને ? આ માટે જ આ બધા કષ્ટો સહો છો ને ? ચીમની પર મેશ વળતાં, દીપકનો પ્રકાશ નથી દેખાતો. તેમ જડની ભુખ પાછળ આત્મસુખ નથી સમજાતું. સંસારની જાળમાંથી છૂટવાને બદલે જાળમાં અટવાતો જાય છે જડથી મુક્ત થયા સિવાય મુક્તપણાનો આનંદ ક્યાંથી સમજાય !

ટુંકી દષ્ટિ.

આપણો આત્મા મુક્તાનંદમાં રહેવા તરફડીયા મારે છે, પરંતુ આપણે એને બાંધી રાખ્યો છે. ગોંધી રાખ્યો છે જડપદાર્થની દિવાલનો કેદી બનાવ્યો છે. આપણી પાસે આત્મા જેવું મૂલ્યવાન તત્વ છે, એ વાત જ ભુલાઈ ગઇ છે.

સવારે ઉઠે તે સાંજે સુવે, ત્યાં સુધી જડની જ માવજત. દેહનું પોષણ કેટલું થયું, તેનો ઘટાડો થયો કે વધારો એના જ સરવાળાને બાદબાકીમાંથી ઉંચા જ નથી આવતાં ભોગ અને સ્વાદના આનંદ સિવાય અન્ય જીવના છે ખરી?

ભોગ અને સ્વાદનો આનંદ જાનવરો પણ લઇ શકે છે. હવે ત્યાગનો અને સ્વાદ તોડવાનો, [illegible] વાસના ઉતારવાનો આનંદ કેવો હોય, તેનો અનુભવ કર્યો છે કે નહિ? શરીર સેવા પાછળ જ જો જીવન [illegible] ગયું હોય, તો પછી કુતરા-બીલાડાની દેહની સેવા કરતાં શી ઊંચી? કારણ એને પણ દેહ તો મળ્યો છે ને?

માટે જ જ્ઞાનીઓ જણાવે છે "દેહની અને દેહની સાથે જેનો સંબંધ બંધાય છે, એવી જડની પૂજા ન કર. [illegible] સમય આત્માને સમજવામાં ઠાલ!" પરંતુ [illegible] ક્યારે સમજાય, કે દેહ પૂજા ઘટે ને આત્મવિચાર વધે ત્યારે જ.

આજે તો દેહની પૂજા અને દેહદ્વારા [illegible] ભોગ અને સ્વાદની પૂજાને પોતાની માની લીધી છે [illegible] [illegible] આત્મ-ધર્મ છે, એ વાત વિસારે પડી [illegible] [illegible] [illegible] થાય, આત્માનું કલ્યાણ થાય. [illegible] [illegible] [illegible] જરૂર છે. તેને [illegible] [illegible] [illegible] [illegible] ભોગના [illegible] અને સ્વાદના [illegible] [illegible] [illegible] નથી. [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે [illegible] કરે!

માટે જ જ્ઞાનીઓ કહે છે, કે "મોટે દરિયા તાને પડિયા" મોક્ષની વાત સાંભળી આત્મા નાચવા માંડે છે, કામ અને રાગની વાત આવે છે કે તુરત દીન-રાંક અને પરવશ બની જાય છે. ત્યાં જેમ વાળવા માંગો તેમ વળી જાય છે. પરંતુ સંસારના બંધનોથી છૂટવાની તમન્ના જાગતી નથી. કારણ શુદ્ધ જીવન જીવવાનું જાય છે, શુભ સંસ્કાર કરમાઈ જાય છે, અને સુવિચાર સૂકાતા જાય છે. આ બધો પ્રતાપ કોનો? આચારની શુદ્ધિ નથી. વિચાર શુદ્ધિ નથી કે ઉચ્ચાર શુદ્ધિ નથી.

વિચાર શુદ્ધિ વિના વિવેક ન આવે. વિવેક વિના આત્મિક સુખની કલ્પના પણ જાગે નહિ. આ નશ્વરસુખના વિલય વિના વાસ્તવિક સુખ મળે નહિ. સનાતન સુખનું સ્થાન મળ્યું કે આત્મ સંતુષ્ટિનું મૂળ મળ્યું, તો ધર્મ જ છે. આત્મ-ધર્મ વિના માનવ સમાજને તારવાનો કોઈ ઉપાય નથી.

એક સુંદર ઉદ્યાન. તેમાં એક મનોહર વૃક્ષ નીચે નીચે એક તપસ્વી મુનિ ધ્યાનસ્થ બેઠા હતા. [illegible] મિત્રો ફરતાં ફરતાં ત્યાંથી નીકળ્યા. [illegible] મુનિને દેખી કંઈક પૂછવાની ઈચ્છા થઈ.

એટલામાં મુનિ ધ્યાન પાળી રહ્યા. તેમાંથી એકે વિનયપૂર્વક પ્રશ્ન પૂછ્યો. [illegible]" [illegible] સુખ [illegible] [illegible]? [illegible] મુનિએ [illegible] જેમ [illegible].

મુનિએ કહ્યું, સંસારથી અલપ્તિ બનેલા સંતો સંસાર જન્ય પૂર્વની વાતો ઉચ્ચારતાં નથી. એ છતાં તમારી ખુબ જ જીજ્ઞાસા જણાવવાથી કહું છું

પૂર્વે હું ધનાઢયનો પુત્ર હતો. મારૂં નામ હતું લક્ષ્મીદત્ત. મારી પ્રિયાનું નામ હતું સુશીલા. બાલ્ય ક્રિડા કરતો એક પુત્ર પણ હતો. ભલા! ધન યૌવનના રંગો કયાં સુધી ટકે ! લક્ષ્મી તો લાત મારતી રવાના થઈ ગઇ. માતા-પિતા તો કયારનાય મૃત્યુ પામ્યા હતા. આમ સંપત્તિ જતાં વિપત્તિ ઉભી થઇ અને જીવન આપત્તિમાં ઘેરાઈ ગયું.

પુણ્ય સિતારો ફરતાં બધુંય ફરી ગયું. ધનના ઢગલા ઉપર ઉછર્યો હોવા છતાં. એક શેઠની નોકરી સ્વીકારવી પડી. કર્મ નચાવે તેમ નાચવું પડે. એમ માનતી પત્નિ દુઃખમાં પણ અનુકૂલ રહેતી. ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થાય છતાં ન મળે ખેદ-ગ્લાની કે ઉદાસીનતા મને પણ વિપત્તિ સામે ટકવાની હિંમત આપતી. આમ અમારો ઘરસંસાર ચાલતો હતો.

એવામાં સુશીલા બીમાર પડી. દુઃખ દુઃખને તાણી લાવે છે નાનો પુત્ર, પરાધીન નોકરી, ઘરમાં માંદગી, આથી હું દિવસે દિવસે પરેશાન બનવા લાગ્યો. જ્યાં આહારના જ ફાંફાં ત્યાં દવા કે ફળાદિની આશા શી? આમ પોષક આહારના અને યોગ્ય દવાને અભાવે પત્નિ ક્ષયમાં પટકાઇ પડી.

પત્નિની બીમારી વધતી ગઈ. ચાકરી કરનાર અન્ય કોઈ ન હતું. એક દિવસ શેઠ પાસે મોટા પૈસા માગ્યા. ટૂંકો પગાર, પત્નિને ક્ષય તેથી દવા વગેરેનો ખર્ચ પૂરો થતો નથી આ સાંભળતાં જ શેઠ તો ગર્જી ઉઠયા. નોકર માંદો પડે તો [illegible], માણસ માંદુ પડે તો પગાર પેટે [illegible] ઉપર [illegible] લાચારી બતાવતાં અને થોડા પૈસા દીધા.

પત્નિ બીમારીને કારણે નોકરી જવાનું મોડું થવા લાગ્યું. જો કે શેઠને ખ્યાલ હતો, છતાં [illegible] તો [illegible], પણ [illegible] લાગી. [illegible] પણ બતાવ્યો. એક દિવસ [illegible] વધારે મોડું થયું. શેઠ [illegible] આવતાં, અને એક [illegible] લખ્યું હતું કે વારંવાર કહેવા છતાં મોડા આવનાર [illegible] તમને રજા આપવામાં આવે છે. આ વાગ્યાં [illegible] અને માથામાં ચક્કર [illegible] [illegible]! [illegible]

[illegible] પત્નિને વાત ન કરી. [illegible] નોકરી શોધવા લાગ્યો [illegible] દિવસ [illegible] છતાં નોકરી ન મળી. [illegible]

[illegible]

[illegible] શું કામ છે?

[illegible]

પાડોશીને ત્યાં અનાજનું ઠેકાણું ના હોય, ને શ્રીમતો વા નવા રંગમાં મહાલતાં હોય. એ દેશને દયા કે દાનનો શ કઈ રીતે ગણાવો? દીન કે દુઃખીની દયા પ્રગટે નહિ, યાં સુધી ધર્મ કર્યો ન કહેવાય. હું પત્નિની પથારી પાસે સી ખુબ રડયો. પત્નિએ કહ્યું, પુરુષ થઈને આખમાં માંસુ કેમ?

મેં બધી વાત જણાવી. આંસુ લુછતાં કહ્યુ, સુશીલા? હું તારા પતિ તરીખે લાયક નથી. જે પતિ પત્નિની બીમારીની દવા કે ઉપચાર ન કરી શકે, પુત્રને પ્યાલો દૂધ પણ ન આપી શકે, એવાને પતિ તરીખે સન્માનવાનું પ્રયોજન શું?

સુશીલા નામ પ્રમાણે સુશીલા જ હતી. સ્વામીનાથ? ગભરાઈ કેમ જાવ છો? આ તો અનાયાસે તપનો સંયોગ મલ્યો છે. થોડા દિવસ શોધ કરતાં નોકરી મળી જશે, પરંતુ પત્નિના આશ્વાસનથી દીલ શાંત ન થયું આખો દિવસ વિચારમાં પસાર કર્યો. રાત્રિનો સમય થયો. અર્ધી રાતે મેં નિશ્ચય કર્યો કે ગમે ત્યાંથી જરૂરીયાત પુરતી ચોરી કરી લેવી.

હું ચોર

પત્નિને જણાવ્યું, આ તારી વેદના મારાથી સહન નથી થતી માટે બહાર જઈ કંઇક લઈ આવું, સુશીલા બોલી, સ્વામીનાથ! આવી રાત્રિએ શું અને ક્યાંથી લાવશો? મે કહ્યુ, ચોરી કરીને પણ લાવીશ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

છૂપી રીતે મહેલની અંદર જવાનો માર્ગ શોધવા લાગ્યો. બીજે મજલે કમરામા દીવો બળતો હતો ત્યાંની બારી ખુલ્લી જોઈ પાછળના ભાગમાંથી બારીદ્વારા અંદર ગયો. સદ્‌ભાગ્યે તીજોરી વાળો રૂમ હતો. ઝુલા પર ચાવીનો ઝુડો પડયો હતો. મે તીજોરી ખોલી. અંદર લાખોનું ઝવેરાત ભર્યું હતું.

અંદરના હીરા-મોતીના આભૂષણો ચોરને લઇ જવાની લાલચ થાય તેવું હતું, પણ મારે કયા ચોરી કરવી હતી? મારે તો જરૂર પૂરતું જ લેવું હતું. એક સોનાની બંગડી લીધી. ધીરેથી તીજોરી બંધ કરી

અચાનક નીચે કોલાહલ થયો. શેઠાણીને તેના દિયરે જગાડી કહ્યું, ભાભી? ઘરમા ચોર પેઠો છે, તપાસ કરો? ભરનિદ્રામાંથી શેઠાણી ઉઠયાં અને કહ્યું, ઉભા રહો? હુ ઉપર તપાસ કરી આવું શેઠાણી ઉપર આવ્યા અને હું સામો મળ્યો. હાથમા સોનાની બંગડી સાથે મને જતાં જોયો હું તેમના ચરણમાં પડયો માતા? મારૂં રક્ષણ કરો? આટલુ બોલતાં આંસું ઉભારાઇ આવ્યા.

શેઠાણી શાણા–ચતુર હતાં મારી આંખમાં આસુ હતા, પણ જીભ સીવાઇ ગઇ હતી. આસુના અક્ષરોએ મારી કથની વાચી લીધી શાત ચિત્તે પૂછ્યું, ભાઇ? કોણ છો? બહુ દુઃખી દેખાવ છો? તમો આવ્યા છો ચોરી કરવા; પરંતુ તમારૂ મુખ ચોરનું નથી. ભાઇ? કહો? જે હોય તે કહો?

[illegible]

હું શ્રીમંતની પત્ની, આ ગરીબનો પતિ, છતાંય કેવો નિર્મળ પ્રેમ ! અને કયાં મારા પતિની વિલાસી વૃત્તિ ભલે ને હું હીરામોતિ પહેરીને ફરતી, પણ જે પ્રેમ ઝુપડીમાં છે તે હવેલીમાં નથી.

શેઠાણીના દિલમાં દયાનો પ્રવાહ વહી રહ્યો હતો. તેણે બાજુના પલંગ પર ચોરને સુવાડી દીધો. ઉપર કિંમતી શાલ ઓઢાડી દીધી પછી શેઠાણીએ પોતાના ઓરડાનું દ્વાર ખોલ્યું

ચોરને બહેન મળી

શેઠાણીનું હૈયું દયાથી ભીનું બન્યુ હતું. દિયરને કહ્યુ, કે અહિં કોઈ નથી દિયરે કહ્યું અરે ! ભાભી ! મેં દૂરથી દિવાલ કુદીને અંદર આવતા જોયો છે ને ? શેઠાણી બોલ્યા ! હા એ તો તમારા ભાઈ હતા. મધ્યરાત થવાથી તેમને વિચાર્યું હશે, કે આ બધાને જગાડીને હેરાન કયાં કરવા, એમ માનીને દીવાલ કુદીને આવ્યા હશે આવીને તરત ઉંઘી ગયા લાગે છે. મેં બધાય ખંડ જોઈ લીધા છે, તમે શાંતિથી ઉંઘી જાવ ! હવે કશોય ભય નથી. હું તો જાગતી બેઠી છું ભય જેવુ લાગશે. તો તમને જગાડીશ. આમ સમજાવીને શેઠાણીએ તેના દિયરને રવાના કર્યો.

કોલાહલ શાંત થયા બાદ તેને જગાડયો. અને કહ્યુ. ભાઈ ! હવે ભય નથી તમે ખુશીથી જાઓ: પરંતુ એક જ ખંગડી લઈને નહિ જવા દઉં. આ તિજોરી તમારી જ છે. ભાઈ ! જોઈયે તેટલું લઈ લો ? તમે જરા પણ હવે સંકોચ ન રાખશો ? તમારી ધર્મની બહેન છું

જેયુ ! ચોર બનીને આવ્યો, [illegible] ! કેવો [illegible] ! [illegible] [illegible] ! [illegible] ! [illegible] ! [illegible] હેવા આવ્યો હતા.

[illegible] હતું, [illegible] ! [illegible] [illegible] આમ [illegible].

[illegible]

[illegible]

હું શું કરવું અને શું ના કરવું તેમાં વિચારશૂન્ય બની ગયો. દીલ ભાંગી ગયું. હૈયું હાથ ના રહ્યું. બે ઢીચણ વચ્ચે મુખ રાખી ક્યાંય સુધી રડતો બેસી રહ્યો. આ દશામાંથી ઉઠયો, ત્યારે હાથમાથી સોનાની બંગડી નીચે પડી હતી. મારી આશાની ઇમારત ચૂરેચૂરા કરનાર બને શબો ત્યાં જ પડયા હતા. એક લાબી આહ નીકળી ગઇ. અંતે ભારે હૈયે પોડોશીનાં સહાયથી બંનેના અગ્નિસંસ્કાર કર્યાં.

બધું પતાવી મકાને આવ્યો. આજના મકાનમાં અને મસાણમાં મને ફેર ન દેખાયો. બંગડી લઇ શેઠાણી પાસે ગયો. જોતાં જ શેઠાણી બોલ્યા, ભાઈ! એટલી વારમા પાછા આવ્યા ! ભાભીને કેમ છે ? બાબાને તો સારૂ છે ને ? અરે....આ બંગડી પાછી લાવ્યા? ભાઇ શું બોલે ! બંગડી જેને માટે લઇ ગયો હતો, તે તો સદાને મ ટે ચાલ્યા ગયા. હવે બંગડીનું શુ કામ છે. આટલું બોલતા જ હું ઝુલા પર પટકાઈ પડયો.

બહેને કહ્યું, ભાઇ અહિં રહે. આ બંગલો તારો છે. તમારી સરભરા મારા માથે ના બહેન ના ? મારી સંભાળ લેવાની હવે જરૂર નથી. જે વાત હજારો કથાઓથી કે પુસ્તકોના પાનાથી નથી સમજાતી, તે એકાદ જોરદાર આઘાતના અનુભવથી સમજાય છે. મારે આત્મકલ્યાણ સાધવું છે

આમ કહીને હું બહેના ચરણમાં પડી ગયો. થોડીવાર મૌન રહી રવના થયો બહેનની આખમાં અશ્રુ વહી રહ્યા હતા. જાણે મંગલ પંથે જતા મારો અભિષેક ન કરતી હોય.

મેં કોઈ જ્ઞાની પાસે ચારિત્ર લીધું. આ રીતે મેં તમારી પાસે વૈરાગ્યનું કારણ અને મારું જીવન વાંચ્યું. આ સાંભળી મિત્રો ઘરે ગયા. આત્મા અંદરથી જાગે, તો જ આત્મા-ધર્મની પ્રાપ્તિનો વિચાર આવે.

"સવ્વે જીવા સુહસાયા" સર્વ જીવને સુખ ગમે છે. દુઃખ કોઈને ગમતું નથી. સર્પ જેવા વિષધરને મારવા દોડશો તો ભાગી જશે, કારણ મરણ પ્રિય નથી. વિષ્ટાના કીડાને ગરમી લાગશે, કે અંદર ઉતરી જશે, આમ કોઈને જરા પણ દુઃખ ઇષ્ટ નથી. જો આપણને દુઃખ ઇષ્ટ નથી, તો અન્યને પણ તે ઇષ્ટ નથી. એમ સમજીને બીજાને દુઃખ દેવાનો અધિકાર આપણને નથી.

જીવન સૌને સારું અને મરણ નરસું. [illegible] બીજું એક [illegible] કહું. ક્વીનાઈનની ગોળી ગળવી હોય, તો બીજા હાથમાં પાણી રાખો છો. ગોળી લીધા બાદ [illegible] તો છો: કારણ કડવું ભાવતું નથી. તો [illegible] કેમ?

[illegible] આરામ ખાધા બાદ [illegible] લાગી જાય, તો પેલાની આંખ મીંચાઈ જાય છે. તેમ આપણી આંખ અપૂર્વ સુંદર હોય, [illegible] કરી બનાવનાર હોય, તો [illegible] આપણી [illegible] અનુભવ [illegible] [illegible]. [illegible] [illegible] તો જ [illegible]

'ખાદી સપ્તાહ' 'વિનય સપ્તાહ,' 'શ્રમ સપ્તાહ' જેવાં લૌકિક પર્વો ઉજવાય છે.

પરંતુ આ પર્વો આત્મશુદ્ધિ માટે ઉપયોગી નથી. આ માટે લોકોત્તર પર્વો જ પ્રેરક બને છે. એટલાં જ માટે હિંદુઓમાં શ્રાવણ માસ કે પુરૂષોત્તમ માસ. મુસ્લિમોમાં રમઝાન, અને ખ્રિસ્તીઓમાં નાતલ જેવાં લોકોત્તર પર્વ યોજાયાં છે. આ પર્વોમાં કોઈ માણસ ખરાબ કાર્ય કરવા નથી ઇચ્છતો

એવું જ લોકોત્તર પર્વ પર્યુષણાપર્વ છે. એનો એક દિવસ આત્મનિરીક્ષણ ભણી દોરે છે. એટલે જ આજના પર્યુષણા પર્વના પ્રથમ જ દિવસે આપણે આત્મ નિરીક્ષણનો સંકલ્પ કરીએ.

દિવાળીમાં માનવી નફા-તોટાનો હિસાબ કાઢે છે. તેમ આ દિવસો ગયા વર્ષથી આ વર્ષ દરમ્યાન ધર્મધન કેટલું મેળવ્યું કે ગુમાવ્યું, તેનો હિસાબ કાઢવાનું સૂચવે છે. એ રીતે આ પર્વ આત્માની દિવાળી જેવું છે.

પ્રત્યેક જીવે રોજના પાપનું રોજ પ્રાયશ્ચિત કરી આત્મશુદ્ધ બનવું જોઈએ; પરંતુ તે ન બને તો પંદર દિવસે એક વખત માટે પાક્ષિક પ્રતિક્રમણની યોજના કરાઇ. તે ન કરનાર માટે ચાતુર્માસિક પ્રતિક્રમણ યોજાયું. અને તેમાંથી પણ ચૂકી જનાર માટે આ સાંવત્સરિક પ્રતિક્રમણનું મહાપર્વ પર્યુષણા પર્વ યોજાયું છે.

એટલે આ પર્વ આત્મશુદ્ધિનું મહાપર્વ છે દિવાળી આવે ને માણસો વાસણને સ્વચ્છ કરે ઘરને વાળીચોળી

શુદ્ધ બનાવે, જેમ પાણી કપડાને શુદ્ધ કરે, તેમ આ પર્વ આત્માના
તનને મનને અને વચનને શુદ્ધ કરનારું પર્વ છે.

વસ્તુ જો શુદ્ધ ન હોય તો તેનો ઉપયોગ કે ઉપભોગમાં
ત્યાં કે ઉલ્લાસ નથી આવતો, જેમ જીવન શુદ્ધિ વગર
માર્ગમાં આનંદ કે પ્રગતિ ન આવે. આમ આત્મશુદ્ધિના
અવસરો જીવનમાં વારે વારે નથી આવતા. પર્યુષણ જ
એવો અવસર છે [illegible] ઉપયોગ કરી આત્મશુદ્ધ બને છે.

આપણે પણ જીવન આત્મશુદ્ધિ [illegible]
[illegible]
[illegible] બનીએ.

આત્મશુદ્ધિના [illegible].

[illegible]
[illegible]
[illegible]

[illegible]

નથી, તો શું ગુણોની સુવાસ વિનાનો માનવી પરમાત્માને ચરણે અડવા યોગ્ય છે ખરો ?

ખરેખર ! આપણે બહારના દેખાવમાં જ અટવાઇ ગયા છીએ. બાહ્યડોળનો આગ્રહ એ તો ધર્મની દુકાનદારી છે. ધર્મ મત-પંથ કે સંપ્રદાય કે બાહ્યાડંબરમાં નથી. એને તો સૌ કોઈ મન ફાવે તેમ સિદ્ધ કરી શકે છે.

પરંતુ સાથે સાથે ધર્મ એ મનની માની લેવાની ચીજ નથી. પણ પાલન કરવાની ચીજ છે, એટલું સમજવું જોઇએ. ધર્મ પોતાના મનને વિરાટ ગુણોથી વિકસિત કરવા માટે છે. ધર્મ વડે જ જીવનને મૈત્રી-પ્રેમ, સચ્ચાઈ ઉદારતા અને આનંદના ભાવોથી સુગંધીત બનાવવાનું છે.

પૂજા-તપ-જપ કે વ્રત એ બધાં તો ધર્મપાલનના સાધનો છે, પરંતુ આપણે તો એને જ ધર્મ માનતા આવ્યા છીએ. ખરી રીતે આ બધાનો ધર્મ સાથે સબંધ એટલો જ છે, કે જ્યાં સુધી એ મનને શુદ્ધ કરે, મન પર જે ઉલટા સસ્કાર છવાઈ ગયા છે, તેનાથી દૂર થવું અને આત્માનું સાચું સ્વરૂપ વિકસાવી આત્મ-શકિત કેળવવી એ જ સાચો ધર્મ છે.

જો પૂજાદિ ક્રિયાઓથી ધર્મ ખરીદવા માંગતા હો તો એ એક ભુલ છે. એથી તો આપણી જાતને જ છેતરીયે છીએ જે વ્રત-તપ કે જપથી સંસ્કાર ઘડાતાં નથી, તે બધા અધૂરા છે જેમાં ચૈતન્ય કે ગતિ નથી હોતી એ મૂર્છા છે. ગતિનું નામ જ જીવન છે. આગળ વધવું, ઉન્નતિ

કરવી. તેમજ નૈતિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં વિકાસ સાધતાં રહેવું એ જ જીવનનું ચણતર છે.

